ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 06 Date : 01-12-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૨) |
| સુનીતા નારાયણ, અનુ. ડંકેશ ઓઝા | ૦૫ | નવસ્થાનિકોનો ઉદય - ૧ |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૮ | ગાંધીજી અને શ્રી અરવિંદના વિકાસવાદી વિચાર (૩) |
| રમેશ દવે | ૦૯ | લક્ષ્મણભાઈએ કેળવી સાચી સમજ! |
| હિદાયત પરમાર | ૧૨ | વિશેષ સઘન સુધાર (એસઆઈઆર) : લોકશાહીમાં તમારો અધિકાર અને જવાબદારી...! |
| સંજય સ્વાતિ ભાવે | ૧૫ | સ્ક્રેપયાર્ડ – ધિ થીએટરની દસમી વર્ષગાંઠની ઉજવણી |
| ભદ્રા-વિક્રમ સવાઈ | ૧૬ | પુસ્તક પરિચય : સ્વરમયી |
| મનોજ જે. પટેલ | ૧૭ | વિકલાંગો નિરાશા ત્યજીને સફળતા માટે પ્રયાસ કરે |
| સાભાર : આપણું સ્વાસ્થ્ય | ૧૮ | ઊંઘ અને ઈમ્યુનિટી |
| પ્રવીણ સુથાર | ૨૦ | ગામડું બોલે છે |
| અશ્વિનકુમાર કારીઆ | ૨૨ | દેશમાં જાગતિક વ્યવસ્થાનો પડઘો |
| પ્રફુલ્લ રાવલ | ૨૩ | સાહિત્ય સંપર્ક |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સડી ગયેલાં મૂળ |


(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.73 Issue No.06 1946 Date : 01-12-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૨)

❍ વિનોબા ❍

## ચૈતન્ય (૨) - અકર્તાપણું

ગીતા સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવતી વખતે કહે છે કે જેવી રીતે નિત્ય ભરાતો રહેવા છતાં પણ સમુદ્ર પોતાની મર્યાદા વળોટતો નથી, અને પાણીને પોતાની અંદર સમાવી લે છે, તેવી રીતે જેમાં બધા પ્રકારના ભોગો સમાઈ જાય છે, તે શાંતિ મેળવે છે, ભોગમાં આસક્ત રહેનાર નહીં. આપણી ઇંદ્રિયો બહિર્મુખી છે. વિષયો પણ બહાર રહેલા છે. એ વિષયોનો પ્રવેશ જ્યારે ઇંદ્રિયોમાં થાય છે, ત્યારે એમના વિષયરૂપને મિટાવી દઈને, તેને આત્માનું રૂપ આપવું એટલે કે વિષયજ્ઞાનને આત્મજ્ઞાનનું રૂપ આપવું. જેમ કે આપણને બહારથી કંઈ પણ સંભળાય છે, હવે તે ભલે ગમે તેવું હોય, તે ચૈતન્યનું જ રૂપ છે, તેમ સમજવું. કોઈ ભલે ને ગમે તે વ્યર્થ બકવાસ કરતું હોય તો પણ આપણે એ સમજવું જોઈએ કે જો ચૈતન્ય ન હોત તો તે બોલી જ ન શકત.

આપણા કાનમાં જે કાંઈ પણ ધ્વનિ પ્રવેશે છે, તે ચૈતન્યનો ધ્વનિ છે, એવી જ રીતે આપણને બહાર જે કાંઈ રૂપ જોવા મળે છે, તે ભલે ગમે તેવું કેમ ન હોય, તે આત્મચૈતન્યનું જ રૂપ છે. આપણી જિહ્વાને જે કાંઈ રસ મળે છે, તે પણ ચૈતન્યનો જ રસ છે. જેમ સુવર્ણના ટુકડાનો આકાર ભલે ને ગમે તેવો હોય, ગોળાકાર હોય કે વાંકોચૂંકો હોય, એને સુવર્ણના રૂપમાં જ ઓળખવું - સમજવું જોઈએ. આપણી આંખોની સામે જે કાંઈ પણ છે, તે આત્માનું જ રૂપ છે. આપણે સમજવું કે ક્રોધી માણસનો ક્રોધ, પ્રેમી મનુષ્યનો પ્રેમ, દુઃખી માણસનો આક્રંદ, આનંદી વ્યક્તિનો હર્ષ, આળસુ માણસની ઊંઘ તરફની પ્રીતિ, ઉદ્યોગી વ્યક્તિનું કર્મસ્ફુરણ - આ બધું એક જ ચૈતન્યશક્તિની વિવિધ ક્રીડાઓ છે. અને આ બધા પરસ્પર વિરોધી ભાવોના મૂળમાં બસ એક જ ચૈતન્ય તત્ત્વ વિદ્યમાન છે.

ભગવદ્‌ગીતા કહે છે કે અધિભૂત એટલે કે જડ-સૃષ્ટિમાંથી અધિદૈવ અર્થાત્ જીવ પેદા થાય છે. અહીં પ્રશ્ન એ થાય કે જડમાંથી ચેતન કેવી રીતે પેદા થાય. પરંતુ ચેતનતત્ત્વ જન્મ લેતું નથી, તે તો અવ્યક્ત જ છે. આપણે બાહ્ય હલચલને ચેતન માની લઈએ છીએ. આપણે ઉપર-ઉપરનાં પાસાઓને જોતા હોઈએ છીએ. આત્મતત્ત્વ એ પ્રકારનું ચેતન નથી, તે તત્ત્વ તો અવ્યક્ત જ રહે છે. બલ્કે અધિદૈવમાં જેટલું ચેતન તત્ત્વ છે, એટલું જ અધિભૂતમાં પણ છે. એ બંનેમાં ભેદ માત્ર એટલો જ છે કે અધિદૈવમાં અહંકાર છે. હવે આ અહંકારની ગણતરી જડમાં થશે કે ચૈતન્યમાં ? આમ જોવા જઈએ તો અહંકાર એ પ્રકૃતિનો અંશ છે, ચૈતન્યનો નથી. આમ આપણને બાહ્ય ક્રિયાઓથી ચેતનાનો કેવળ આભાસ થાય છે. આ બધા બાહ્ય વિષયો અને વાસનાઓ જડ સૃષ્ટિના અંશ છે. જ્યારે ચૈતન્ય તત્ત્વ તો આ બધી વાસનાઓથી પર રહેલું તત્ત્વ છે.

આપણે વિજ્ઞાન અને બ્રહ્મવાદ (વેદાંત)નું અંતર સમજીએ. વિજ્ઞાન એ સૃષ્ટિને જડ માને છે જ્યારે બ્રહ્મવાદ સૃષ્ટિને ચેતન માને છે. વેદાંત એકદમ નિશ્ચયપૂર્વક આ વિશ્વને બ્રહ્મમય માને છે. આ વિશ્વની અંદર ચૈતન્ય છે કે નહીં, તે બાબતે વિજ્ઞાન કહે છે કે હજુ અમે આ નિર્ણય પર પહોંચ્યા નથી. વૈજ્ઞાનિક ઓપન માઇંડ - ખુલ્લું ચિત્ત ધરાવે છે. આજ સુધી વિજ્ઞાનનો એક નિર્ણય આવી ગયેલો કે 'મેટર' જડ છે. એમાં જે કંઈ હલચલ પેદા થાય છે તો તે ચૈતન્યનો આભાસ માત્ર જ છે. પરંતુ હવે આ બાબતે વિજ્ઞાન પોતાનો સંશય રજૂ કરી રહ્યું છે કે કદાચ આ વિશ્વ ચેતન પણ હોઈ શકે. એટલા માટે હવે સાયન્ટિફિક મટીરિયલિઝમ (શાસ્ત્રીય ઐહિકવાદ / ભૌતિકવાદ) સંશયવાદી બન્યું છે, જે પહેલાં જડવાદી હતું. પણ ભવિષ્યમાં વિજ્ઞાન જો એમ કહેશે કે વિશ્વનું સ્વરૂપ તો ચેતનમય છે તો તે 'બ્રહ્મવાદ' હશે. શાંકરભાષ્યમાં લખ્યું છે કે જે જડ દેખાય છે, તે સુસ્ત ચેતન છે. હવે જો આ નિર્ણય થઈ જાય કે આ આખું વિશ્વ ચૈતન્યમય છે, તો વિજ્ઞાન કહેશે કે જે જડ દેખાય છે, તે ચૈતન્યલોપ - સુપ્ત ચૈતન્ય છે.

સિખ લોકોનો ધર્મગ્રંથ જપુજી છે. એનો મૂળ મંત્ર આ કહે છે કે - एक ओंकार सतिनामु करता पुरखु । - એટલે કે પરમાત્મા ઓંકાર સ્વરૂપ છે, અને તેનું નામ સત્ છે. करता पुरखु એટલે કે તે વિશ્વનો કર્તા છે અને સાથે સાથે તે ચેતન (पुरखु) છે. અર્થાત્ તે કર્તા છે, ચૈતન્યરૂપ પુરુષ છે. જો 'पुरखु' એવું ન કહેવામાં આવ્યું હોત તો પ્રકૃતિ પણ કર્તા હોઈ શકત. પરંતુ અહીં 'पुरखु' કહીને પરમેશ્વરને સ્વતંત્ર કીમત આપવામાં આવી છે. જો દુનિયા જડ છે, તો પણ જડનો કર્તા તો ચેતન છે અને દુનિયા જો ચેતનરૂપ સાબિત થઈ જાય, તો પણ કર્તા તો ચેતન જ છે.

'आनंदाचे डोही आनंदतरंग - આનંદ સરોવરમાં આનંદની લહેરો - મારી આવી સ્થિતિ છે. જેવી રીતે ચૈતન્યનો વિલાસ. સાંખ્ય-

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શાસ્ત્રકાર કહે છે, તેવી રીતે તે એક જ રીતે પ્રકટી રહ્યો છે, એવું નથી. તે અનેક રીતે પ્રકટ થાય છે. આ સૃષ્ટિમાં જે વિવિધતા જોવા મળે છે, તે ભેદ નથી. તે તો સૌંદર્ય છે. જેવી રીતે સમુદ્ર તો એકનો એક છે, પરંતુ તેમાં પ્રત્યેક પળે નવી નવી લહેરો આવે છે - જાય છે. એવી જ રીતે ચૈતન્ય સમુદ્રમાં જે મોજાંઓ ઊછળ્યા કરે છે, તે વિવિધતા - જુદા જુદા પ્રકાર - છે.

તુલસીદાસજી કહે છે - यह चिद् - विलास जग । बूझत बूझत बुसै । - ચિદ્‌વિલાસ એટલે ચૈતન્યનો વિલાસ છે. જે જગમાં પરમાત્મા ભરેલો છે. આ વસ્તુને માણસ એકદમ તો નહીં સમજી શકે. પણ ધીરે ધીરે સમજશે કે માણસ પર અનેક જન્મોના સંસ્કાર હોય છે તો ચિત્તશુદ્ધિ પણ એકદમ થતી નથી. જેમ જેમ એક ડગલું આગળ વધતા જઈશું તેમ તેમ તે વસ્તુ સમજાતી જશે.

જ્ઞાનદેવ કહે છે, आनंदा आनंद प्रबोधा प्रबोध - આપણો આત્મા એ આનંદનો આનંદ અને ચૈતન્યનો ચૈતન્ય છે. चित् અને आनंद - આ આત્મસ્વરૂપ-દર્શનના શબ્દો છે.

અસમના સંત માધવદેવ કહે છે - ચૈતન્યરૂપી આદિત્ય હૃદયરૂપી આકાશમાં હંમેશા પ્રકાશિત રહે છે. બહારના આદિત્યનો તો ઉદય-અસ્ત થયા કરે છે પણ આ ચૈતન્યરૂપી આદિત્યનો ઉદય-અસ્ત ક્યારેય થતો નથી. એક વાર અજ્ઞાનરૂપી અંધકાર લુપ્ત થઈ ગયા પછી ચૈતન્યરૂપી પરમાત્માનો ક્યારેય લોપ થતો નથી.

હું શરીર નથી, ઇંદ્રિયો નથી, મન-બુદ્ધિ નથી, કેવળ પરિશુદ્ધ આત્મા છું. આપણે આ દેહથી પર જે દિવ્ય, સુંદર, પરિશુદ્ધ આત્મસ્વરૂપ છે, તેનું ધ્યાન કરતા રહીએ. એ ધ્યાનમાં આપણું ચિત્ત આત્મરસથી સંપન્ન થઈ જાય છે ત્યારે પછી તો ચિત્ત જ ગાયબ થઈ જાય છે અને ચૈતન્ય પ્રગટ થાય છે.

* *

અક્ષરપૂજક મનુષ્ય વાસ્તવમાં ગ્રંથ શત્રુ છે. આપણે ચૈતન્ય છીએ, શબ્દ તો જડ છે. ચૈતન્ય તત્ત્વએ જડને વશ ન થવું જોઈએ. એની મદદ જરૂર લેવી જોઈએ.

* *

ઉત્સાહ એ ચૈતન્યનો સ્વભાવ છે. ઊર્મિ એ ચિત્તનો સ્વભાવ છે. ઊર્મિ ન હોવી અને ઉત્સાહ હોવો તે એક યોગ છે.

* *

ચૈતન્યનું સ્વરૂપ ગુણરૂપમાં પ્રગટ થાય છે. જે દોષ છે, તે શરીરના છે. ગુણ ભલે ને ગમે તેટલો નાનકડો કેમ ન હોય, ચૈતન્ય છે.

* *

માણસની આંખોમાં હજારો ભાવ પ્રગટ થતા હોય છે. એ બધા જ એક આત્મામાંથી નીકળે છે. એટલા માટે જ આપણા શાસ્ત્રકારો આંખોના એ રૂપને, અથવા अक्षि-पुरुषને ચૈતન્યનું ચિહ્ન જ માને છે.

## અકર્તા

તટસ્થ બુદ્ધિથી વિચારતાં એટલું સ્પષ્ટ સમજાય છે કે આપણી ભૂમિ પર આત્માનું જેટલું સૂક્ષ્મ ચિંતન થયું છે, એટલું અન્યત્ર બીજે ક્યાંય થયું નથી. આત્માનું અકર્તૃત્વ - આ એક શિરોમણિ સિદ્ધાંત એ હિંદુધર્મની મુખ્ય શોધનો વિષય છે. આપણા સંપૂર્ણ ઇતિહાસમાં જોતાં, હિંદુધર્મની શક્તિ એના પ્રયોગ કરવામાં અર્થાત્ તપશ્ચર્યા દ્વારા એની અનુભૂતિ મેળવવામાં વપરાઈ છે. અને એમાંથી આપણને અહિંસા, અનાક્રમણશીલતા, સાર્વભૌમ અવિરોધ - આવા પ્રમેય જોવા મળ્યા છે.

આત્માનું અકર્તાપણું એ તો ગીતાનું મુખ્ય ધ્રુવપદ છે. ગીતા વારેવારે કહે છે કે ‘આત્મા એ અકર્તા છે’ પરંતુ મનુષ્ય અહંકારને કારણે માની બેસે છે કે ‘હું કર્તા છું.’ ગીતાનો તો મૂળ સિદ્ધાંત છે કે આત્મા કોઈ પણ ક્રિયાથી અસ્પૃષ્ટ છે. (અસ્પૃષ્ટ એટલે જેને કોઈ સ્પર્શ થયો નથી તે) ગીતા કહે છે કે, आत्मा न हन्ति, न छातयति, न हन्यते - આત્મા ન તો મરે છે, ન કોઈને મરાવી શકે છે, ન તો માર્યો જાય છે. પાણિનિએ ક્રિયાના ત્રણ પ્રયોગ કહ્યા છે - કર્તૃ, કર્મણિ અને પ્રેરક. આત્મા છે તે કોઈ પણ પ્રકારની ક્રિયાનો ન તો કર્તા છે, ન કર્મ છે અને ન તો પ્રેરક છે. આ ત્રણેય દ્વારા ક્રિયા સાથે સંબંધ આવે છે. તો આપણે કહી શકીએ કે આત્માનો ક્રિયા સાથે કોઈ સંબંધ છે જ નહીં. આપણે કોઈ ચીજ કરતા નથી, આપણે ન તો કોઈ ક્રિયાના કર્મ બનીએ છીએ, અને ન તો કોઈની દ્વારા કરાવીએ છીએ. આત્મા કશું જ કરતો નથી અર્થાત્ આત્મા બાબતમાં કર્તરિ પ્રયોગ થતો નથી. આત્મા કોઈનું પણ કર્મ બની શકતો નથી એટલે કે તેના વિષયમાં કર્મણિ પ્રયોગ પણ થતો નથી. એટલે કે

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૨) |
| સુનીતા નારાયણ | ૫ | નવ-સ્થાનિકોનો ઉદય-૧ |
| ડૉ.અનુરાધા પ્રસાદ | ૮ | ગાંધીજી અને શ્રી અરવિંદના વિકાસવાદી વિચાર(૩) |
| રમેશ દવે | ૯ | લક્ષ્મણભાઈએ કેળવી સાચી સમજ ! |
| હિદાયત પરમાર | ૧૨ | વિશેષ સઘન સુધાર (SIR) લોકશાહીમાં તમારો અધિકાર અને જવાબદારી... ! |
| સંજય સ્વાતિ ભાવે | ૧૫ | Scrap Yard - The Theatreની દસમી વર્ષગાંઠની ઊજવણી |
| ભદ્રા-વિક્રમ સવાઈ | ૧૬ | સ્વરમયી |
| મનોજ પટેલ | ૧૭ | નિરાશા ત્યજીને વિકલાંગો... |
| સાભાર :આપણું સ્વાસ્થ્ય | ૧૮ | ઊંઘ અને ઇમ્યુનીટી |
| પ્રવીણ સુથાર | ૨૦ | ગામડું બોલે છે |
| અશ્વિન કારીઆ | ૨૨ | દેશમાં જાગતિક વ્યવસ્થાનો પડઘો |
| પ્રફુલ્લ રાવળ | ૨૩ | સાહિત્ય સંપર્ક |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સડી ગયેલાં મૂળ |





YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

આત્મા કર્તા પણ નથી અને કર્મ પણ નથી, તે તો કર્મ-સંપર્કરહિત છે.

અક્રિયાવસ્થા અર્થાત્ આત્માને અકર્તાવસ્થા કેવી રીતે મળે ? આપણે જે પણ કંઈ કર્મ કરીએ છીએ, એનું કર્તૃત્વ આપણા માથે ન લઈ લેવાનો અભ્યાસ પાડવો જોઈશે. એટલા માટે એવું મનન કરતા રહેવું કે 'હું તો નિમિત્તમાત્ર છું, કર્મનું કર્તૃત્વ મારા પર નથી.' સૌથી પહેલાં અત્યંત વિનમ્રતાથી આ અકર્તૃત્વવાદી ભૂમિકાને સ્વીકારો. પરંતુ આટલું કરવા માત્રથી સંપૂર્ણ કર્તૃત્વ જતું રહેશે, એવું નથી. ધીરે ધીરે આ ભાવનાનો વિકાસ થતો જશે. સૌથી પહેલાં તો આવો અનુભવ આવવા દો કે હું તો એકદમ તુચ્છ છું, એના હાથની કઠપૂતળી છું, એ મને નચાવે છે. પછી તમે એવું માનવાનો પ્રયત્ન કરો કે આ જે પણ કંઈ કરવામાં આવે છે, તે શરીરજાત છે. મારો એમાં સ્પર્શ સુધ્ધાં નથી. આ બધી ક્રિયાઓ થઈ રહી છે તે શબની છે. જ્યારે 'હું શબ નથી, હું તો શિવ છું' - આવી ભાવના નિરંતર કરતા રહો. દેહના લેપથી લેશમાત્ર પણ લિપ્ત ન રહો. આટલું થઈ ગયા પછી જાણે શરીર સાથે કોઈ સંબંધ જ નથી - આવી જ્ઞાનાવસ્થા પ્રાપ્ત થઈ જશે.

આત્મા અકર્તા છે, માટે જો શરીરથી પણ કર્મ છોડી દેશો તો તમોગુણમાં ફસાઈ જશો અને એનાથી વિપરીત જો કર્મ કરવા લાગશો તો રજોગુણમાં જઈ પડશો - અહીં બેવડો પેચ છે. એટલા માટે ગીતાએ એક યુક્તિ બતાવી છે. કર્તૃત્વ જે જગ્યાએ જોર મારતું હોય, તેને તોડી નાંખો. કર્તૃત્વ સામાન્ય રીતે ફળ મેળવવા બાબતે જોર કરતું હોય છે. માટે 'મેં કામ કર્યું છે એટલે હું વેતન મેળવવાનો અધિકારી છું.' - આ રીતે ફળ બાબતે કર્તૃત્વ જોર કરે છે. એટલા માટે ફળનો અધિકાર છોડી દેવાનો અર્થ થાય છે કે કર્તાપણું છોડી દેવું. ફલાશાને તોડી નાખવી, પછી માણસનું કર્તૃત્વવિષયક અભિમાન જતું રહેશે. ગીતા કહે છે, ''તેં આત્માના અકર્તાપણાને માની લીધું છે તો જ્યારે કર્મ જ તારું નથી, તો પછી ફળ ક્યાંથી આવશે ?'' હું દેહથી ભિન્ન એવો અકર્તા છું - આ પ્રકારનો અભ્યાસ કર્મ છોડી દેવાથી નહીં થઈ શકે. પરંતુ ફળને છોડી દેવાથી જ થશે. આમ, આત્માના અકર્તાપણાની અનુભૂતિની શરૂઆત કર્મચ્છેદનથી નહીં, પણ ફળચ્છેદનથી થાય છે.

સ્વધર્મરૂપી કર્મનું આચરણ કરવું અને ફળને છોડી દેવું - આ પોતાને અકર્તા અનુભવવાનો આરંભ છે. સામાન્ય રીતે એવું થાય છે કે માણસ જે સમયે કર્મ કરે છે, એ સમયે તે એ કર્મમાં એટલો બધો તલ્લીન થઈ જાય છે, કે પોતાની જાતને પણ ભૂલી જાય છે અને ત્યારે એને પોતાના કર્તાપણા હોવાનો ભાસ પણ થતો નથી. પરંતુ જેવું કર્મ પૂરું થયું, કે તેની નજર તે કર્મના ફળ પર પડે છે. કર્મ સમાપ્ત થતાં જ ફળની તરફ ધ્યાન ગયું ને કર્તાપણાના સાવજે એને દબોચ્યો. એ જ સમયે એની પર પ્રહાર કરવો જોઈએ. કર્તાપણાની સાથોસાથ ભોક્તાપણું પણ આવે છે. આ કાર્ય મેં કર્યું એટલે એનું ફળ પણ હું ભોગવીશ, આ સ્વાભાવિક ભાવના રહેલી જોવા મળે છે. એટલા માટે જ્યાં પણ કર્મફળ ભોગવવાનો પ્રસંગ આવે ત્યાં એનો ત્યાગ કરી દેવો જોઈએ. મને જે ફળ મળશે તે હું કોઈ બીજી વ્યક્તિને, સમાજને અથવા ભગવાનને અર્પણ કરી દઈશ; હું ખુદ એને લઈશ નહીં - આવો દૃઢ નિશ્ચય થઈ જવો જોઈએ. આમ કરવાથી કર્તૃત્વના મોહની સાથે તે લડે છે. આ કર્તૃત્વનો જે મોહ છે એ જ મહાશક્તિશાળી શત્રુ છે.

કર્મ કરવાનું છે અને એનું ફળ નથી ભોગવવાનું, આવી ભાવના રાખવાથી મનુષ્યમાં ફળત્યાગનું પણ અભિમાન આવી જાય છે. માણસને અભિમાન થાય કે મેં તો આટલો ફળત્યાગ કર્યો. દાન કરનારને દાન આપ્યાનું અભિમાન આવી જાય છે. પરંતુ સમજવાનું એ છે કે દાન એ પણ કર્મ જ તો છે. ભલે ને તે ગમે તેટલું મહાન કેમ ન હોય. આ રીતે ફળત્યાગનું પણ ભાન થાય તો તેના પર કર્તૃત્વનો આરોપ આવી જ જાય છે. માટે ગીતા કહે છે - मा कर्मफलहेतुर्भूः કર્મફળમાં પણ તારો હેતુ ન રહે. જ્યાં કર્મનો અંત થાય છે ત્યાં ફલ પેદા થાય જ છે. ગીતા આપણને ફળના આ હેતુને જ છોડવાની વાત કહે છે. વળી આનો અર્થ આવો પણ ન કરવો કે આપણે ફળ-નિષ્પત્તિ બાબતે બેપરવા રહીએ. કર્મ જો અનુબંધપૂર્વક, પ્રયોજન સાથે કરવામાં આવે તો બાહ્ય ફળ તો મળશે જ મળશે. પરંતુ એનો હેતુ અર્થાત્ ઉદ્દેશ્ય કેવળ એટલો સીમિત ન હોવો જોઈએ. કર્મનો હેતુ કેવળ ચિત્તશુદ્ધિ હોવો જોઈએ. ત્યાગનો અહંકાર દૂર કરવા માટે કર્મનો હેતુ જ બદલી નાખવો જોઈએ. કેવળ ચિત્તશુદ્ધિ માટે જ કર્મ કરવાં જોઈએ. આપણા ચિત્ત પર ગંદકી હોવાને લીધે આપણને આત્માનું સ્વચ્છ દર્શન થતું નથી. ચિત્તશુદ્ધિ થવાથી આત્માનું સ્વચ્છ દર્શન થાય છે અને આત્માના અકર્તૃત્વનું ભાન થાય છે.

કર્મનો આત્મા સાથે લગીરેય સંબંધ નથી. તો પછી કર્મ કોના દ્વારા કરવામાં આવે છે, તે બાબતનો નિર્ણય કરતા ગીતા અનાત્મરૂપ પાંચ ઘટકોની વાત કરે છે -

'अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम्
विविधाश्च पृथक् चेष्टा दैवं चेवात्र पंचमम्'

(ગીતા 18:14)

અહીં પાંચ વાતો કહેવાઈ છે - (૧) અધિષ્ઠાન, (૨) કર્તા (અહંકાર) (૩) કરણ (સાધન) (૪) ચેષ્ટા (ક્રિયા) (૫) દૈવ.

(૧) અધિષ્ઠાન એટલે કે સ્થાન હોવું જોઈએ. કેમ કે સ્થાન વગર કોઈ કાર્ય થઈ ન શકે. પોતાની દૃષ્ટિથી શરીર એ સ્થાન છે. બાહ્ય દૃષ્ટિએ કોઈ પણ સ્થાનવિશેષ હોઈ શકે. અધિષ્ઠાન એટલે કે આધારરૂપ, આશ્રયરૂપ ભૂમિ. જો અધિષ્ઠાન નહીં હોય તો આપણે ક્યાં બેસીશું ?

(૨) જે કર્તા છે તે ક્રિયાના મૂળમાં હોય છે. જે કર્મનો બોજો ઉઠાવે છે, તે કર્તા છે. અહંકાર વગર કર્મ થઈ જ ન શકે. અહંકારનો અહીં અર્થ થાય છે ''દેહધારણ વિષયક અભિમાન.'' અહીં અભિમાન અર્થાત્ ગર્વ નથી. ગર્વ એ દોષ છે. અહીં જે અભિમાનની વાત છે, તે જતું રહે તો શરીર પડી જશે. અહીં જે અહં છે તે શરીરને સાચવવા માટે જવાબદાર છે. શરીર જ્યાં સુધી છે ત્યાં સુધી તેનું રહેવું જરૂરી છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

(૩) કરણ અર્થાત્ વિવિધ પ્રકારનાં સાધન. મુખ્ય સાધન, એટલે જે કરાવનારની મદદમાં ઉપયોગી થાય તે. આવાં ઘણા પ્રકારનાં સાધનો ભેગાં કરવાં પડે છે. આપણા શરીરમાં ચક્ષુ વગેરે ઇંદ્રિયો છે તે આવાં જ ઓજારો અર્થાત્ મુખ્ય સાધન છે.

(૪) ચેષ્ટા અર્થાત્ અનેક પ્રકારની ક્રિયાઓ, ક્રિયાસાધક હલચલ કરવી પડે છે. શરીરમાં પ્રાણ-અપાન વગેરે હલચલો.

(૫) દૈવ - સૃષ્ટિની શક્તિ. સૃષ્ટિના દેવતા અર્થાત્ એવી ઘણી વાતો છે જે આપણા નિયંત્રણ હેઠળ નથી. દૈવ એ આપણા હાથની વાત નથી. આપણા હાથમાં ચાર શક્તિ રહેલી છે. એમાં પુરુષાર્થ કરીએ. પાંચમી શક્તિ 'દૈવ'ને હાથમાં લેવા માટે જે અનેકવિધ પ્રયત્ન થાય છે, તે અજ્ઞાન છે.

આમ ઉપરોક્ત પાંચ કારણો મળીને કાર્ય થાય છે. આ બધામાં આપણે ક્યાં છીએ ? ક્યાંય પણ નહીં. અર્થાત્ કર્મમાત્રનો આત્મા સાથે કોઈ સંબંધ આવતો નથી. આ પાંચ કારણોને કર્મનો મૂળાધાર માનવો પડે છે. આમાં અધિષ્ઠાન એટલે કે આધારરૂપ ભૂમિ (લેન્ડ), અહંકાર છે મેનેજમેન્ટ, વિવિધ સાધનો એટલે કે મૂડી, અનેક પ્રકારની ક્રિયાઓ અર્થાત્ મજૂર અને દૈવ અર્થાત્ ઇન્શ્યોરન્સ. આધુનિક અર્થશાસ્ત્રમાં લેન્ડ, લેબર, કેપિટલ અને મેનેજમેન્ટને મુખ્ય માનવામાં આવે છે.

કર્મની આ બધી વ્યવસ્થા થાય છે તે આપણી બહાર જ થાય છે. એનો મારી સાથે કોઈ સંબંધ નથી. આત્મા કર્મના આ વ્યવહારમાં કંઈ કરતો નથી. પરંતુ આત્મા પર કર્મનો આરોપ થાય છે. મનુષ્ય, વાણી, મન, શરીર દ્વારા જે પણ કંઈ શાસ્ત્રને અનુકૂળ અથવા વિપરીત કાર્ય કરે છે, એના ઉપરોક્ત આ પાંચ કારણ છે. તેમ છતાં જે સંસ્કાર-વિહોણો માણસ છે તે આ વિષયમાં કેવળ આત્માને કર્તા જુએ છે. ગીતા કહે છે કે તે દુર્મતિ યથાર્થને દેખી શકતી નથી. अकृतबुद्धित्वात् અર્થાત્ સંસ્કારવિહીન બુદ્ધિને લીધે આપણે કર્તાનો ભાવ પોતાનામાં અર્થાત્ આત્મામાં આરોપિત કરીએ છીએ.

ગીતા કહે છે કે જે પરિશુદ્ધ આત્માને કર્તા સમજી બેઠાં છે, તે સંસ્કારહીન, મોહગ્રસ્ત અને દુર્મતિ તત્ત્વને જાણતો નથી. આત્મા પરિશુદ્ધ કેવળ કર્મથી અસંસ્પૃષ્ટ (જેનો સ્પર્શ થયો નથી) અકર્તૃસ્વરૂપ છે. પુણ્ય-સંસ્પૃષ્ટ આત્મા પણ શુદ્ધ આત્મા નથી. કેમ કે પુણ્ય ક્રિયા અને હું, તેનો પુણ્યકર્તા - આવું માનવાથી શુદ્ધ આત્મા મળશે નહીં. કાં તો મિશ્ર કાં રંગબેરંગી આત્મા મળશે, એની પાછળ અહંકાર વળગશે અને કર્મનું ફળ વળગશે. અને કામ કર્યું જ નથી આવું નમ્રતાથી કહેવું પણ એક પ્રકારનો અહંકાર જ છે. આવી નમ્રતા લોકોપયોગી તો છે, પણ ત્યાંયે શુદ્ધ આત્મા મળશે નહીં.

ગીતા જ્યારે અકર્તૃત્વભાવની વાત કરે છે, ત્યારે તે આપણને મહત્ત્વાકાંક્ષાના ચરમ શિખરે પહોંચાડી દે છે. આપણે ઘણું બધું કરવાની મહત્ત્વાકાંક્ષા રાખીએ છીએ, પણ કર્મ આપણને મહાન નથી બનાવી શકતું. જો આપણે કર્મને મહત્ત્વ આપીએ છીએ, તો પોતાને ગૌણ અથવા હીણા સમજવા લાગીએ છીએ. અને માનવા લાગીએ છીએ કે કર્મ આપણને ગૌરવાન્વિત કરે છે. આવી મહત્ત્વાકાંક્ષા આપણી ન હોઈ શકે. ગીતા વારેવારે કહે છે, તું આત્મતત્ત્વ છે. તારાથી મહાન કોઈ નથી, કંઈ પણ નથી. કર્મ તને મહાન નથી બનાવી શકતું. તું એની મદદ લઈને મહાન બનવાના પ્રયત્ન કરે છે ત્યારે તું દીનતાને મેળવે છે. સમુદ્રકિનારે ઊભેલો માણસ સમુદ્રનો આનંદ લઈ શકે છે. સમુદ્રમાં પડેલા માણસને એ આનંદનો અનુભવ આવી શકતો નથી. એ તો બિચારો પોતાના પ્રાણને બચાવવા માટે બધું કરી છૂટવામાં વ્યસ્ત રહેશે.એને બિચારાને કેવું સુખ અને કેવો આનંદ ! બરાબર એવી રીતે આ સંસાર-સાગરના કિનારે ઊભેલા દૃષ્ટા અથવા સાક્ષીને જે સૃષ્ટિનો આનંદ મળે છે, તે ભોક્તાને મળતો નથી. આવી અવસ્થામાં આપણા માટે કર્મયોગ નહીં પણ સંન્યાસ આપણો આદર્શ થઈ જાય છે.

જો આપણને શરીર ન મળ્યું હોત તો ચોક્કસપણે આપણા માટે સંન્યાસથી ઉત્તમ આદર્શ હોઈ જ ન શકે. પરંતુ શરીર હોવાને લીધે આપણે કર્મ કરવું જ પડે છે. અને માટે આવી અવસ્થામાં સંન્યાસને બદલે આપણા માટે કર્મયોગ જ આદર્શ થઈ જાય છે. અને હંમેશા વિચારતા રહેવું જોઈએ કે આપણે કર્મ કરવા છતાં પણ અકર્તૃત્વનો અને સાક્ષીભાવનો અનુભવ લેવાનો છે. આ જે આનંદ છે તે સાક્ષી બનવામાં છે, ભોક્તા બનવામાં નથી. જો ભોક્તા બનીશું તો એમાં સુખ-દુઃખના તમાચા ખાવા પડશે. સુખમાં માણસ ગાફેલ થઈ જાય છે અને દુઃખમાં વ્યાકુળ બની બેસે છે. માણસની બુદ્ધિ આ બંને હાલતમાં ઠીક કામ કરતી નથી અને તે પોતાના અસલી અસ્તિત્વથી દૂર થઈ જાય છે. માણસે હંમેશા પોતાના મૂળ અસ્તિત્વમાં રહેવું જ શ્રેષ્ઠ છે. માણસ માટે તટસ્થ રહેવું, સાક્ષી રહેવું અને આત્મદર્શનનો ઉદ્દેશ્ય સામે રાખીને સાધના કરતા રહેવી ઇષ્ટ છે.

ગીતા માણસને અલિપ્ત રહીને નિરહંકાર ભાવથી કર્મ કરવાની વાત કરે છે. ગીતા કહે છે કે કર્મ તો ઇંદ્રિયો અને બુદ્ધિએ કર્યું છે, તું આત્મા એનો અહંકાર કઈ રીતે કરી શકે છે ? તેં ભલેને ઉત્તમોત્તમ કાર્ય કર્યું અને સત્ત્વગુણથી મળનારી બધી જ ઉચ્ચ અવસ્થાઓ તેં મેળવી લીધી. તું એ અવસ્થાઓથી સંતુષ્ટ થઈ જાય છે, તો તે તારી ભૂલ છે. તું તો એના કરતાં પણ મહાન છે. આત્મતૃપ્તિની એ અવસ્થામાં ભલે કર્મ ગમે તેટલું સાત્ત્વિક કેમ ન હોય, તે કચરા જેવું છે. કચરાનો તો વળી શું અહંકાર કરવાનો હોય ? એને તો છોડી જ દેવાનો હોય.

ગીતામાં યજ્ઞ બાબતે જે કલ્પના થઈ છે તેમાં મુખ્યત્વે બે વાતો જોવા મળે છે. પહેલી વાત તો એ કે શરીરનું ભલું નિરંતર કર્મ કરવામાં છે. જેવી રીતે નિરંતર શ્વાસોચ્છ્વાસ શરીર માટે જરૂરી છે. એવી રીતે નિરંતર કર્મ થતું રહે તે જરૂરી છે. અને બીજી વાત એ છે કે આત્માનું ભલું તો કર્મથી અલગ રહેવામાં છે.

(ક્રમશઃ)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# નવસ્થાનિકોનો ઉદય - ૧

(સુનીતા નારાયણ દિલ્હી સ્થિત જાણીતાં પર્યાવરણવિદ અને લેખક છે. પ્રસ્તુત લેખ તેમના પુસ્તક 'The Rise of the Neo-Locals' ની વિસ્તૃત પ્રસ્તાવનાનો અનુવાદ છે.)

**ભૂમિકા**

હું તો પૂર્વ વૈશ્વિકીકરણનું બાળક છું. તમે દલીલ કરી શકો કે હું તો અ-વૈશ્વિકીકરણનું બાળક છું. ૧૯૭૭માં હું નિશાળમાં ભણતી હતી ત્યારે ભારતના ઉદ્દામ સમાજવાદી નેતા અને ત્યારના ઉદ્યોગમંત્રી જ્યૉર્જ ફર્નાન્ડિઝે વિદેશી લોકપ્રિય બ્રાન્ડ કોકાકોલાને દેશ બહાર ફેંકી દીધી હતી. આ નાટ્યાત્મક ક્ષણ હતી. ત્યારે આપણને શબ્દ મળ્યો 'બહુરાષ્ટ્રીય' તે પછી વર્ષો સુધી આપણે થમ્સ-અપ પીધું, જે કોકાકોલાનું ભારતીય સ્વરૂપ હતું. બધી સ્વદેશી ચીજવસ્તુઓનો એમાં વિજય હતો. ૧૯૬૦ના દશકમાં હું જ્યારે મોટી થઈ રહી હતી ત્યારે આપણા જીવન પર પશ્ચિમી ઉત્પાદનોની બહુ મોટી અસર હતી એમ મારું કહેવું નથી. આઝાદી પછીના સમયમાં ભારતનું સ્વપ્ન તો ઉત્પાદનનું કેન્દ્ર બનવાનું હતું. આવું જ્યારે હું વિચારું છું ત્યારે નિખાલસતાથી કહું તો મારી યાદદાસ્ત થોડીક ગૂંચવાઈ જાય છે. એક તરફ મારી ઝંખના એવી ચીજો તરફની હતી જેના વિશે મેં પુસ્તકોમાં વાંચ્યું હતું. (ત્યારે ઇન્ટરનેટ કે ટેલિવિઝન હતાં નહિ) બીજી તરફ મને બરાબર યાદ છે કે મારી માતાના દાદા-કાકા ત્યારે ઝાડ નીચે બેસીને, મરતાં સુધી સૂતર કાંતતા રહેતા.

હું એ પેઢીની છું જેને સ્વનિર્ભરતા વિશે શીખવવામાં આવેલું. ત્યારે હજુ એ 'ફેશન' બની ગયું ન હતું. એ વાત વારંવાર કહેવાય છે કે ૧૯૬૬માં જે કચડી નાખનારો દુષ્કાળ પડ્યો અને આપણે ભૂખમરાની સ્થિતિમાં આવી પડ્યા ત્યારે અમેરિકી પ્રમુખ આઇઝન હોવરે પી.એલ-૪૮૦ હેઠળ જે અનાજ મંજૂર કરેલું અને જે વહાણોમાં ભરાઈને આવતું હતું તે વહાણોને આપણે પાછાં વાળેલાં. આ બાબત ૧૯૫૪ના 'શાંતિ માટે અનાજ' કાર્યક્રમ હેઠળની હતી. તે પછી લિન્ડ જોન્સન અમેરિકી પ્રમુખ તરીકે આવ્યા, જેમણે અનાજ મોકલવાનું જ બંધ કર્યું. જે ત્યારના વડાપ્રધાન ઇંદિરા ગાંધી માટે અપમાનજનક ઘટના હતી. ભારત માટે આ શરમની ઘડી હતી. ત્યારે આપણે વારંવાર કહેતાં હતાં કે આપણે અનાજ માટે ભીખ માંગવી પડે એવી સ્થિતિમાં તો ન મુકાવું જોઈએ. અનાજ માટે સ્વનિર્ભર બનવું એ અત્યંત મહત્ત્વનું છે એ વાત મારા મગજમાં બરાબર ઘૂસી ગઈ હતી. તેથી ભારતીય પર્યાવરણ ચળવળના મારા સાથીઓ જ્યારે ગ્રીન રિવોલ્યૂશનની ટીકા કરતા હતા ત્યારે હું તેમાં ન જોડાઈ. કારણ કે એનાથી દેશની અનાજની અછતનો ઉકેલ મળતો હતો. ત્યારે એની ખાસ જરૂર હતી. ખેતીની વધુ તીવ્રતાની મર્યાદાઓ વિજ્ઞાનીઓની પછીની પેઢીઓએ ચીંધી બતાવી.

મને શિખવાડવામાં તો આવેલું કે કરકસર મૂલ્યવાન છે. પણ હું એ પૂરું સમજેલી કે તેનો આદર કરતી હતી કે કેમ એ બાબતે હું ચોક્કસ નથી. અમે જ્યારે પણ જમવા બેસતા ત્યારે મને અને મારી બહેનોને કહેવામાં આવતું કે આપણે અન્નનો બગાડ ન કરવો જોઈએ. કારણ કે ઘણાં બધાંને ભૂખ્યાં સૂવું પડે છે. મને લાગે છે કે મારી પેઢીનાં બધાં બાળકોને એમ જ કહેવાતું. મને યાદ છે કે મારી મા જ્યારે એનાં પોતરાંઓને અમેરિકા મળવા ગઈ ત્યારે તે થાળીઓમાં છાંડેલું ભોજન જોઈને પોતાનો ગુસ્સો રોકી શકતી નહિ. આજે પણ એ મારા ડીએનએમાં છે, જે કાઢી શકતી નથી. એ સમય એવો હતો જ્યારે વૈભવનો દેખાડો કરવો તે ખોટું મનાતું. સાદગી એ જ ફેશન હતી. મને યાદ છે અને સાથે એ પણ યાદ આવે છે કે મને એ ગમતું નહિ કે લગ્નપ્રસંગમાં પણ એવા કડક નિયમો હતા કે અમુક સંખ્યાથી વધુ વ્યક્તિઓને જમાડી શકાય નહિ. મીઠાઈ કેટલી રાખવી તેની પણ મર્યાદા હતી, કેટલું પીરસવું તે પર પણ અંકુશ હતો. આજે જ્યારે દેશના ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્રના લગ્નનો અભદ્ર ભપકો જોઉં છું ત્યારે હું પેલી ક્ષણોને યાદ કરું છું.

હું આ બધું કંઈ સ્મૃતિસુખ માટે નથી લખી રહી. હું તો એ સમજાવવા માગું છું કે દુનિયા કેટલી આગળ વધી ગઈ અને એણે કેટલું પાછું ફરવું પડ્યું, જ્યાંથી આપણે ૧૯૬૦ના દસકમાં શરૂઆત કરેલી. હું ઊછરી રહી હતી ત્યારે જે ઘટનાઓ ઊઘડતી જતી હતી તેનો વિચાર કરવાની જરૂર છે.

જેવી હું કિશોરી બની, હું પહેલી વાર આયાત-નિકાસ શબ્દોથી પરિચિત બની. કારણ કે મારી મા હસ્તકલાના વેપારથી કુટુંબ ચલાવતી હતી. હજુ કોઈએ વૈશ્વિકીકરણ શબ્દ સાંભળ્યો નહોતો. આર્થિક વૃદ્ધિદરના આંકડા હજુ અખબારોની હેડલાઈનમાં ચમકતા ન હત. ભારતનો વિકાસ ૪ ટકાથી ઓછા દરે થઈ રહ્યો હતો, જેને મજાકમાં 'હિંદુ વિકાસ દર' કહેતા હતા. આત્મનિર્ભરતા શબ્દ હું મોટેરાં પાસેથી સાંભળતી, જે રાષ્ટ્રીય વિકાસની વાત કરતી વખતે મહત્ત્વનો હતો. જવાહરલાલ નહેરુ યાદ આવે છે જેમણે આપણને વિકાસના ચોક્કસ મોડલ તરફ દોર્યા. અમે તો એમનું નામ ભણવાનાં પુસ્તકોમાંથી વાંચેલું એ રીતે કે તેઓ દેશના પહેલા વડાપ્રધાન હતા. (૧૯૬૪માં તેમનું અવસાન થયું). અનાજ, આરોગ્ય, શિક્ષણ, રોજગાર, સંચાર અને આપણી વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાઓ બધું જ જે આપણા અસ્તિત્વનો મહત્ત્વનો ભાગ હતો તેની જવાબદારી સરકારની હતી. ગરીબી એટલી તો વ્યાપક હતી કે ગરીબી રેખાની ઉપર કે નીચે એવી કોઈ કેટેગરી જ ન હતી. બીજા દેશો સાથે વેપાર કરવામાં હજુ કોઈ રાષ્ટ્રીય ઉત્તેજના દેખાતી ન હતી. ૧૯૬૦ના દસકનો અંત આવતાં ભારતના સકળ ઘરેલુ ઉત્પાદનમાં માત્ર ૮ ટકા જેટલો હિસ્સો વેપારનો હતો. સરકારી રીતે કહીએ તો આપણી જરૂરત જેટલું જ પેદા કરવાનું હતું.

એ દુનિયા સ્થાનિકોની હતી. મોટી વૈશ્વિક ઘટનાઓ શબ્દશઃ બ્રહ્માંડ જેવી લાગતી; જેમ કે ૧૨/૪/૧૯૬૧ના રોજ યુરી ગાગારીન પહેલો માણસ હતો જેણે અવકાશમાં પગ મૂક્યો. અમેરિકા અને રશિયા બંનેના સાથીઓ વચ્ચે ઠંડા યુદ્ધની સ્થિતિ હતી. એ ટેકનોલોજીનું યુદ્ધ હતું. આજે એ અમેરિકા અને ચીન વચ્ચે ફરી ભજવાઈ રહ્યું છે જે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જાસૂસી ચલચિત્રોની વાર્તાઓ જેવું છે. તેમાં નજીક કે દૂર ક્ષિતિજેય કોઈ પર્યાવરણીય સમસ્યાઓ ડોકાતી ન હતી. માનવોની પ્રવૃત્તિઓને કારણે પૃથ્વીના વાતાવરણમાં અંગારવાયુ પેદા થાય છે, તે પૃથ્વીને ગરમ રાખે છે એ બાબતે સૌ પ્રથમ વાર લિન્ડન જોન્સનની વિજ્ઞાન પરામર્શ સમિતિનો અહેવાલ ૧૯૬૫માં બહાર આવ્યો હતો. તેનું શીર્ષક હતું 'આપણા પર્યાવરણની ગુણવત્તા પુનઃસ્થાપિત કરવી', જેને ઉપરની કોઈ ઘટનાઓ સાથે કોઈ સંબંધ ન હતો. દાયકાઓ પછી હું એ મુદ્દાઓ પર લાંબી ચર્ચાઓ કરતી રહી છું કે કાર્બન સ્પેસ અને દુનિયાની સહિયારી અસ્ક્યામત છે અને જે કાર્બનનું ઉત્સર્જન થાય છે એ આપણા અસ્તિત્વ સામેનો એકમાત્ર મહત્ત્વનો પડકાર છે.

સદીઓ સુધી દુનિયા ફરી સ્થાનિક બની રહી હતી. પૂર્વે તો કેટલાક દેશોએ સદીઓ સુધી સંખ્યાબંધ દેશોને વસાહતી સત્તા હેઠળ અંકુશમાં રાખ્યા હતા. ત્યાંનાં પુષ્કળ કુદરતી સંસાધનો અંકે કર્યા હતાં. આ સમૃદ્ધિના કારણે જ દુનિયા 'વિકસિત' અને 'અવિકસિત' ભાગોમાં વહેંચાઈ ગઈ હતી. પાયામાં જે સમૃદ્ધિ હતી તે તો વસાહતી ઇતિહાસના સમયની હતી. જોકે, આ સ્થાનિકીકરણની વચ્ચે વૈશ્વિકીકરણનો એક નવો યુગ આકાર લઈ રહ્યો હતો, જેમાં લોકશાહીનાં નવાં સ્વરૂપો હતાં તેમજ વિકાસની ખોટ જે વસાહતી સત્તાને કારણે ઊભી થઈ હતી તેને સમાન ધોરણે વહેંચવાના વૈશ્વિક પ્રયાસો થઈ રહ્યા હતા. જાન્યુઆરી ૧૯૬૧માં યુનોએ ઠરાવ્યું કે ૧૯૬૦નો દાયકો એ 'વિકાસનો દાયકો' હશે. તે પછી અમેરિકી પ્રમુખ જ્હૉન કેનેડીએ ન્યૂયૉર્કમાં યુનોના મુખ્ય મથકેથી આ દાયકાનો શુભારંભ કરાવ્યો. તે પૂર્વે પ્રમુખે કરેલા ઉદ્‌ઘાટન પ્રવચનમાં આંતરરાષ્ટ્રીય સંબંધોમાં આપણે એક નવા ઉદ્દેશથી આગળ વધીશું એમ જણાવ્યું હતું. તેમણે જાહેર કરેલું : ''દુનિયાના અડધા ભાગનાં ગામોમાં અને ઝૂંપડાંઓમાં રહીને જે લોકો પોતાની સામૂહિક મુશ્કેલીઓનાં બંધનો તોડવા સંઘર્ષ કરી રહ્યા છે તેમના પ્રત્યે અમે અમારા સર્વોત્તમ પ્રયાસો કરવાની ખાતરી આપીએ છીએ જેથી તેઓ પોતાને સહાયભૂત થઈ શકે.''

ભારત તો આવાં મોટા ભાગનાં ગામો અને ઝૂંપડાંઓથી ભરેલું હતું. આપણી આગવી સ્થાનિક દુનિયા હતી. એ દુનિયાને પોતાનાં સ્વપ્નો હતાં. જે તે સમયના વસાહતી સત્તાધીશોનાં જીવન આ જ સંસાધનોના ભોગે સમૃદ્ધ બન્યાં હતાં. એ સંસાધનો આ સ્થાનિકોને તો કદી કામે લાગ્યાં ન હતાં. પશ્ચાત્ દર્શન કરીએ તો દુનિયાના ગરીબોએ વસાહતી સમયમાં તેમજ વૈશ્વિકીકરણ અને મૂડીવાદનાં માઠાં પરિણામ ભોગવ્યાં હતાં. સંસાધનોના વિતરણમાં એમને ભાગે ભાગ્યે જ કંઈ આવ્યું હતું. બહુ પછી, જ્યારે મેં દુનિયામાં મુસાફરી કરવા માંડી અને હું પર્યાવરણના સંઘર્ષોમાં સામેલ થઈ ત્યારે આ જ ગામો અને ઝૂંપડાંઓ સ્થાનિકીકરણ અને વૈશ્વિકીકરણ વચ્ચેના તીવ્ર ઝઘડાઓની રમતનું મેદાન બની રહ્યાં હતાં.

## સ્થાનિકીકરણ પછીનું વૈશ્વિકીકરણ

૧૯૯૦ના દસકમાં હું જ્યારે સેન્ટર ફૉર સાયન્સ ઍન્ડ એન્વાયર્નમેન્ટ(CSE) માં કામ કરતી હતી ત્યારે આપણે ઉદારીકરણની દુનિયામાં ફંગોળાયા. અમે અમારું પાક્ષિક સામયિક શરૂ કરવામાં હતાં. ૧૯૯૨માં Down to Earth શરૂ થયું અને દુનિયા રિયો ખાતેની પૃથ્વી મંત્રણામાં જવા તૈયાર થઈ રહી હતી. આ એ સમય હતો જ્યારે પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન દુનિયાની કાર્યસૂચિમાં ઉમેરાઈ રહ્યાં હતાં. અચાનક આપણે વિશ્વની વાતો કરવા લાગ્યાં હતાં. એ દુનિયા આપણે માટે નવી હતી અને અજાણી પણ હતી.

જુલાઈ-૧૯૯૧માં તત્કાલીન નાણાંમંત્રી ડૉ. મનમોહનસિંહ (જે પછીથી દેશના વડાપ્રધાન બન્યા)એ ઐતિહાસિક બજેટ રજૂ કર્યું, જેણે ભારતીય અર્થતંત્ર માટે આખી દુનિયા ઉઘાડી આપી. આના દસકા પૂર્વે હરિયાણાના ગુરગાંવ (હવે ગુરુગ્રામ)માં મારુતિનું કારખાનું ઊભું થયેલું. ભારત માટે આ વિદેશી ઘડી હતી, જ્યારે જાપાનની કાર આપણાં શહેરોમાં ચાલતી એમ્બેસેડર અને ફિયાટનું સ્થાન લેવાની હતી. પહેલી વખત નાની કાર આવતાં હવે મહિલાઓ પણ તે ચલાવવાનું શીખી શકે તેમ હતી. હું તો મારી માની એમ્બેસેડર કાર ચલાવતાં શીખેલી. પણ મારે કબૂલ કરવું જોઈએ કે હવે તે બહુ સહેલું હતું. અરે, મુક્તિદાયક પણ હતું. ૧૯૯૦ના દસકા પછી આ ગાડી-ઉદ્યોગ ઊછળ્યો અને તે ઇતિહાસ બની ગયો. આજે વિવિધ પ્રકારની ગાડીઓ આપણાં નગરોમાં દોડે છે અને ભયાનક પ્રદૂષણ, ઘોંઘાટ અને ગીચતામાં વધારો કરે છે.

ભારતનું ઉદારીકરણ ૧૯૯૦ના એક દસકમાં ચિંતા પેદા કરનારું હતું અને તે એ કે આપણે આર્થિક વૃદ્ધિ સાથે સામાજિક અને પર્યાવરણીય બાબતોની જાળવણી કેમ કરી શકીશું. ૧૬-૩૧ મે ૧૯૯૨ના અમારા સામયિકના પ્રથમ અંકમાં જ અમે આ ચર્ચા છેડી હતી. જેમાં ટોચના અર્થશાસ્ત્રીઓ, વિજ્ઞાનીઓ, ઉદ્યોગપતિઓ અને કર્મશીલોએ ભાગ લીધો હતો. આઈ.એમ.એફ.એ જે પ્રસ્થાપિત પદ્ધતિમાં ફેરફારનો કાર્યક્રમ આપ્યો હતો તેની પર્યાવરણ પર શી અસર થશે તે મુદ્દો હતો. આજે હું એ દિગ્ગજોની ચર્ચાઓ ફરી વાંચું છું ત્યારે જોઈ શકાય છે કે તેમાં બધી જ સંકુલતાઓ જે આપણે વેઠી રહ્યાં છીએ તે તો પ્રગટ થઈ છે, પણ ખરેખર તે વિશેના ઉકેલની દિશામાં આપણે વિચાર્યું નહોતું.

આ શોરબકોરના સમયમાં ભારતના રસ્તા પર ડંકલ અંકલ આવી ગયા હતા. આર્થર ડંકલે ૧૯૯૩ના મધ્યમાં જે મુસદ્દો રજૂ કરેલો તેને લઈને ગુસ્સો પ્રગટ થઈ રહ્યો હતો. એ મુસદ્દામાં વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) ઊભું કરવાના કેટલાક નિયમો નક્કી કર્યા હતા. ભાવ અને વેપાર અંગેના સામાન્ય કરારો (GATT)ની ચર્ચાઓ ચાલતી હતી, જેમાં કૃષિ વેપાર ખુલ્લો મૂકવાનો હતો અને બિયારણની પેટન્ટ માટે નિયમો નક્કી કરવાની વાત હતી. એમાંથી જ મહાયુદ્ધ પેદા થયું. દુઃખદ વાત એ હતી કે કશું ગરીબોની તરફેણમાં નક્કી થઈ રહ્યું ન હતું. નિયમો લખાયા હતા, WTO સ્થપાયું હતું અને દુનિયાનો મુક્ત વેપાર શરૂ થયો હતો. આજે જ્યારે હું આ લખી રહી છું ત્યારે પણ દુનિયાની વેપારી પદ્ધતિ ઉઘાડી પડી ગઈ છે અને પડું પડુંની સ્થિતિમાં છે. આ હું એટલા માટે નથી કહી રહી કે ગરીબો એનો સૌથી વધુ ભોગ બન્યા છે, પરંતુ જે શ્રમ અને પર્યાવરણનો લાભ આ વિશ્વવેપાર પદ્ધતિ ગરીબોના ભોગે લેવા માગતી હતી તે સમૃદ્ધજનો એવો દાવો કરી રહ્યા છે કે અમને એનો કંઈ લાભ જ મળ્યો નથી !



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આ સમૃદ્ધજનોએ વિશ્વવેપાર તંત્ર સામેનું પહેલું બ્યૂગલ ૧૯૯૯માં ફૂંકેલું. તે સમયે, પહેલી ડિસેમ્બર-૧૯૯૯ના ઇંગ્લેન્ડના દૈનિક 'ધ ઇન્ડિપેન્ડન્ટ'ની હેડલાઈન હતી : 'મૂડીવાદને વેરભાવનાથી પરેશાન કરવા સાઠીના દસકની ભાવના પાછી ફરી રહી છે.' ૩૦ નવેમ્બરથી ૩જી ડિસેમ્બર દરમિયાન અમેરિકાના નગર સિયેટલમાં મળેલી WTO ની ત્રીજી પ્રધાન-કક્ષાની વેપારી વાટાઘાટો નિષ્ફળ જવાની પ્રતિક્રિયા રૂપે આ કહેવાયું હતું. હવે દુનિયા ઉત્તેજનાપૂર્વક નવી સહસ્રાબ્દીને આવકારવા તત્પર હતી. વૈશ્વિકીકરણ એ વહીવટના વ્યાકરણનું સર્વનામ બની ગયું હતું. સિયેટલમાં જે કંઈ બન્યું તે અભૂતપૂર્વ હતું. કારણ એ હતું કે જે અમેરિકા મૂડીવાદનું શિખર મનાય છે, તેના શહેરમાં આ બન્યું હતું. બેઠકના એક સપ્તાહ પૂર્વે માધ્યમોમાં વિરોધના સમાચારો જ ઊભરાતા હતા.

અમારા સામયિકના ૧૬-૩૧ ડિસેમ્બર-૧૯૯૯ના અંકમાં સિયેટલથી અહેવાલ લખાયો હતો, જેમાં જણાવ્યું હતું કે વિયેટનામ યુદ્ધ પછી થયેલા આ વિરોધો સૌથી મહત્ત્વના અને ઉગ્ર કેમ મનાય છે. બંને તરફથી વિરોધ થઈ રહ્યા હતા. ગરીબોની નોકરીઓમાં ઘટાડો થયો હતો. જૈવિક વિવિધતાનો ખાતમો બોલાઈ રહ્યો હતો. મારામાં સિયેટલની જે છેલ્લી યાદ બચી છે તે એ છે કે હજારો લોકો નિરંકુશ વૈશ્વિકીકરણના વિરોધમાં રસ્તા પર આવી ગયા હતા. જેઓ ઇચ્છતા હતા કે વેપારની બાબતોમાં વૈભવી નિગમોને માટે મેદાન છૂટું મુકાતું હોય તો એ અટકાવવું જ રહ્યું. દેખીતું હતું કે હુમલો મૂડીવાદ પર હતો. જો તે સમયે દુનિયાએ આ વિરોધો પ્રત્યે લક્ષ આપ્યું હોત અને વિરોધનો સૂર બરાબર સાંભળ્યો હોત કે વૈશ્વિક નિયમો પ્રજા કે પર્યાવરણ બેમાંથી એકેયને લાભપ્રદ બની રહ્યા નથી તો આપણું ભવિષ્ય કંઈક અલગ જ હોત.

એટલે ત્રીસ વર્ષ પૂર્વે, ભારતે જ્યારે આર્થિક સુધારા શરૂ કર્યા ત્યારે તેને થોડીક તો ખબર હતી કે આર્થિક વૃદ્ધિની ગતિ આપણે વધારી રહ્યા છીએ તેની વિપરીત અસરો પર્યાવરણ પર થવાની છે. વૃદ્ધિ કરવા જશો એટલે કુદરતી સંસાધનોનો ઉપભોગ વધવાનો છે, જે જળ અને વાયુનું પ્રદૂષણ પેદા કરશે જ. આ જાણીતું હતું. કારણ કે સમૃદ્ધ અને વિકસિત દુનિયા જેણે ઉદારીકરણ અને મુક્તબજારના માર્ગે આર્થિક વૃદ્ધિનો વિચાર શરૂ કરેલો તેને સમજાઈ ચૂક્યું હતું કે જે ઉદ્યોગોમાં વધુ શ્રમની જરૂર છે અને જેમાં વધુ પ્રદૂષણ પેદા થાય છે તેવા બધા ઉદ્યોગોની નિકાસ વિકસી રહેલા દેશો તરફ કરવી પડશે. ૧૯૯૦ના દસકની મધ્યમાં જ્યારે દિલ્હીની હવા પ્રદૂષિત અને ગૂંગળાવનારી બની ત્યારે આપણે પહેલી વાર આઘાત અનુભવ્યો. રસ્તા પર મોટરો વધારી મૂકી હતી તેનું આ પરિણામ હતું.

પછીના ત્રણ દાયકામાં આપણે જોયું કે જમીન, પાણી, હવા અને ભોજન - આ બધાંમાં જે ઝેર પ્રસરી રહ્યું છે તે આપણા આરોગ્યનો ભોગ લેશે. હવે આપણે જાણીએ છીએ કે આર્થિક વૃદ્ધિના માર્ગે ચાલ્યા એનું આ પરિણામ છે, સંતુલિત વિકાસ પર્યાવરણની જાળવણી સાથે કેમ કરવો તે મુદ્દે વારંવાર સંઘર્ષો પેદા થઈ રહ્યા છે. જે જાહેર સંસ્થાઓએ સક્રિય બનીને યોગ્ય નિર્ણયો લેવા જોઈએ તે સંસ્થાઓને જ ક્રમશઃ નબળી પાડી દેવાઈ છે અને પંગુ બનાવી દેવાઈ છે.

ત્રીસ વર્ષના આપણા પ્રયાસોએ આપણને એટલું તો સમજાવી દીધું છે કે પોષક અને સર્વસમાવેશી મોડલ નહીં હોય તો ટકાઉ વિકાસ અશક્ય છે. લોકોને પોષાય તેવી સ્વચ્છતાની વ્યવસ્થા વિકસાવ્યા વિના નદીઓને સ્વચ્છ કરવાનું બનવાનું નથી. અંગત વાહનો પર અંકુશ મૂકીને જાહેર વાહનવ્યવહાર વિસ્તાર્યા વિના તમને ભૂરું આકાશ અને ચોખ્ખાં ફેફસાં મળવાનાં નથી. જ્યારે હવામાન જ જોખમી બની ગયું હોય એવી દુનિયામાં પહેલું મૂડીરોકાણ વૃક્ષો અને જળસંચય માટે કરવું પડશે. એ જ તમને બચાવી શકશે. વિકાસની આ વાર્તામાંથી ભારતે ભવિષ્ય માટે જો કોઈ સંદેશ શીખવાનો હોય તો તે આ છે. થોડાંની નહિ પણ બધાંની જરૂરિયાતો પર ધ્યાન આપવું પડશે. પર્યાવરણ એટલે બચાવવાનું છે કે આખરે જીવન એ પર્યાવરણ-આધારિત છે. બાબત આ કે તેની પસંદગી કરવાની નથી, પણ અનિવાર્યતાની છે.

મેં આગળ કહ્યું તેમ દુનિયાએ યાત્રા પૂરી કરી લીધી છે. મુક્ત વેપાર અને વૈશ્વિકીકરણના જે પુરસ્કર્તાઓ હતા તે હવે બચે તેટલું બચાવી લેવા તરફ વળ્યા છે. નિરંકુશ વૈશ્વિક વેપારનાં વચનોએ વૈશ્વિક સમીકરણો બદલી નાખ્યાં છે. ચીનનો અભૂતપૂર્વ અને અસામાન્ય ઉદય થવાનું કારણ એ છે કે તે દેશ લોખંડના પડદા પાછળ હતો. હવે ઓછી મજૂરી સાથેનું જે શ્રમબળ ચીનને ઉપલબ્ધ છે એ એનું હુકમનું પત્તું બની ગયું છે. એણે બાકીના બધાને પાછળ પાડી દીધા છે. ચીન પાસે સોંઘી મજૂરી, ઓછા દરની મૂડી અને પર્યાવરણ તેમજ સામાજિક સલામતી નિરંકુશ છે. બાકીના બધા દેશો સ્પર્ધામાં તળિયે છે. ચીન વિશ્વવેપારમાં જે કરી રહ્યું છે તે કરવાનો પ્રયત્ન પશ્ચિમી અર્થતંત્રોએ કરેલો, પણ હવે તે લગામ પકડવા ઇચ્છે છે.

વૈશ્વિક પ્રભુત્વનો સંઘર્ષ ચીન અને અમેરિકા વચ્ચે ચાલી રહ્યો છે. એની અસરો ભારત અને દુનિયાની પર્યાવરણ સુરક્ષા અને જળવાયુ પરિવર્તન પર પડવાની છે. આ ચડસાચડસી દુનિયાની નેતાગીરી માટેની છે, જેમાં બાકીના દેશોએ પણ હરીફાઈમાં ઊતરવું પડશે અને કોનો પક્ષ લેવો તે નક્કી કરવું પડશે. બધાંને ખબર છે કે પ્રભાવ માટે આર્થિક મજબૂતી જરૂરી છે - વધુ ઉત્પાદન વધુ ઉપભોગ, વધુ વેપાર અને વધુ ધંધા. ફરી પાછી એ જ વાત છે. રિયો મંત્રણા પૂર્વે અમેરિકી પ્રમુખ જ્યોર્જ બુશ (સિનિયર) પોતાના દેશમાં સુપર માર્કેટની મુલાકાતે ગયેલા ત્યાં લોકોને કહેતા કે વધુ ને વધુ ખરીદી કરો, કારણ કે આપણા અર્થતંત્ર માટે એ સારું છે. આજે એમ જ થવાનું છે. ફેર એટલો કે આપણે ગ્રીન ઉત્પાદનો ખરીદવા કહીશું, રીતો જૂની હશે, વાજબીપણું નવું હશે. એક તરફ દુનિયા જળવાયુ પરિવર્તન અને પર્યાવરણીય સુરક્ષાની જરૂરિયાત બાબતે ચર્ચા કરતી રહેશે. બ્રાઉન્ડ એજન્ડા પાછો ફરશે. આ જેટલું ભારત માટે સાચું છે એટલું જ બાકીની દુનિયા માટે પણ સાચું છે, પણ એક મોટો તફાવત રહેશે. છેલ્લાં ત્રીસ વર્ષમાં પર્યાવરણ સુરક્ષાના નામે વાતોનાં વડાં કરીને સમય વેડફી દેવાયો છે, પણ હવે સુરક્ષા માટે કામ કરવાની આવશ્યકતા છે. કુદરત હવે લાંબું સહન નહિ કરે. હવેની હરીફાઈ સમયની સામે છે અને સમય આપણી સાથે નથી.

- સુનીતા નારાયણ

(ક્રમશઃ) અનુ. ડંકેશ ઓઝા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાંધીજી અને શ્રી અરવિંદના વિકાસવાદી વિચાર (૩)

**'અતિમાનસ'નો વિચાર :**

સત્‌ને અરવિંદે બે રૂપમાં વહેંચ્યું છે – ઉચ્ચતર અને નિમ્નસ્તર. વિકાસની પ્રક્રિયા ઉચ્ચતર ક્ષેત્રમાં 'અતિમાનસ'ના રસ્તાથી જ પહોંચે છે. આ એક એવું માધ્યમ છે જે સચ્ચિદાનંદની સમાન છે અને વિકાસની નિમ્નતમ અવસ્થા-માનસનું વિરોધી નથી. વાસ્તવમાં, સર્વેશ્વરવાદ ઈશ્વરની આંતરિકતા પર વિચાર કરે છે, દેવવાદ તેની અતિશયતા પર અને ઈશ્વરવાદ તેના વ્યક્તિત્વની યથાર્થતા પર ભાર મૂકે છે. પરંતુ આ મત ઈશ્વરના રૂપની સાચી વ્યાખ્યા નથી કરતો. વાસ્તવમાં અતિમાનસ જ સચ્ચિદાનંદ અને વિશ્વ, જ્ઞાન અને અજ્ઞાનની વચ્ચે સાચી કડી છે. આપણે તેને 'અતિમાનસ' કે સત્ય ચેતના કહીએ છીએ, કેમ કે તે માનસિકતાથી શ્રેષ્ઠ એક તત્ત્વ છે અને વસ્તુઓની એકતા અને મૌલિક સત્યમાં રહે છે, કાર્ય કરે છે અને આગળ વધે છે. અતિમાનસ એક જ્ઞાન, સંકલ્પ કે ચેતન શક્તિ છે. તે સ્વયં સચ્ચિદાનંદનું ગતિશીલ પાસું છે. તે ઈશ્વરનું જ્ઞાન અને આત્મશક્તિ છે.

આમ અતિમાનસના સ્વરૂપને સ્પષ્ટ કરવા માટે બે ભાગોનું હોવું જરૂરી છે. (૧) સત્‌ની ચેતનાના રૂપમાં અતિમાનસ – તે આધ્યાત્મિક તત્ત્વ, જેમાં સચ્ચિદાનંદની પૂર્ણ ચેતના છે તથા (૨) માનસના ચરમ લક્ષ્યના રૂપમાં અતિમાનસ. સત્‌ની ચેતનાના રૂપમાં અતિમાનસની વ્યાખ્યા કરતા શ્રીઅરવિંદ તેને 'સ્રષ્ટા', 'સત્‌ભાવ', 'ચરમ સત્ય' ચેતના વગેરે કહે છે. સત્‌ને શ્રી અરવિંદ 'સચ્ચિદાનંદ' કહે છે. એમ કહી શકાય કે બ્રહ્માંડ ચિત્‌શક્તિની જ અભિવ્યક્તિ છે. આથી બ્રહ્માંડ પણ ચેતનાનું જ રૂપ છે અને આ ચેતના અનેક રૂપોમાં વ્યક્ત થતાં પણ મૂળ એકરૂપ થઈ જાય છે. આ જ કારણે સૃષ્ટિમાં અનેકતાનો ભેદ સ્પષ્ટ થતો રહે છે, પરંતુ તેનાથી એ મૂળ સત્ય ખંડિત નથી થતું કે સત્‌ મૂળ એકરૂપ છે. અતિમાનસ દૈવી વિજ્ઞાન છે જે જગતનું સર્જન, પાલન અને શાસન કરે છે. તેમાં વિચારો, સંકલ્પો અને શક્તિઓમાં સંઘર્ષ નથી, કેમ કે બધા એક જ ચેતનાથી જોડાયેલાં છે. અતિમાનસ સર્જક છે. તે સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને અંતર્યામી છે. તેમાં જ્ઞાતા, જ્ઞાન અને શ્રેયનું કોઈ અંતર નથી. તે સમસ્ત ત્રિપુટીઓનો આધાર છે. આ અતિમાનસ સુધી પહોંચવાની પ્રક્રિયા જ વિકાસની પ્રક્રિયા છે અને આ પ્રક્રિયા એકાએક સંપન્ન નથી થઈ જતી, બલકે તેમાં એક ક્રમ છે અને કેટલીક સીડીઓ છે.

શ્રીઅરવિંદના મતાનુસાર વિશ્વમાં જે કાંઈ છે તેનો ઉદ્‌ગમ, આધાર અને સાર – સત્‌, ચિત્ત અને આનંદ છે, જે દૈવી સદ્‌વસ્તુ છે. વ્યક્તિ પોતાની સ્થિતિ, અવસ્થા કે ગતિશીલ વિકાસમાં સત્‌ને ધારણ કરે છે. માનસ, પ્રાણ અને જડ પદાર્થ, અજ્ઞાનના તત્ત્વની અભિન્નતામાં કાર્ય કરતા ઉચ્ચતર અવસ્થામાં પહોંચે છે. જીવન બધી જગ્યાએ છે. તે સાર્વભૌમ, સર્વવ્યાપિ અને અવિનાશી છે અને માત્ર તેનાં રૂપો અને વ્યવસ્થાઓમાં જ અંતર નથી. બધાંમાં આપણે એ જ જન્મ, વૃદ્ધિ અને મૃત્યુની ક્રિયા પામીએ છીએ. મૂળ રૂપમાં તે શક્તિ વેદાંતની ચિત્‌ શક્તિ છે. એ શક્તિ માનવામાં માનસિક સંકલ્પ અથવા જ્ઞાનના રૂપમાં અભિવ્યક્ત થાય છે.

**પૂર્ણ યોગ દ્વારા માનવજીવનનો વિકાસ શક્ય છે**

દૈવિક જીવન જ માનવજીવનનું પરમ લક્ષ્ય છે. વિકાસનું પણ લક્ષ્ય છે – દૈવિક જીવનની પ્રાપ્તિ. શ્રીઅરવિંદનો વિચાર છે કે ધરતી પર દૈવિક જીવન આધ્યાત્મિક ક્રિયા-કાર્યોથી લાવી શકાય છે. શ્રીઅરવિંદનું કહેવું છે કે 'યોગ'ના માધ્યમથી ધરતી પર ઝડપથી દૈનિક જીવન લાવી શકાય છે.

'યોગ'નો અર્થ છે – એક સૂત્રમાં બંધાવું. અર્થાત્‌ માનવીનું યોગ્ય સત્તાની સાથે તાદાત્મય સ્થાપિત કરવું. આપણે એ જાણીએ છીએ કે વિકાસ-પ્રક્રિયા વ્યક્તિગત સ્તર પર અને કોસ્મિક સ્તર સુધી પહોંચી છે. વિકાસ માનસિક સ્તરથી સુપરામેન્ટલ સ્તરની તરફ અગ્રસર થઈ રહ્યો છે. યોગ આ વિકાસની ગતિને તીવ્ર કરી શકે છે. શ્રીઅરવિંદના મતાનુસાર વિકાસનું લક્ષ્ય છે – એ દૈવિક જીવન જ્યાં બધી વ્યક્તિ મોક્ષની પ્રાપ્તિ કરી લેશે. આ સ્તર વહેલું-મોડું જરૂર આવશે. શ્રીઅરવિંદનું કહેવું છે કે જીવનપ્રક્રિયા પણ એક યોગ જ છે. જીવન અને જગતની વિકાસપ્રક્રિયા ખૂબ ધીમે-ધીમે ચાલે છે અને 'યોગ' આ પ્રક્રિયાને તીવ્ર કરે છે. 'યોગ' કેટલીય પ્રક્રિયાઓમાંથી થઈને ઉચ્ચતમ સ્તર સુધી પહોંચે છે. પૂર્ણ યોગનાં ચાર સ્તર છે – (૧) માનસિક ચંચળતાને શાંત કરવી, (૨) સ્થિરતા, (૩) શાંતિ અને (૪) નિરવતા. આ ચારેય અવસ્થાઓ માનસિક વિકાસને ઉજાગર કરે છે, જેના પછી માનસ પૂર્ણપણે મુક્ત થઈ જાય છે.

**દિવ્ય પુરુષ અને દિવ્ય જીવન અંગે શ્રીઅરવિંદના વિચાર**

શ્રીઅરવિંદની એવી માન્યતા છે કે વિકાસના ક્રમમાં દિવ્ય પુરુષનો અભ્યુદય થશે અને મનુષ્ય દિવ્યતાને પ્રાપ્ત કરશે. જે રીતે માનસ અતિમાનસના સ્તર પર વિકસિત થાય છે, તે રીતે માનવ દિવ્ય પુરુષના સ્તર સુધી વિકસિત થશે. શ્રીઅવિંદની એવી માન્યતા છે કે દિવ્ય પુરુષની એક જાતિ આ ધરતી પર ઉત્પન્ન થશે અને એ સ્થિતિમાં પ્રકૃતિ અપાર-પ્રકૃતિમાં પરિવર્તિત થઈ જશે અને માનવ દિવ્ય જીવનની સ્થિતિમાં પહોંચી જશે.

જ્યારે માનવ દિવ્ય જીવનમાં પહોંચી જાય છે ત્યારે એવી સ્થિતિમાં તેના શરીર અને મનમાં પાયાનું પરિવર્તન થઈ જાય છે. દિવ્ય માનવ સંપૂર્ણતાની દૃષ્ટિથી યુક્ત રહે છે અને પૂર્ણ અધ્યાત્મને પ્રાપ્ત કરી લે છે. એવી સ્થિતિમાં એ જ્ઞાન-પુરુષ થઈ જાય છે. જ્ઞાન-પુરુષ એક પૂર્ણ વ્યક્તિ છે અને તેનાં કાર્ય પૂર્ણપણે સંગઠિત હોય છે. તેથી તેનું રૂપ ઈશ્વરીય થઈ જાય છે. તે અજ્ઞાનના ક્ષેત્રથી સંપૂર્ણપણે ઉપર ઊઠી જાય છે. આ અતિમાનસિક રૂપાંતર માત્ર વ્યક્તિગત નથી હોતું. બલકે વિશ્વ-ચેતનામાં પણ તેનું રૂપાંતર થઈ જાય છે. તેનો પ્રભાવ જગત અને અન્ય વ્યક્તિઓ પર પણ પડે છે. તેની ચેતના એવું રૂપ લઈ લે છે કે તે દરેક વસ્તુમાં દિવ્ય અને ઈશ્વરીય રૂપને જુએ છે. ખરેખર 'દિવ્ય જીવન'નો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અર્થ છે – ધરતી પર પૂર્ણતાનું જીવન અને ઈશ્વરના રૂપનું જીવન. દિવ્ય-પુરુષ જીવન-મુક્ત હોય છે અર્થાત્ એવો પુરુષ જેણે સશરીર મુક્તિ પ્રાપ્ત કરી લીધી હોય. શ્રીઅરવિંદનો દિવ્ય પુરુષ પોતાની મુક્તિની સાથોસાથ બધાની મુક્તિ અને પૃથ્વી પર સ્વર્ગીય જીવનની કામના કરે છે. આ રીતે શ્રીઅરવિંદનું કહેવું છે કે માનવ દિવ્યતાની પ્રાપ્તિની સાથોસાથ વિશ્વમાં પૂર્ણત્વની પ્રાપ્તિ કરી લેશે, ત્યારે તેને મોક્ષની પ્રાપ્તિ થશે.

શ્રીઅરવિંદના વિચારોનું અંતિમ લક્ષ્ય માનવીનો પૂર્ણ વિકાસ છે. તેઓ માને છે કે માનવી પોતાના ભાગ્યને સ્વયં બનાવે છે. વંશાનુક્રમ અને પરિવેશ માનવીનાં વર્તમાન અને ભૂતકાલીન કર્મોનું પરિણામ છે. વર્તમાન જીવનનું અસ્તિત્વ અને પરિસ્થિતિઓ માનવીના વર્તમાન અને વીતેલાં કર્મોનું પરિણામ છે. કર્મનો નિયમ યથાર્થ છે. માનવી પોતાના વિચાર અને અનુભૂતિઓની તુલનાએ પોતાના કર્મ પર વધારે નિયંત્રણ કરી શકે છે. જેમ-જેમ આપણે વિકાસના નિયમમાં પ્રવેશ કરીએ છીએ, તેમ-તેમ આપણે વધુ ને વધુ આધ્યાત્મિક સ્વતંત્રતા પર આવતા જઈએ છીએ. આત્મા પોતાના અનુભવ દ્વારા પ્રકૃતિનો વિકાસ શોધે છે જેથી તેને અજ્ઞાનથી મુક્તિ મળી શકે. યોગ્યતમના અસ્તિત્વનો નિયમ એ પ્રાકૃતિક સિદ્ધાંત પર આધારિત છે કે પ્રત્યેક વ્યક્તિને વ્યય કરેલી શક્તિ પ્રમાણે પુરસ્કાર મળવો જોઈએ. આ રીતે માનવીનો વિકાસ ભૂતકાલીન અવસ્થાથી થતો વર્તમાન સુધી પહોંચે છે. શ્રીઅરવિંદ પુનર્જન્મમાં માને છે. તેને તેઓ આધ્યાત્મિક વિકાસને માટે જરૂરી શરત ગણાવે છે. આથી જન્મ અને મૃત્યુ માત્ર સંયોગમાત્ર નથી. માનવજીવન આકસ્મિક ઉત્પત્તિ નથી. તે એક શ્રેણીબદ્ધ કડી છે, જેનાથી વિશ્વમાં આત્મા પોતાને વિકસિત કરે છે અને અંતમાં વિકસિત થતો જતો માનવઆત્મા ચેતનાની દ્વારા પોતાનું કાર્ય કરે છે. માનવી પશુથી ઉપર ઊઠતો જાય છે અને ઉચ્ચતર સ્થિતિ સુધી પહોંચી જાય છે. જ્યારે આપણે વિશ્વના વિકાસને આધ્યાત્મિક મહત્ત્વ આપીએ છીએ ત્યારે પુનર્જન્મ એક અનિવાર્ય જરૂરિયાત બની જાય છે. જન્મ અને મૃત્યુ આત્માના વિકાસના ક્રમમાં બે સીડીઓ છે, જેનાથી માનવીનો વિકાસ થાય છે.

શ્રીઅરવિંદે પોતાના વિકાસવાદને રાજનીતિક અને સામાજિક ક્ષેત્રમાં પણ કાર્યરત કર્યો. તેઓએ સૃષ્ટિ, માનવી અને ભવિષ્યનું ગહન ચિંતન કર્યું હતું. તેમનું માનવું હતું કે મનાવીએ સંસાર છોડી ઈશ્વર તરફ ભાગવું ન જોઈએ. બલકે એવાં સારાં કર્મ કરવાં જોઈએ, જેનાથી ઈશ્વર આપણી પાસે આવી જાય. શ્રીઅરવિંદને માટે રાજનીતિ તેમના આધ્યાત્મિક સિદ્ધાંતોનો ફેલાવો હતો. તેઓએ હંમેશા ભારતમાં અંગ્રેજી શાસનની ટીકા કરી અને સ્વતંત્રતાની પ્રાપ્તિ પર ભાર મૂક્યો. રાજનીતિના ક્ષેત્રમાં તેઓએ વિકાસવાદને અપનાવ્યો. તેમનું માનવું હતું કે પૂર્ણ સ્વતંત્રતાની પ્રાપ્તિને માટે ભારતીયોમાં આત્મસમ્માન, આત્મ-નિર્ભરતા, બલિદાન અને ત્યાગની ભાવના ઉત્પન્ન કરવી જોઈએ. તેથી તેઓએ નિષ્ક્રિય પ્રતિરોધના સિદ્ધાંતનું સમર્થન કર્યું. તેઓ સ્વતંત્રતાને માટે રાજનીતિક ક્ષેત્રમાં ક્રાંતિકારી કાર્યક્રમોને પણ અપનાવવાની તરફેણમાં હતા.

(ક્રમશઃ)

**– ડૉ. અનુરાધા પ્રસાદ**

# લક્ષ્મણભાઈએ કેળવી સાચી સમજ !



(લક્ષ્મણભાઈ પટેલ એટલે લોકભારતીના પીઢ કાર્યકર્તાઓમાંના એક. તેમણે ૧૯૫૫થી ૧૯૭૩ સુધી સંસ્થામાં સેવાઓ આપી. તેઓ આચાર્ય, તેમજ ગૃહપતિ રહ્યા, ઉપરાંત અર્થશાસ્ત્ર વિષય ભણાવતા.)

**લો**કભારતીના પહેલા વર્ષનું પરિણામ આવ્યું હતું. હું 'બ+' એટલે કે ૫૫%એ પાસ થયો હતો પણ શિક્ષકનાં સંતાનોને મળે એવી શિષ્યવૃત્તિ માટે ૬૦% – પ્રથમ વર્ગ એટલે કે લોકભારતીની પદ્ધતિ પ્રમાણે 'અ' કક્ષામાં ઉત્તીર્ણ થવું અનિવાર્ય હતું. અમારા એક કુટુંબી વડીલે સૂચવ્યું કે એ મને લઈને સણોસરા જાય અને આચાર્યશ્રી લક્ષ્મણભાઈને વિનંતી કરે કે 'ક' કક્ષાવાળા વિષયો આમ પણ બહારની બધી કૉલેજમાં ભણાવાતા નથી તો એ ત્રણ વિષયો બાદ કરીને મને નવું ગુણપત્રક લખી દેવામાં આવે તો મને એકંદર 'અ' કક્ષા મળે અને હું પેલી શિષ્યવૃત્તિનું ફોર્મ ભરી શકું. લોકભારતી સંચાલિત નિશાળોમાં ભણેલા વિદ્યાર્થી તરીકે, આવી વાત કરાય નહીં – મને શરમ આવે – એમ કહીને મારાં બાને કહ્યું પરંતુ પેલા મુરબ્બીના, અમને મદદરૂપ થવાના ઉત્સાહ અને સાવરકુંડલાથી સણોસરાનો ધક્કો ખાવાનો પુરુષાર્થ એટલા અધિક હતા કે મારું કંઈ ચાલ્યું નહીં અને અમારું સરઘસ એક દિવસ સવારે અગિયાર વાગ્યે લોકભારતી પહોંચ્યું. વડીલે મને સૂચના આપી રાખેલી કે બધી વાત-વિનંતી તેઓ જાતે પોતે જ કરશે. મારે તો માત્ર ચૂપચાપ સાંભળવાનું જ હતું. લક્ષ્મણભાઈને મુખ્ય કાર્યાલયમાં મળ્યા. વાત સાંભળીને એમણે તો સીધું મને જ પૂછ્યું : 'રમેશ, જો તારા આ ગુણપત્રકમાંથી તને જે ચાર-પાંચ વિષયોમાં 'અ' અને 'અ+' કક્ષા મળી છે–એ વિષયો બાદ કરીને તને નવું ગુણપત્રક આપું તો ?'

હું ચૂપ, એમણે એ જ સવાલ ફરી પૂછ્યો. મારું માથું નીચું. બે-પાંચ પળ વીતવા દઈ લક્ષ્મણભાઈએ કહ્યું : મારા સવાલનો જવાબ રમેશ, અધૂરો છે ને ? તો આ તારા વડીલે મને, ઓછી કક્ષાવાળા બેત્રણ વિષયો બાદ કરીને નવું ગુણપત્રક આપવામાં સંસ્થાને શું વાંધો છે – એવા પૂછેલા સવાલનો જવાબ પણ અધૂરો જ ગણાય ? – એમના શબ્દેશબ્દે મારી આંખ ચૂતી રહી. ડૂસકું લેવાઈ ગયું ત્યારે જ એમને ખબર પડી. લક્ષ્મણભાઈએ કશું બોલ્યા વિના મને રડવા દીધો. સાથેના વડીલ અકળાતા હતા પણ એમની અકળામણને અવગણીને એમણે મને કહ્યું : જો, હૈયું હળવું થઈ ગયું હોય તો ત્યાં પાણિયારું છે, જઈને મોં ધોઈ આવ અને પાણી પી. હા, પાછો આવે ત્યારે અમારે માટે પણ પાણીના ગ્લાસ લેતો આવજે. સ્વસ્થ થઈ ગયા પછી મને કહે : રજામાં શું કરે છે ? 'દીપનિર્વાણ' વાંચું છું, એમ જાણીને કહેઃ 'પૂરું વાંચી લે, એ પછી મને પત્ર લખજે – શું શું ગમ્યું અને શું ન ગમ્યું – એના વિશે. આપણે એ મનુભાઈને વંચાવશું ને હા, બપોરા થઈ ગયા છે; જમીને જજો.'

'પણ વૅકેશન છે એટલે રસોડું તો બંધ નહીં હોય ?'

'વૅકેશન તો લોકભારતીમાં છે ને ? ઘરે ક્યાં છે ?' હસી પડતાં એમણે જવાબ આપ્યો હતો.

*



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

લોકભારતીના લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના અભ્યાસ-ક્રમમાં, પ્રત્યક્ષ ગ્રામસંપર્કના હેતુથી ગ્રામશિબિરનો સમાવેશ કરેલો છે. એમાં અપેક્ષા એવી છે કે ગ્રામોત્થાન માટે તૈયાર થઈ રહેલા – કેળવણી લઈ રહેલા સૌ વિદ્યાર્થીઓ ગ્રામવિસ્તારના પ્રશ્નો અને તેના સંભવિત ઉકેલોની મથામણમાં સામેલ થાય ને ગ્રામજીવનશૈલીનો પરિચય પામે. આવા ગ્રામશિબિરમાં અમે સૌ એક અઠવાડિયું બિસ્તરાપોટલાં અને સ્વાધ્યાયસામગ્રી સાથે સણોસરાની ઉત્તરે આવેલા ઈશ્વરિયા ગામે મોજમઝાથી રહેલાં. એમાં અમે એટલે, ૫૪ વિદ્યાર્થીઓ, ચાર અધ્યાપકો અને રસોડું સંભાળનારાં રળિયાતમા. આ શિબિર દરમિયાન કરવાનાં વિવિધ ગૃહકાર્યોમાં દેવરાજ ધામેલિયા અને મારું ગૃહકાર્ય હતું રસોઈ માટેનું બળતણ લઈ આવવાનું. ગામના મોવડી-મુરબ્બીઓ બે-ચાર સુક્કાં થડિયાં એમનાં ગાડાંમાં ભરીને અમારી શિબિર-છાવણીની આગળના મેદાનમાં ઠાલવી ગયેલા તે અમારે ઘણ-શીણા અને કુહાડી-કુહાડાથી એમાંથી બે ટંકનાં બળતણજોગ લાકડાં ચૂલામાં ઓરાય એ માપે ફાડી આપવાનાં !

બહુ મઝા પડતી આ કામમાં... પાછો દેવરાજ તો ઘણ મારે કે કુહાડી – શ્રમિક મનુષ્યો કરે એવા અવાજો હો...હ...હૈ...સો...ધુ..મ્મ... ધબ્બા...ક....પણ કરતો જાય ને શીણા ઉપર ઘણ બરાબર વચાળે જ વાગે એ શીખવતો જાય ! મોટામસ થડિયાની નાની એવી ફાટ્યમાં પહેલો, બીજો ને ત્રીજો... એમ વારાફરતી શીણા મારતા જવાના ને આગલો શીણો, પછીનો શીણો ફાટ્યમાં પેસતાં – કાઢતો જવાનો... બસ, આમાં કાળજી એટલી જ રાખવાની કે ગિજુભાઈની બાલવાર્તામાં આવે છે એમ – ચણા ખાતાં ખાતાં દડીને લાકડાની ફાટ્યમાં ભરાઈ ગયેલો ચણો પાછો મેળવવા જતાં વાંદરાભાઈની પૂંછડી સમૂચી, ચણો પાછો મળે એ પહેલાં ફાટ્યમાં ફસાઈ ગઈ હતી – એવું અમારાં આંગળાંનું ન થાય !

*

લોકશાળા – લોકભારતીના અભ્યાસવર્ષો દરમિયાન વૉલીબોલનું લગભગ ભૂત વળગેલું ! રજાના દહાડે જાણે વૉલીબોલ જ મુખ્ય વિષય બની જતો ! સોમવારની સવારે સાતથી નવ સુધી બેસ્ટ ઓફ સેવન ગેઈમ શ્રેણી પૂરી થાય પછી વિનુ માંગુકિયા, મનસુખ ચાંગેલા અને આ લખનારની, રાઉન્ડહેન્ડ સર્વિસની પ્રેક્ટિસ ચાલે દસ-સાડા દસ સુધી! તે પાછા સાંજની રમત તો સાડા ચાર-પાંચ વાગ્યે શરૂ થઈ જ જાય! સોમની રજાના બાર કલાક દરમિયાન દરેક સો સો રાઉન્ડહેન્ડ સર્વિસ કરવાની એટલે કરવાની જ ! ગ્રામશિબિરમાં પણ શિબિર-છાવણીનાં રસોડું અને પાણીરૂમ કડબનાં ટાટાં બાંધીને ઊભાં કર્યા પછી પહેલું કામ વૉલીબોલનું મેદાન તૈયાર કરવાનું કર્યું હતું. પછી દરરોજ ત્રણ ટીમ પાડીને કલાક સવા કલાક રમીએ. લક્ષ્મણભાઈ અમારા શિબિરાધિપતિ અને વંડ્રાભાઈ શિબિરસંચાલક. વંડ્રાભાઈ રમવા આવે અને લક્ષ્મણભાઈ જાણે કે પોતે, વૉલીબોલમાં 'ઠોઠ' – નિશાળિયા છે એટલે પંદર-વીસ મિનિટ માત્ર જોવા આવે. પછી શિબિર-છાવણીએ પાછા જતાં હોઈએ ત્યારે, એ દિવસે જે ખેલાડી સારું રમ્યો હોય એને શાબાશી આપે. એક વાર મને કહ્યું : 'તું સરસ રમે છે, અનુબહેનને હું કહીશ કે તને બી.એડ્. નહીં. ડી.પી.એડ્. કરાવે અને માત્ર શિક્ષક નહીં, વ્યાયામ-શિક્ષક બનાવે.'

એક દિવસ વૉલીબોલ અને નેટ લઈને અમે રમવા જતા હતા. ત્યાં એક હાથમાં ડોલ-સીંચણ અને બીજા હાથમાં માટલા સાથે લક્ષ્મણભાઈ પાણી રૂમમાંથી નીકળ્યા, એમની પાછળ પાછા વંડ્રાભાઈ ! એમના હાથમાં ય માટલું ! હાથમાંના નેટ-વૉલીબોલ અમે દોડતાં જઈને લક્ષ્મણભાઈને ભળાવ્યાં. અને પેલાં ડોલ-સીંચણ-માટલાં સાથે અમારી વૉલીબોલ ટીમ પહોંચી કૂવે... ફટાફટ પાણી સીંચાય લાંબા હેલારે, ગળણું બાંધેલા માટલાં ભરાય બબૂડાટ સાથે ને ઉતાવળે પગલે એ માટલાં પહોંચે શિબિર-છાવણીમાંની બાજરાની કડબબાંધી પાણીરૂપે ! પંદરવીસ મિનિટમાં છયે છ માટલાં ભરાઈ ગયાં ને અમે ઊપડ્યા વૉલીબોલ રમવા.... ત્યાં લક્ષ્મણભાઈએ સાદ પાડ્યો. મનમાં હતું : લક્ષ્મણભાઈને વળી, શું કામ સૂઝ્યું હશે ? ગયો. કહે : રળિયાતમા શાકની રાહ જુએ છે, પણ પોપટભાઈ ક્યાંય દેખાતા નથી. એ પ્રેમજીભાઈ નાકરાણાની વાડીએ રીંગણાં ઉતારવા ગયો છે – તું સાઇકલ લઈને સામો જઈશ ? સાંજનું ભોજન નહિતર પાછું મોડું થશે ! વળી પાછાં નેટ-વૉલીબોલ મિત્રોને ભળાવ્યાં અને 'સાઇકલ પલાણી તે ઢૂંકડી હજો નાકરાણીની વાડી !' પોપટ ભલાણીને ગાંડા બાવળની શૂળ વાગેલી હોઈ એણે લંગડાતા પગે રીંગણાં તો ઉતાર્યાં હતાં ને કૂવાના થાળે પડતા ઓઇલ-એન્જિનના પાણીના ધૂધડે ધોતો બેઠો હતો. પછી તો બીજા બે હાથ ઉમેરાયા ને બે કોથળીમાં રીંગણાં ભરીને એક કોથળી સાઇકલના કેરિયર ઉપર બેઠેલા પોપટના ખોળામાં ને બીજી કોથળી આગળ સાઈકલના હેન્ડલ વચાળે – એમ ખેંતાણી મૂક્યા ! રીંગણાં રળિયાતમાને સોંપી સીધી દોટ દીધી રમવા! મોડો તો પડ્યો જ હતો, પણ સેવનની એક એવી બે ગેઇમ તોય રમાઈ વૉલીબોલની !

ગ્રામશિબિર પૂરો થયા પછી શિબિરાર્થીઓમાંના લીલા પટેલ અને બાલુ કાછડિયાએ સાંજની પ્રાર્થનામાં શિબિરજીવનના અનુભવો અહેવાલ રૂપે વર્ણવ્યા. પછી વંડ્રાભાઈ બોલ્યા અને અંતે લક્ષ્મણભાઈએ, પોતાના સાત દિવસ લોકભારતી બહાર, આચાર્યશ્રીની જવાબદારીથી સાવ મુક્ત એવા વાતાવરણમાં કેમ વીત્યા એની વાતો કર્યા પછી શિબિરજીવનના સત્યને ઉપસાવતી બાબત તરીકે ઉપર નોંધી એ ઘટનાનું વર્ણન કરીને મને શ્રોતાગણમાં શોધ્યો. લોકભારતીમાં સામાન્ય રિવાજ એવો કે પ્રાર્થનામાં સૌ અનિવાર્ય રીતે જોડાય પણ પ્રાર્થના હાજરીની જેમ ફરજિયાત નહીં ! બુચકાકા પ્રાર્થનામાં ભજન ગાવાના છે એવી ખબર હોય તો પ્રાર્થનામાં અચૂક અન્યથા ક્વચિત્ જનારો હું એમને ક્યાંથી જડું ? લક્ષ્મણભાઈએ, કફનીની બાંય પેટ વરાણે આઘી કરીને ઘડિયાળમાં જોયું અને કહ્યું : 'સાડા સાત થયા છે, રમેશ અત્યારે વૉલીબોલ તો નહીં રમતો હોય ને ?'

*

લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષમાં, ત્રણેય વિદ્યાશાખા : લોકશિક્ષણ, કૃષિવિદ્યા અને ગ્રામનિર્માણના વિદ્યાર્થીઓ ભેગા થાય અને એક છાત્રાલયમાં એ બધાનો સમાસ ન થઈ શકે એટલે એમને, મુનિભાઈના ઘરની બાજુમાં આવેલા છાત્રાલય ઉપરાંત મધ્યસ્થ કોઠારની ઉપર આવેલા છાત્રાલયમાં રહેતા ગ્રામનિર્માણના વિદ્યાર્થીઓ સાથે વહેંચવા પડે. મૂળ છાત્રાલયથી આ કોઠારવાળા છાત્રાલય માટે નવ વિદ્યાર્થીઓની પસંદગી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થાય. અલબત્ત, એ અંગે કંઈ બહુ જડ નીતિનિયમો ન હતાં, સત્રના આરંભે બેત્રણ દિવસમાં વિદ્યાર્થી સ્વેચ્છાએ છાત્રાલયની પસંદગી કરે. પસંદગી અને વિભાજનનું આ કામ થઈ ગયા પછી બે-ત્રણ મહિને એક વાર લોકભારતીથી ગામમાં જવાના રસ્તે ચાલતાં લક્ષ્મણભાઈની સાથે થઈ જવાયું અને વાતો વાતોમાં એમણે પૂછ્યું : 'મને એમ હતું કે તું કોઠારવાળા છાત્રાલયે રહેવા આવીશ !'

જવાબ દેતાં વાર થઈ એટલે એમણે ઉમેર્યું : 'આજે તો હવે એ વાતનું કંઈ બહુ મહત્ત્વ નથી પણ મને મનમાં એવી ઇચ્છા હતી કે તું મારા છાત્રાલયમાં હોય... તારો મોટો ભાઈ, તને ખબર છે ને એ અધ્યાપનમંદિરમાં હતો ત્યારે અધ્યાપનમંદિરનો ગૃહપતિ હું હતો. એ મને બહુ ગમતો વિદ્યાર્થી હતો. આંબલામાં પણ મેં એને આઠમા-નવમા ધોરણમાં ભણાવ્યો હતો. અમે કોઈ કોઈ વાર જબરા ઝઘડતા, મઝા પડતી. આમ તો એ ઓછાબોલો હતો પણ દલીલો કરે ત્યારે એની આંખોમાં તેજ અંજાતું. ખેર એ તો વહેલો ગયો...' એમને ગળે ખરેરી બાઝી હતી. મેં ઊંચું જોયું તો આંખો પણ ચમકતી હતી. હવે મનમાં હોય એ કહેવું જ જોઈએ - એમ થઈ આવતાં, ધીમા અવાજે કહ્યું : 'લક્ષ્મણભાઈ, તમે કહો તો આજે ય ત્યાં રહેવા આવું પણ આ ગ્રામનિર્માણવાળા બધા બહુ ચીકણા ને વેદિયા હોય છે, મને એમની હારે રહેવું નો ગમે !' 'તારી વાત, તારી રીતે સાચી હશે પણ મને તો એક જ લોભ હતો કે તારામાં જરાક અનિયમિતતા છે એ તું મારી પાસે એકાદ વર્ષ રહે તો ઓછી થાય ! પણ કંઈ નહીં, હાલ તો જેમ છે એમ જ બરાબર છે.'

*

અમારા અભ્યાસકાળે, લોકસેવા મહાવિદ્યાલયનો સ્નાતક - અભ્યાસક્રમ સાડા ચાર વર્ષનો હતો. ત્રણ વર્ષ પૂરાં કરીને ખૂલતા નવા સત્રે વિદ્યાર્થી કેન્દ્રનિવાસ અને ગ્રામનિવાસ રૂપે પ્રત્યક્ષ તાલીમ લેવા લોકભારતી બહાર સમગ્ર ગુજરાતમાં અને જરૂર હોય તો ગુજરાત બહાર પણ જાય. એ ત્રણ માસ પૂરા થયા પછી લોકભારતીમાં આવીને એના કામનો અહેવાલ લખે તથા મહાસ્વાધ્યાય પૂરો કરીને પરીક્ષા આપીને માગશર વદ બારશે યોજાતા વાર્ષિકોત્સવમાં સ્નાતકનું પ્રમાણપત્ર મેળવે. આ છેલ્લા છ મહિનાવાળા વિદ્યાર્થીઓ સાડા-ત્રણિયા અર્થાત્ ઊંઠાવાળા ગણાય. અમે ઊંઠામાં હતા ત્યારે ઊંઠાના છાત્રાલયના મૂળ ગૃહપતિ સંસ્થામાંથી મુક્ત થતાં લક્ષ્મણભાઈ અનાયાસ અમારા ગૃહપતિ નિમાયા.

અમને બંનેને આ વાતનો આનંદ હતો. રાત થોડી અને વેશ ઝાઝાની પરિસ્થિતિમાં સૌ વિદ્યાર્થીઓ પહેલાં તો મહાસ્વાધ્યાય પતાવવાની મથામણમાં હોય, એ પછી નિરાંતે પરીક્ષાની તૈયારી થઈ શકે. અમારા હિંદીના અધ્યાપક યશવંતભાઈ ત્રિવેદીએ મારો મહાસ્વાધ્યાય સૌ પહેલાં તપાસી લીધેલો એટલે એને ફરી સારા અક્ષરે લખી, સોનગઢ જઈને પ્રેસમાં ચોપડે બંધાવીને નિરાંતે 'સૂરસાગર'માંનાં સૂરદાસનાં ગમી જાય એ પદો મઝાથી વાંચવાં, વૉલીબોલ રમવો અને રાતે રાજેન્દ્રહિલની ટેકરીઓમાં ફરવા જવા સિવાય કશું કામ ન હતું. એક દિવસ ભરપેટ દાળઢોકળી ઝાપટીને, રાતે કાંતણ-હાજરી આટોપાયા પછી હું, ત્રિભુવન અને લવજી રાજેન્દ્રહિલ તરફ ફરવા જતા હતા ત્યાં શામજી મુંજાણીએ કહ્યું કે તને લક્ષ્મણભાઈ બોલાવે છે. ફરવા જવામાં મોડું થશે એવું માનીને કચવાતે મને, પાંચ છ વિદ્યાર્થીઓ સાથે ઊભેલા લક્ષ્મણભાઈ પાસે જઈને ટેવ મુજબ અદબ વાળીને ઊભો રહ્યો. મારા બંને મિત્રો પણ કુતૂહલવશ મારી પાછળ-પાછળ આવેલા.

લક્ષ્મણભાઈ, પાણી ભરવાનું ગૃહકાર્ય કરનારા બે વિદ્યાર્થીઓને, માટલાં ઉપરનાં બુઝારાં, પાણી ભરવાનો ડોયો અને પ્યાલા બરાબર ઉટકાતાં-મંજાતાં નથી - પીવાનાં પાણીનાં વાસણો તો કેવાં ચોખ્ખાં રહેવાં જોઈએ, એ વાત ધીરજપૂર્વક સમજાવતા હતા. મને હાજર થયેલો જોઈને કહ્યું : 'આ રમેશ દાતણક્યારીની સફાઈ કરે છે, જ્યાં છાત્રાલયના વિદ્યાર્થીઓ સવારે બેસીને દાતણ કરે છે તે, ત્રીસ ફૂટ લાંબી, પાંચ ફૂટ પહોળી અને છ ઈંચ ઊંડી છે. સવારે દાતણ કરવા જાઓ છો ત્યારે જોઈ છે ધારીને કદી ? અત્યારે જોવા જવું છે ? દાતણની ચીર કે કૂચો તો શું ખડનું નાનું એવું તણખલુંય પડ્યું નહીં હોય ! જો દાતણ-ક્યારી જેવી જગ્યા આટલી સાફસૂથરી રાખી શકાતી હોય તો પીવાનાં પાણીનાં વાસણોની સફાઈમાં સહેજ પણ આળસ-બેદરકારી કેમ રખાય ?'

મારું કામ પતી ગયું છે - એમ માનીને અમે ત્રણેય મિત્રો હળવેક રહીને ખસી ગયા. દોઢ-બે કલાક રાજેન્દ્ર હિલ પર ફરીને, નિરાંતે બેસીને પાછા આવતા હતા ત્યારે ત્રિભોવન રાઠોડે પૂછ્યું હતું : 'દાતણક્યારીની સફાઈ તું ટેસથી કરતો હોય છે પણ એ વખતે તારા મનમાં આ વાત ક્યારેય ઊગી હતી ?'

(લોકભારતીના વિદ્યાર્થીઓનાં સ્મરણોમાંથી) **- રમેશ દવે**

---

## ઊંઘ અને ઈમ્યુનિટી...

(પાન ૧૯નું ચાલુ)

અને બીમાર અંગની દુરસ્તીની પ્રક્રિયા પણ ઝડપી બને છે. એમની સરખામણીમાં જે લોકો ઓછું ઊંઘે છે તેમની અંદર રોગપ્રક્રિયા લાંબી ચાલે છે અને શરીરમાં શોથપ્રક્રિયાનો ઝટ અંત આવતો નથી.

સરવાળે ઓછી ઊંઘ લેવાથી ડાયાબિટીઝ, હૃદય અને રુધિરાભિસરણ તંત્ર સંબંધી, હૃદયરોગના હુમલા અને પક્ષાઘાતની બીમારી, મગજની આલ્ઝાઇમર ડિઝીઝ અને પાર્કિન્સન રોગની બીમારીઓ, તથા ડિપ્રેશન જેવી માનસિક બીમારીઓનું પ્રમાણ વધારે જોવા મળે છે.

કમનસીબે આપણું શરીર અને આપણું રોગપ્રતિકાર તંત્ર આપણી ઓછી ઊંઘની સાથે અનુકૂલન કરી શકતાં નથી. પરિણામે શરીરમાં મંદ ગતિની લાંબા ગાળાની શોથપ્રક્રિયા આકાર લેવા લાગે છે, જે અનેક બીમારીઓનું કારણ બને છે. એથી વિપરીત, જો આપણે પૂરતું ઊંઘીએ તો ખાસ કરીને ગાઢ ઊંઘના ત્રીજા તબક્કા દરમિયાન આપણા શરીરની દેહધાર્મિક પ્રક્રિયાઓ ધીમી પડીને આપણા શરીરમાં શક્તિનો વ્યય થતો અટકાવે છે, જેનો ઉપયોગ આપણું રોગપ્રતિકાર તંત્ર સૂક્ષ્મ જીવાણુઓ અને કેન્સર જેવા રોગો સામે લડવા માટે કરે છે.

('આપણું સ્વાસ્થ્ય'માંથી સાભાર)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વિશેષ સઘન સુધાર (SIR) : લોકશાહીમાં તમારો અધિકાર અને જવાબદારી...!

**ચૂં**ટણી કમિશન ગુજરાત દ્વારા "SIR" (સ્પેશિયલ ઇન્ટેન્સીવ રીવીઝન) - વિશેષ સઘન સુધારની જાહેરાત કરવામાં આવી છે. તે અંગે પ્રસ્તુત લેખમાં મહત્ત્વના મુદ્દાઓને સમજીએ.

બિહાર પછી બીજા ફેઝનાં ૧૨ રાજ્યોમાં વિશેષ સઘન સુધાર (Special Intensive Revision - SIR), એ ચૂંટણી પંચ (ECI) દ્વારા ચલાવવામાં આવતો એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ છે, જેનો હેતુ મતદાર યાદીને અપડેટ અને સચોટ બનાવવાનો છે. ગુજરાત સહિત ૯ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ બીજા તબક્કાની SIR પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, જેમાં લગભગ ૫૧ કરોડ (જેમાં ગુજરાતના ૫ કરોડ) મતદારોનો સંપર્ક કરવામાં આવ્યો. આ કાર્યક્રમ ૨૧ વર્ષ પહેલાં ૨૦૦૨ થી ૨૦૦૪ની મતદાર યાદીને આધાર બનાવીને ૨૦૨૫ની યાદીની તપાસ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ મતદાર અપડેટ કરવાની પ્રક્રિયા આઝાદી પછી નવમી વખત થઈ રહી છે. છેલ્લે દેશમાં ૨૦૦૨ થી ૨૦૦૪ વચ્ચે કરવામાં આવી હતી.

બંધારણના અનુચ્છેદ ૩૨૪ અનુસાર 'ચૂંટણી પંચ' રચાયેલ છે, ક.૩૨૫ અનુસાર સંસદના કોઈ પણ ગૃહનું અથવા કોઈ રાજ્ય વિધાન મંડળમાં કોઈ પણ ગૃહને ચૂંટણી માટેના પ્રાદેશિક મતદાર મંડળ માટે એક સામાન્ય મતદાર યાદી રહેશે અને કોઈ પણ વ્યક્તિ માત્ર ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગભેદ કે આ પૈકીના કોઈ પણ એક કારણસર આવી મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે ગેરલાયક બનશે નહીં. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ (૩) અનુસાર ચૂંટણી પંચ કોઈપણ સમયે, નોંધાયેલાં કારણોસર, કોઈ પણ મતવિસ્તાર અથવા મતવિસ્તારના ભાગ અને મતદાર યાદીના ખાસ સુધારાનો નિર્દેશ આપી શકે છે, જે તેને યોગ્ય લાગે તે રીતે; પરંતુ આ કાયદાની અન્ય જોગવાઈઓને આધીન, આવા કોઈ પણ નિર્દેશ જારી કરતી વખતે અમલમાં રહેલી મતદાર યાદી, આ રીતે નિર્દેશિત ખાસ સુધારાની પૂર્ણતા સુધી અમલમાં રહેશે.

SIR નો મુખ્ય ઉદ્દેશ મતદારોની વિગતોને ચકાસવી અને યાદીમાં ભૂલોને સુધારવી છે, જે મતદારોનું નામ ૨૦૦૨ અને ૨૦૨૫ બંને યાદીઓમાં છે, તેમની ખાસ તપાસ કરવામાં આવે છે, આનાથી ખોટાં, નકલી અથવા જૂનાં નામોને દૂર કરીને ચૂંટણી પ્રક્રિયા વધુ વિશ્વસનીય બને. આ કાર્યક્રમ મતાધિકારને મજબૂત કરે છે અને આગામી ચૂંટણીઓ માટે તૈયારી કરે છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ (RPA) મુજબ જોઈએ તો શરૂઆતમાં મતદાર યાદી તૈયાર કરવાની પ્રક્રિયા સ્થાનિક સમુદાયો અને પડોશીઓની સહભાગિતાથી વધુ સમાવેશક હતી. પરંતુ હાલની પ્રક્રિયા વિપક્ષો અને લોકશાહી સંસ્થાઓની સુપ્રીમ કોર્ટમાં કરેલ અરજીઓ જોતાં શંકાઓ ઊભી કરી રહી છે.

આ કાર્યક્રમ હેઠળ બૂથ લેવલ અધિકારી (BLO) મતદારોને ઘરે ઘરે જશે અને એક વિશેષ ફોર્મ (Enumeration Form - EF) આપશે. આ ફોર્મમાં અમુક વિગતો પહેલેથી લખેલી હશે. ત્રણ ભાગમાં વહેંચાયેલા ફોર્મમાં લાગું પડતું ભરીને, સહી કરી BLO ને પાછું આપવાનું છે. BLO દરેક ઘરે વધુમાં વધુ ત્રણ વખત જશે. જો કોઈ મતદાર ઘરે ન હોય તો તેમના પરિવારના કોઈ સભ્ય ફોર્મ ભરી શકે, પણ મતદારની સહી જરૂરી છે. જો ઘર બંધ હશે, તો પડોશીઓ પાસેથી માહિતી લઈ લેશે. ચૂંટણી પંચ (ECI)ની વેબસાઈટ પર પણ ફોર્મ અપલોડ કરી શકાશે, પણ તેમાં આધાર કાર્ડથી ચકાસણી કરવી પડશે. જો ફોર્મ પર સહી ના હોય અથવા ભરેલું પરત કરવામાં નહીં આવે, તો તે મતદારનું નામ યાદીમાંથી રદ કરવામાં આવી શકે છે.

ફોર્મ ભરવાની વાત કરીએ તો (૧) જો તમારું નામ ૨૦૦૨માં SIR ની યાદીમાં છે તો કોલમ નં. ૧ અને ૨ ભરશો. (૨) જો તમારું નામ નથી, પરંતુ તમારાં માતા, પિતા, દાદા અથવા દાદીનું નામ છે તો કોલમ નં. ૧ અને ૩ ભરશો. (૩) જો તમારું નામ પણ નથી અને તમારા પરિવારના કોઈ સભ્યનું નામ પણ નથી તો ફક્ત કોલમ નં. ૧ ભરશો. કેટેગરી નક્કી કરવાનું કામ ફક્ત BLO, ERO અને DEO નું છે. તેથી એ બાબતે કોઈ ગેરસમજ ઊભી ન કરવી. SIR (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવીઝન)માં મતદાર યાદીને સુધારવા માટે ઘણી કેટેગરીઓનો ઉપયોગ થાય છે, ખાસ કરીને નામ કાઢવા (ડિલીશન), ઉમેરવા (એડિશન) કે સુધારા (કરેક્શન) માટે. ESIના દસ્તાવેજોમાં આ કેટેગરીઓને અક્ષરો (લેટર્સ) દ્વારા દર્શાવવામાં આવે છે. ચૂંટણી પંચના નિયમો અનુસાર, SIR પ્રક્રિયામાં મુખ્યત્વે મતદાર યાદીના સપ્લિમેન્ટમાં E : એક્સપાયર્ડ (મૃત્યુ), S : શિફ્ટેડ (અન્ય કોન્સ્ટિટ્યુએન્સીમાં સ્થળાંતર), Q : ડિસ્ક્વોલિફાઈડ (અયોગ્ય), R : રિપીટેડ (ડુપ્લિકેટ), M : મિસિંગ (ગુમ થયેલ અથવા ચકાસણી ન થયેલ) અક્ષર આધારિત કોડનો ઉપયોગ થાય છે. આ કોડ્સ ચૂંટણી પંચના રજિસ્ટ્રેશન અને ઈલેક્ટર્સ રૂલ્સ, ૧૯૬૦ અનુસાર વપરાય છે અને SIR જેવી રિવિઝન પ્રક્રિયામાં ડિલીશનનાં કારણો દર્શાવવા માટે વપરાય છે. SIR નો ઉદ્દેશ મતદાર યાદીને અદ્યતન અને સચોટ બનાવવાનો છે, જેમાં ફોર્મ ૬ (નવા મતદાર ઉમેરવા), ૭ (રદ કરવા), ૮ (સુધારણા) વગેરેનો સમાવેશ થાય છે.

અત્યારે ફોર્મ સાથે કોઈ દસ્તાવેજ જોડવાનાં નથી. BLO સ્થળ તપાસ કરશે; જરૂર પડશે તો આઈડી/સરનામું/ઉંમરનો પુરાવો માંગશે. જો ૨૦૦૨ યાદીમાં પોતાનું/માતા-પિતા/દાદા-દાદીનું નામ ન મળે, તો ડ્રાફ્ટ પછી (૯ ડિસેમ્બરથી) નોટિસ આવશે અને નાગરિકતા/ ઉંમરના પુરાવા જમા કરાવવા પડશે. ERO (સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ) સુનાવણી કરશે. ૧૨ મુખ્ય પુરાવાઓ (દસ્તાવેજો) નક્કી કર્યા છે. આ પુરાવાઓ વય, રહેઠાણ, ઓળખ અને નાગરિકતા સાબિત કરવા માટે વપરાય છે - ખાસ કરીને નવા મતદારોને ઉમેરવા, જૂનાં નામોમાં સુધારા કે તપાસ માટે પુરાવાઓની યાદી (જે ગુજરાત માટે લાગુ છે) :

૧. સરકારી ઓળખપત્ર અથવા પેન્શન પેમેન્ટ ઓર્ડર : કેન્દ્ર/



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રાજ્ય સરકાર અથવા પીએસયુના નિયમિત કર્મચારી/પેન્શનરને જારી કરેલું કોઈ પણ ઓળખપત્ર.

૨. સરકારી/બેંક/સ્થાનિક/ અધિકારીઓના પ્રમાણપત્રો : ભારત સરકાર, બેંક, સ્થાનિક અધિકારીઓ અથવા પીએસયુ (પીપલ્સ કો-ઓપરેટિવ યુનિટ) દ્વારા જારી કરેલા કોઈપણ ઓળખપત્ર/પ્રમાણપત્ર/દસ્તાવેજ.

૩. જન્મ પ્રમાણપત્ર : સક્ષમ અધિકારી (જેમ કે મ્યુનિસિપલ કોર્પોરેશન, ગ્રામ પંચાયત) દ્વારા જારી કરેલું (ઉંમર સાબિત કરવા માટે).

૪. પાસપોર્ટ : ભારતીય પાસપોર્ટ (ઓળખ અને રહેઠાણ માટે).

૫. મેટ્રિક/શૈક્ષણિક પ્રમાણપત્ર : માન્ય બોર્ડ અથવા યુનિવર્સિટી દ્વારા જારી કરેલું મેટ્રિક્યુલેશન અથવા અન્ય શૈક્ષણિક પ્રમાણપત્ર (ઉંમર અને ઓળખ માટે).

૬. કાયમી રહેઠાણ પ્રમાણપત્ર : રાજ્યના સક્ષમ અધિકારી (જેમ કે તાલુકા, મામલતદર) દ્વારા જારી કરેલું પીઆરસી (રહેઠાણ માટે).

૭. વન અધિકાર પ્રમાણપત્ર : એફઆરએ (ફોરેસ્ટ રાઈટ્સ એક્ટ) હેઠળ જારી કરેલું (આદિવાસીઓ માટે રહેઠાણ અને ઓળખ માટે).

૮. જાતિ પ્રમાણપત્ર : OBC/ST/SC અથવા કોઈ પણ જાતિ પ્રમાણપત્ર (સામાજિક વર્ગીકરણ માટે).

૯. રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) : જ્યાં અસ્તિત્વમાં હોય તેમાંથી (નાગરિકતા સાબિત કરવા માટે, જો લાગુ પડતું હોય તો).

૧૦. કુટુંબ રજિસ્ટર : રાજ્ય અથવા સ્થાનિક અધિકારીઓ (જેમ કે ગ્રામ પંચાયત) દ્વારા તૈયાર કરેલું (કુટુંબ અને રહેઠાણ માટે).

૧૧. જમીન/ઘર ફાળવણી પ્રમાણપત્ર : સરકાર દ્વારા જારી કરેલું કોઈપણ જમીન અથવા ઘરની ફાળવણીનું પ્રમાણપત્ર (રહેઠાણ માટે).

૧૨. આધાર કાર્ડ : ECI ના વિશેષ નિર્દેશો (લેટર નં. ૨૩/૨૦૨૫-ERS/Vol.II, તારીખ ૯.૯.૨૦૨૫) લાગુ પડતું હોય તો - જેનાથી ઓળખ અને સરનામું સાબિત કરી શકાય (નાગરિકતા નહીં).

તાજેતરમાં કેટલીક ખોટી માહિતીઓ પણ ફેલાઈ રહી છે કે પાન કાર્ડ યા ડ્રાઈવિંગ લાયસન્સ પણ SIR પ્રક્રિયામાં માન્ય પુરાવા ગણાશે. પરંતુ તે દાવાઓ સંપૂર્ણ ખોટા છે. માત્ર એવાં જ પાન કાર્ડ અને ડ્રાઈવિંગ લાયસન્સ માન્ય ગણાશે, જે ૧૯૮૭ અથવા તે પહેલાંના છે.

ગુજરાતમાં ૫૦,૦૦૦થી વધુ BLO આ કામ કરી રહ્યા છે, જેથી દરેક ઘરે પહોંચી શકાય. મહત્ત્વની તારીખમાં ૪ નવેમ્બર, ૨૦૨૫થી ફોર્મ વિતરણ શરૂ થયેલ જે મોડામાં મોડા ૪ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ભરીને પરત કરવાનું છે. પ્રાથમિક યાદી ૯ ડિસેમ્બર, ૨૦૨૫ જાહેર થશે. ફરિયાદો અને સુધારણા માટેની અપીલ ૮ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી કરી શકાશે. તમારું નામ યાદીમાં છે કે નહીં તે તપાસવા માટે : Voters.eci.gov.in પર હેલ્પલાઈન : ૧૯૫૦ અથવા ૧૮૦૦-૧૧૧-૧૧૧ પર કોલ અથવા ECINet એપ છે. જરૂરી દસ્તાવેજ : માત્ર સહી અને આધાર (ઓનલાઈન જમા કરાવવા માટે).

શરૂઆતમાં આધારને માન્ય દસ્તાવેજમાંથી બહાર રાખવાથી સામાન્ય રીતે ગરીબ લોકોને મુશ્કેલી પડી, કારણ કે આધાર જ સૌથી સામાન્ય સરકારી ઓળખપત્ર છે. કોર્ટના હસ્તક્ષેપ પછી જ તેને સ્વીકારવામાં આવ્યું. આધાર ઓળખ સાબિત કરે છે, નાગરિકતા નહીં. એટલે કયા દસ્તાવેજો, કેટલા વિદેશીઓ મળ્યા - આ બધાની સ્પષ્ટતા જરૂરી છે, કારણ કે આટલી મોટી હલચલનું કારણ તો એ જ બતાવવામાં આવ્યું હતું. ૨૦૦૩માં ખુદ ચૂંટણી પંચે મતદાર ઓળખ કાર્ડ (EIPC)ને માન્ય કરેલ, ૨૦૨૫માં તેને દસ્તાવેજોની યાદીમાંથી હટાવી આધાર કાર્ડને સામેલ કરેલ, જે હવે નાગરિકતાનું પ્રમાણ નથી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીએ ૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ આરપી એક્ટની કલમ ૨૩(૪)નો ઉલ્લેખ કરતાં ઓળખના પુરાવા તરીકે આધાર કાર્ડનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનું જણાવેલ છે. ન્યાયાધીશે સમજાવ્યું કે સૂચના કાયદાકીય જોગવાઈને ઓવરરાઈડ કરી શકતી નથી. આધાર નાગરિકતાનો પુરાવો રહેશે, પરંતુ આધાર ચોક્કસપણે ઓળખના સંદર્ભમાં એક પુરાવો છે. મતલબ ૧૨મા નંબરના ઓળખ દસ્તાવેજ તરીકે સામેલ કરાયું છે. ડીજીટલ સાક્ષરતા પણ મૂંઝવણ ઊભી કરી રહ્યું છે. કેમ કે છેવાડાના ગ્રામીણ, આદિવાસી વિસ્તારો અને એવા ગરીબ લોકો કે જેમના સુધી ડીજીટલની પહોંચ જ નથી અને સાથે એવા ગરીબ, વંચિત, દલિત, આદિવાસી કે જેમની પાસે દસ્તાવેજ જ ન હોય તે જન્મ પ્રમાણપત્ર ક્યાંથી લાવશે ?

યાદી સુધારવી અને મતદારો ઘટાડવા આ બંનેમાં ઘણો ફરક છે. પહેલી બાબત લોકશાહીને મજબૂત બનાવે છે, જ્યારે બીજી બાબત તેને નબળી પાડે છે. બિહારમાં ખાસ તપાસ દરમિયાન આશરે ૬૮.૬૬ લાખ મતદારોનાં નામ કાઢી નાખવામાં આવ્યાં - એટલે કુલ સાત કરોડ નેવ્યાસી લાખ મતદારોમાંથી ૮.૫% જેટલા. આ કાઢી નાખવામાં આવેલા મતદારોમાં મોટાભાગના એવા હતા જેઓ મૃત અથવા સ્થળાંતરિત હોવાનું જણાવ્યું હતું. જોકે, ૩.૬૬ લાખ મતદારો 'અયોગ્ય' હોવાનું જણાવ્યું હતું - એટલે કે, જેઓ અન્ય બાબતોની સાથે, તેમની રાષ્ટ્રીયતા સાબિત કરવા માટે ચોક્કસ દસ્તાવેજો રજૂ કરી શક્યા ન હતા. નવી નોંધણી પછી, ૭.૪૨ કરોડ મતદારો વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરવા માટે લાયક હતા. મહારાષ્ટ્રમાં નવેમ્બર ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પછી ૧૪.૭૧ લાખ મતદારોનાં નામ મતદાર યાદીમાં ઉમેરાયાં છે જ્યારે ૪.૦૯ લાખ મતદારોનાં નામ કાઢી નાખવામાં આવ્યાં છે, પરંતુ એક પણ રાજકીય પક્ષે આ સંદર્ભમાં કોઈ વાંધો ઉઠાવ્યો નથી, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, કેરળ અને પુડુચેરીમાં ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે ત્યારે આટલી મોટી સંખ્યામાં ફેરફારો માટે સાફ અને સ્પષ્ટ કારણો જરૂરી છે, ફક્ત મરણ કે સ્થળાંતર કારણ પૂરતું નથી. ઘણી બેઠકો પર થોડાક હજાર મતના ફરકથી જ પરિણામ બદલાઈ જતા હોય છે. એક પણ વિસ્તારમાં થોડાક જ હજાર નામ કપાય તો ચૂંટણીની વિશ્વસનીયતા ખતમ થઈ જાય, અને પછી તેને સુધારવું અશક્ય છે. ૧૯૬૦ના મતદાતા નોંધણી નિયમોના નિયમ ૨૦



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મુજબ નામ કાઢતાં પહેલાં લેખિત નોટિસ અને સુનાવણીનો અધિકાર આપવો જરૂરી છે. પણ ઘણાને 'સ્થળાંતરિત', 'ડુપ્લિકેટ' કે 'મૃત' બતાવીને નોટિસ વગર જ રદ કરી દેવાય છે. જીવતા લોકોને પણ મૃત બતાવવાના કિસ્સા સામે આવ્યા જ છે. ગરીબ અને સ્થળાંતર કરનારા મતદારોને વધુ નુકસાન થાય છે. ઘરે ઘરે તપાસના બદલે ટેબલ પર જ તપાસ કરી, લોકોને મળ્યા વગર ફોર્મ ભરી દેવાય છે - આ બધું નિયમોનું રક્ષણ ખતમ કરે છે.

બિહારની જેમ સમગ્ર ભારતમાં SIRની પ્રક્રિયા કરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી રાજકીય પક્ષો, લોકશાહીને વરેલી સંસ્થાઓ દ્વારા દાખલ કરાયેલી તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, પુડુચેરીની અરજીઓ પરની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે ૧૧ નવેમ્બર, ૨૦૨૫ (મંગળવાર) ચૂંટણી પંચને નોટિસ ફટકારી છે. આગામી સુનાવણી ૨૬ નવેમ્બર મુકર્રર કરી છે. સર્વોચ્ચ અદાલતે તમામ ઉચ્ચ ન્યાયાલયોને SIR મુદ્દા પર કાર્યવાહી કરવાથી રોકી દીધી છે. કારણ કે આ મામલો તેમની પાસે છે. હાઈકોર્ટોને આ મુદ્દા પર નિર્ણય ન આવે ત્યાં સુધી બધી પડતર અરજીઓ મુલતવી રાખવા જણાવ્યું છે. ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમાલ્યા બાગચીની બેન્ચે એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા દાખલ કરાયેલા વધારાના સોગંદનામા પર પણ મતદાન પેનલ પાસેથી જવાબ માંગ્યો છે, જેમાં અન્ય બાબતોની સાથે, એવો નિર્દેશ માંગવામાં આવ્યો હતો કે મતદાન પેનલ પાસે નાગરિકોના નાગરિકતાના દાવાઓનો સામનો કરવાનો કોઈ અધિકારક્ષેત્ર નથી.

ADR વતી વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું કે ચૂંટણી પંચે 'ડી-ડુપ્લિકેશન સોફ્ટવેર'નો ઉપયોગ કરવાનું વિચારવું જોઈએ જે બોગસ મતદારોના મુદ્દાને ઉકેલવામાં મદદ કરે છે, કોર્ટ મતદાન પેનલને મત ગણતરી ફોર્મ ભરનારા મતદારોને સ્વીકૃતિ સ્લિપ જારી કરવાનો નિર્દેશ આપે, કારણ કે તેમના મતે, કમિશન તે જારી કરી રહ્યું નથી. ભૂષણ ઇચ્છતા હતા કે મતદાન પેનલ મતદારોને 'મશીન - વાંચી શકાય તેવા ફોર્મેટ'માં મતદારોની યાદી પૂરી પાડે જેથી મતદારો યાદીમાં તેમનાં નામ ચકાસી શકે. ત્યારબાદ બેન્ચે મતદાન પેનલને ADR દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ મુદ્દાઓ પર પોતાનો જવાબ દાખલ કરવા કહ્યું. રાજ્યમાં મોટી સંખ્યામાં ખોટા અને ડુપ્લિકેટ મતદારો નોંધાયેલા હોવાના આધારે SIRને સમર્થન આપતી હસ્તક્ષેપ અરજી દાખલ કરનાર AIADMK એકમાત્ર પક્ષ છે. જોકે સુપ્રિમ કોર્ટે AIADMK ને હસ્તક્ષેપ અરજીને બદલે અલગ રિટ અરજી દાખલ કરવા જણાવ્યું હતું.

વિશેષ સઘન સુધાર SIR પ્રક્રિયામાં આવતી વિવિધ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓને જ લક્ષ્યાંક રાખી કરાતા આ બધા કાર્યક્રમો નાગરિકોની મૂળભૂત જરૂરિયાતો જેવી કે શિક્ષણ-શાળાઓ, આરોગ્ય, વીજળી, પાણી, રસ્તાઓ અને નોકરીઓ માટે નહીં, પરંતુ ફક્ત વચનોને વેપાર કે 'રેવડી' જેવી ભેટોના કહેવાતા વિકાસની કૃપા કરી બંધારણીય અધિકારોથી વંચિત રાખવાના હેતુપૂર્વકના આયોજનો હોય એવું વ્યતિત થઈ રહ્યું છે. ખરેખર તો મતાધિકારની સાથે લાખો નાગરિકોને દેશમાં અલગ અલગ રાજ્યોમાં સ્થળાંતર કરવાની ફરજ પડે છે. તેને બદલે લોકલ લેવલે જ રોજગારીનું સર્જન થાય તે ખૂબ જરૂરી છે. દલિતો, આદિવાસીઓ, લઘુમતીઓને વાસ્તવિક સામાજિક અને આર્થિક ન્યાય આપવા માટે મોટું રોકાણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં ઊણા ઊતર્યા છે. 'લાખો કરોડો'ના બજેટો થકી રાજકીય જવાબદારીઓ નિભાવવાની ફરજ અદા કરાય છે કે કેમ એ પણ યક્ષપ્રશ્ન બની રહ્યો છે. નફરત, ભેદભાવ મિટાવી એકતાની ભાવના માટે પ્રતિબદ્ધ થવાની પણ એટલી જ જરૂર છે જે વિકાસની અડચણો દૂર કરવામાં મદદ કરી શકે છે. ચૂંટણીઓએ માન-સન્માન અને સેવાના ભવિષ્યલક્ષી કરારને પ્રતિબદ્ધ થવું જોઈએ, નહીં કે વચનોના વિનિમયને. ચૂંટણી પંચ અને સત્તા પક્ષ દેવદૂતની ભૂમિકામાંથી બહાર નીકળી નાગરિક તરીકેની ભૂમિકામાં આવી બંધારણીય મૂલ્યોની જાળવણી કરી પોતાની નૈતિક ફરજ અને જવાબદારી નિભાવે એટલી આશા તો રાખી જ શકાય ...!

**- હિદાયત પરમાર**

---

## સ્ક્રેપયાર્ડ - ધી થીએટર...

(પાન ૧૫નું ચાલુ)

કાર્ટૂનિંગ જેવા વિષયો પરના ખૂબ રસપ્રદ કાર્યક્રમો અને ફિલ્મ સ્ક્રિનિન્ગ્સ. કાવ્ય અને ગદ્યપઠન તેમ જ કથાકથનના કાર્યક્રમો. યુવા કલાકારો દ્વારા ભેદભાવ વિનાનું જાતમહેનત સાથેનું ટીમવર્ક.

અત્યારના કપરા રાજકીય-સામાજિક માહોલમાં કલાકેન્દ્ર તરીકેની નીડર, પ્રગતિશીલ, લોકશાહી ભૂમિકા.

સ્ક્રેપ એટલે કે શબ્દશઃ ભંગારમાંથી સર્જાયેલી, ધરતી પરથી આભને અડતા પિતૃતુલ્ય લીમડા સાથે ખુલ્લા આકાશતળે સદા આહ્લાદક એવી નાટ્યભૂમિ. આ જગ્યા થકી પૈસો-પદ-પ્રસિદ્ધિ-પ્રતિષ્ઠા મેળવવાની કોઈ જ વૃત્તિ નહીં. નેહા-કબીરનું સદાય નિર્મળ સૌહાર્દ.

અવસરે વાત કરતાં, કર્મશીલ ધારાશાસ્ત્રી અને સ્ક્રેપયાર્ડના મજબૂત ટેકેદાર આનંદ યાજ્ઞિકે નર્મવિનોદ સાથે આ વસ્તુની મહત્તા ઉપસાવી. સ્ક્રેપયાર્ડ એ અમદાવાદની ઊંચે જોઈને ચાલનારી ઉન્નતભ્રૂ કલાસંસ્થાઓ કરતાં અલગ પડીને સહુનું થિએટર કેવી રીતે છે તે આનંદે કહ્યું. તદુપરાંત તેમણે અમદાવાદના સાંસ્કૃતિક ઇતિહાસમાં આ મંચના પ્રદાનનું પણ ગૌરવ કર્યું.

સ્ક્રેપયાર્ડનો પરિસર રિઅલ એસ્ટેટની રીતે કરોડોમાં ગણાય. આવી જગ્યા ઠાકોર પરિવારે શહેરની સાંસ્કૃતિક સંવેદના માટે આપી છે.ઠાકોર પરિવારમાં દિવંગત રંગકર્મી અરુણ ઠાકોર, તેમનાં પત્ની નેવુંની ઉંમરે પહોંચેલાં, કાર્યક્રમમાં કડેધડે હાજરાહજૂર નૃત્યગુરુ ઈલાક્ષીબહેન ઠાકોર તેમ જ તેમનાં સંતાનો તપસ-કબીર-ચંદનનો સમાવેશ થાય છે.

અતિશયોક્તિદોષ વહોરીને પણ કહેવાઈ જાય કે કબીર પોતાની રીતે નાટકનો કબીરવડ છે, અને તેની હસ્તી નાટ્યનદી નર્મદાસમી નેહાને કારણે છે. નેહા-કબીર અભિન્ન છે.આ કબીરવડની વડવાઈઓનો ફેલાવો સ્ક્રેપયાર્ડમાં ઘડાયેલા નાટકઘેલાં યુવક-યુવતીઓ તેમ જ નાટક ઉપરાંત અનેક કલાઓની અભિવ્યક્તિ માટે અહીં મળતા મુક્ત અવકાશમાં જોઈ શકાય છે.

**- સંજય સ્વાતિ ભાવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# Scrapyard - The Theatreની દસમી વર્ષગાંઠની ઉજવણી

**અ**મદાવાદમાં આવેલી અજોડ નાટ્યભૂમિ Scrapyard - The Theatre ની દસમી વર્ષગાંઠની ઉજવણી ૩૧ ઑક્ટોબરે મોડી સાંજે ગીતો અને વાતો, સંભારણાં અને સજાવટ, હરખ અને હેતથી હર્યાભર્યા માહોલમાં થઈ.

સ્ક્રેપયાર્ડની મંડળીએ નાટકની દુનિયાને લગતાં, સાદા શબ્દોવાળા, અર્થપૂર્ણ અને ઊડતી હલકમાં ગાયેલાં ગીતોએ જમાવટ કરી('નાટક આવ્યું નાટક, હસતું નાટક રમતું નાટક...', 'નાટક થશે કે નહીં...', 'શેક્સપિઅર, ઓ ડિઅર શેક્સપિઅર...'). ગીતોના રચયિતા અને સ્વરકાર મહેમદાવાદના ગાયક-સંગીતકાર મયંક ઓઝા હાર્મોનિયમની સંગત પર હતા, અને ઢોલક પર હતા જાણીતા કલાકાર નિસર્ગ ત્રિવેદી.

સ્ક્રેપયાર્ડમાં ખૂબ મહેનતથી આગળ આવેલા કલાકાર એઝાઝ અને તેના સાથીઓએ સૂઝ-સંયમથી બનાવેલી વીસ મિનિટની ડૉક્યુમેન્ટરીમાં ઘણાં પાસાંની ઝલક હતી. ભાવનગરનાં વરિષ્ઠ વકીલ પ્રતિભા ઠક્કર અને તેમનાં દીકરી આર.જે. મેઘાએ બનાવેલા રમણીય વિડિયોઝ પણ જોવા મળ્યા.

ઉજવણીના ભાગ રૂપે એક પ્રદર્શની હતી જેમાં સ્ક્રેપયાર્ડમાં ભજવાયેલાં અનેક નાટકો ઉપરાંત તેના નેજા હેઠળ અહીં યોજાયેલાં કાર્યશિબિરો અને કાર્યક્રમોના સુઘડ પોસ્ટર્સ હતાં.

કબીરના એક દોસ્તે આણેલી મોટ્ટી કેક, બીજાએ લાવેલા પેંડા, ઉપરાંત નાટકવાળાના વડા-પાઉં અને ચા-કૉફીના અનલિમિટેડ અલ્પાહારની સાથે લાંબો સમય હળવા-મળવાનું, ફોટા પડાવવાનું ચાલ્યું. ઉપસ્થિતોમાં મુખત્વે સ્ક્રેપયાર્ડના યુવા કલાકારો અને સહાયકો હતા, જ્યારે વડીલ રંગકર્મીઓ અને હિતચિંતકોની ગેરહાજરી વરતાતી હતી.

સ્ક્રેપયાર્ડમાં આ લખનારે જોયેલાં નાટકોમાંથી કેટલાંક યાદગાર નાટકો આ મુજબ છે : આમ કહેવાય કિશોરો માટેનાં,પણ ખરેખર તો સહુ માટેનાં ઉત્તમ inventiveness - સૂઝથી તૈયાર કરેલાં 'મોગલી બહ્લુ ટનાક ટુમ ટુમ' અને "A Midsummer Night's Dream in Gujarat'; વીસથી વધુ કલાકારોએ કોઈ વેશભૂષા તેમ જ સન્નિવેશ વિના રજૂ કરેલાં અત્યંત ઊર્જાવાન બે નાટકોમાંનું એક સઆદત હસન મન્ટોની કેટલીક વાર્તાઓને સાંપ્રત ભારતમાં પ્રવર્તતા માનવ અધિકારોના દમન સાથે સાંકળીને તૈયાર કરવામાં આવેલું રુંવાડાં ઊભાં કરી દે તેવું Enter at Your Own Risk, એ જ રીતે સમસામયિક બનાવાયેલું બાદલ સરકારનું 'જુલુસ' અને પેલેસ્ટાઇનના માનવસંહારનો ધ્રૂજી જવાય તે રીતે અંદાજ આપનારું "Return to Philistine'.






વિવિધ પ્રકારના કાર્યક્રમો પણ થતા રહે છે. પઠનના કાર્યક્રમોનું સ્મરણ છે જેમાં ગાઝા-એકોક્તિઓ, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોશી અને રમેશ પારેખની રચનાઓનો સમાવેશ થાય છે. અનેકવિધ સંગીતનાં ઊંડાં અભ્યાસી અને ગાયક પ્રાચીબહેને આદિવાસી સંગીતના સંશોધન પરનું સંગીતમય વિવરણ રજૂ કર્યું હતું. કર્ણાટકના એક કલાકારે કથાકથનનો કાર્યક્રમ આપ્યો હતો. ગુજરાતમાં મહિલાઓ માટેની સ્પેસ ઊભી કરવામાં મહત્ત્વનું યોગદાન આપનાર ઓગણીસમી સદીની કેટલીક ઉપેક્ષિત નાયિકાઓ વિશેનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

ચરિત્રલેખક અને કલાઅભ્યાસી બિરેન કોઠારીએ વડોદરાથી ખાસ આવીને જે ખૂબ અભ્યાસપૂર્ણ અને અનોખા સ્લાઇડશો રજૂ કર્યા તેમાં દુનિયાભરની કાર્ટૂન-કળા પરની સાતેક ભાગની શ્રેણી, હિન્દી સિનેમાના 'નંબરિયા' એટલે કે ક્રેડિટ ટાઇટલ્સ અને રાજ કપૂરના ફિલ્મ સંગીત એવા વિષયોનો સમાવેશ થાય છે. રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી તે ૨૨ જાન્યુઆરીની સાંજે જ આનંદ પટવર્ધનની સર્વકાલ મહત્ત્વની ડૉક્યુમેન્ટરી ફિલ્મ 'રામ કે નામ' બતાવવામાં આવી. પેલેસ્ટાઈન વિભીષિકાને લગતી ફિલ્મો પણ અવારનવાર બતાવવામાં આવે છે. વિશ્વ મહિલા દિનની ઉજવણી થાય છે. તાજેતરમાં બાનુ મુશ્તાકના વાર્તાસંગ્રહ Heart Lamp પર ગોષ્ઠી યોજાઈ હતી.

ઉપરોક્ત યાદી તો માત્ર ઝલક છે. અહીં થતાં કાર્યક્રમો, વર્ધાપનદિન (anniversary)ની ઉજવણી નિમિત્તે તૈયાર થયેલી પ્રદર્શની, બંને સ્ક્રિનિન્ગ્સ અને વ્યક્તિગત અનુભવ થકી સ્ક્રેપયાર્ડની અનેક ખાસિયતો ઊપસે છે. તેમાંથી કેટલીક આ મુજબ છે :

સામાજિક નિસબત ધરાવતાં નાટકોનું કંઠી પહેર્યા વિના નિર્માણ.

જુદા-જુદા સામાજિક-આર્થિક વર્ગોમાંથી આવતાં યુવક-યુવતીઓનું તખ્તાના અનેક હુન્નરમાં સમાનતાના ભાવ સાથે ઘડતર.

અનેક પ્રકારનાં નાટકો અને કલાને લગતા ભાતીગળ કાર્યક્રમો માટે ઉદાર દિલે જગ્યા પૂરી પાડવાની તૈયારી જ નહીં, બલકે આતુરતાપૂર્વકની પહેલ.

બાળકો માટે નાટકો, થિએટર, પપેટ્રી, માટીકામ જેવા વર્કશોપ. લોકસંગીત, સિનેમા,

(જુઓ પાન નં. ૧૪)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સ્વરમયી

કિરાના ઘરાનાનાં પ્રખ્યાત ગાયિકા અને આજીવન સંગીતને સમર્પિત કલાકાર વિદુષી ડૉ. પ્રભા અત્રે શાસ્ત્રીય સંગીતની દુનિયામાં અત્યંત સન્માનનીય નામ ગણાય. શરૂઆતથી જ જિજ્ઞાસુ અને અભ્યાસવૃત્તિ ધરાવનાર પ્રભાતાઈ સમયાંતરે પોતાની ગાયકીને તો સંપન્ન કરતાં જ આવ્યાં, સાથે પોતાના કલાવિષયક વિચારો અને અનુભવોને ગ્રંથસ્થ પણ કરતાં ગયાં. તેમની સંગીતસાધના અને ગાયકી વિશેની સમજ સાથે પોતાની જીવનઝરમર રજૂ કરતું પુસ્તક એટલે પ્રભા અત્રેની આત્મકથા 'સ્વરમયી'. જે તેમના આત્મચરિત્રની સાથે તેમની આંતરબાહ્ય સંગીતયાત્રા રજૂ કરે છે.

આ પુસ્તકમાં શાસ્ત્રીય સંગીતના અંતરંગ પાસાની જાણકારી તો છે જ; સાથે સાથે સંગીતસાધના, કલા આવિષ્કાર, કલાકારના વ્યક્તિગત વલણને પણ ઉજાગર કરાયાં છે. મૂળ મરાઠીમાં લખાયેલા આ પુસ્તકને ગુજરાતના સંગીતપ્રેમીઓ, અભ્યાસીઓ સુધી પહોંચાડવા પ્રભા અત્રેનાં શિષ્યા, જાનકી મીઠાઈવાલાએ તેનો ગુજરાતીમાં અનુવાદ કરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. તેઓ ભરૂચનાં રહેવાસી છે અને વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં સંગીત શીખ્યાં છે. તેમણે ભારતીય શાસ્ત્રીય સંગીત અને જાઝ સંગીતના ફ્યુઝન વિષયમાં પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે.

પ્રભા અત્રેએ પોતાની આ આત્મકથાના કેટલાક અંશોમાં પોતાની વાત રજૂ કરી છે. પણ આ પુસ્તકમાં છેલ્લે 'મારું જીવનગીત' પ્રકરણમાં નિરાંતે પોતાની વાત કરી છે. શરૂઆત કરતાં કહે છે કે 'મહેફિલમાં મળેલી દાદ, ધૂપની સુગંધની જેમ મારા શરીર પર, મનમાં ધીમી-ધીમી ફેલાતી રહે છે.... આત્માને પોકારતો ધ્યાનસ્થ બેઠો છે એક સૂર, મનના છીપમાં, તેના મોતી બનવા સુધી ચાલવું પડશે, ચાલતા જ રહેવું પડશે નિરંતર.'

તેઓ સૂર સાથે ચાલ્યાં. ગડમથલ કરી. પારંભિક જીવન પૂણેમાં. માતાપિતા કલાપ્રેમી. બધી પ્રવૃત્તિમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરતાં. પિતાજીએ સ્કૂલ સ્થાપી તેમાં જ શિક્ષણ મેળવ્યું. સંગીતનો શોખ હતો પણ બી.એસ.સી. પછી લૉ કૉલેજમાં પ્રવેશ મેળવી સનદ પ્રાપ્ત કરી લીધી, જે ઘરના પ્રશ્નો ઉકેલવા માટે કામ લાગી. વિધિની વિચિત્રતા કે સંગીત માટે છાત્રવૃત્તિ મળી. આકાશવાણીમાં નોકરી કરી. ઘણા ઘણા કલાકારોના સંપર્કમાં આવવાનું થયું. કિરાના ઘરાના સાથે હિરાબાઈ બરોડેકર, સુરેશભાઈ સાથે જોડાયેલાં પણ આકાશવાણી પર અમીરખાં જેવા સંગીતકારની ગાયકી સાંભળી પ્રભાવિત થયાં. તેને કારણે સંગીતના બધા પ્રકાર જેવા કે ગઝલ, પોપ, ડિસ્કો બધાને આવકાર્યા. એ અંગે નીચે મુજબનો એક શેર લખ્યો -

*જબ આંખ ખુલી નહીં થી, તો દરિયા ભી એક બૂંદ નજર આયા.*
*ઔર જબ આંખ ખુલી તો એક બૂંદ ભી દરિયા નજર આયા.*

કોઈ વાત પર પર ટીકા-ટિપ્પણી કરતી વખતે પોતાની અધિકાર-શક્તિને જોવી જરૂરી માનતાં. કેટલી નમ્રતા પ્રભાતાઈમાં દેખાય છે !

આપણે જાણીએ છીએ કે સફળતામાં રોડા નાંખનારા હોય છે જ. પ્રભાતાઈ ચીવટપૂર્વક કામ કરતાં. તેમાં અવરોધ ઊભા થવા માંડ્યા. દરેક કાર્યક્રમ વખતે મંજૂરી લેવી જ પડે. જેથી મૂંઝવણ ઊભી થાય. આખરે નોકરી છોડી. નવા વિરાટ ક્ષેત્રમાં પ્રવેશ્યાં. વિદેશયાત્રામાં દુનિયાનું સંગીત સાંભળ્યું. તેઓ લખે છે કે ''મનુષ્યનું અનુભવવિશ્વ જેટલું સમૃદ્ધ હોય છે એટલું જ એને પોતાના નાનાપણાનું, અજ્ઞાનનું ભાન થવા લાગે છે. તે પોતાનામાંથી બહાર તરફ જોવાનું શીખે છે.'' વિદેશ ગયા પછી જાણ્યું કે ત્યાંના લોકો પોતાની રજૂઆતમાં પ્રવીણતા મેળવીને સંતુષ્ટ નથી થતાં પણ સર્જનપ્રક્રિયા પર સંશોધન કરતાં રહે છે. આથી પ્રભાતાઈએ પણ 'સરગમ' પર ડૉક્ટરેટની પદવી મેળવી. એમાં પણ વિરોધ થયો. પછી ફિલ્મસંગીત, ફ્યુઝન વગેરેમાં પણ સંશોધન કર્યું. છેવટે એસ.એન.ડી.ટી. મહિલા વિશ્વવિદ્યાલયમાં સંગીતના પ્રોફેસર તરીકે જોડાયાં.

વિદેશમાં તેમજ ભારતમાં ઘણાં શિષ્યો તૈયાર કર્યાં પણ તેઓ વેદનાપૂર્વક લખે છે કે, ''કોઈ વૃક્ષને ખાતર, પાણી આપીને મોટું કરીએ અને તેને ફળ આવતાં જોઈને બીજું જ કોઈ તેનાં ફળ તોડવા લાગે - સંગીતક્ષેત્રમાં પણ આ વાત સામાન્ય થઈ ગઈ છે. આખું જીવન કઠોર શ્રમ અને ચિંતનથી અર્જિત જ્ઞાન ગુરુ પોતાના શિષ્યોની ઝોળીમાં નાખે છે, અને પછી તે શિષ્ય ગુરુની તરફ પીઠ ફેરવીને રવાના થાય છે, પારકો થાય છે; એટલું જ નહીં, એ ગુરુનો સાધારણ ઉલ્લેખ કરવો પણ તે ટાળે છે. આટલું બજારુ સ્વરૂપ આજે ગુરુ-શિષ્ય સંબંધોમાં આવી ગયું છે.'' આવી જ ચોટડૂક વાત પ્રભાતાઈએ ગુરુ વિશે પણ કરી છે. તેઓ લખે છે- ''ગુરુઓમાં પણ પરિવર્તન આવ્યું છે. તેમને પણ સફળ શિષ્યોની શોધ હોય છે. બીજા ગુરુના માર્ગદર્શનમાં તૈયાર થયેલા, નામ કમાયેલા કોઈ શિષ્યને એકાદ નવી બંદિશ શિખવાડીને તેના પર પોતાનું શિષ્યત્વ લાદવામાં આવે છે. શ્રદ્ધા, નિષ્ઠા, બંધન વગેરે મર્યાદાઓ હવે દેખાતી જ નથી.''

કેટલાક પ્રસિદ્ધ સંગીતકારો પાસેથી પ્રભાતાઈએ તાલીમ લીધી છે. તેઓ લખે છે કે ''શાસ્ત્રીય સંગીતના પહેલા સંસ્કાર હીરાબાઈ બડોદેકરના સ્વરોના જ છે. રિયાજ અને મહેફિલમાં વ્યાપ્ત અંતરનો અભ્યાસ મેં હીરાબાઈના સાંનિધ્યમાં કર્યો. એમની ગાયકી રસીલી હતી, રંગીલી નહીં, તેમાં ઈશ્કનું દર્દ નહોતું, પરંતુ આત્માનો પોકાર હતો. અતીત તરફ લઈ જનાર પોકાર. હીરાબાઈનું સંપૂર્ણ ગાયન જ આંગણામાં ધીમે-ધીમે ડોલતી તુલસીની જેમ અને શાંતિથી પ્રજ્વલિત નંદાદીપ જેવું હતું.''

પ્રખ્યાત ગાયક અમીરખાં વિશે નોંધે છે કે ''ખાંસાહેબના ગાયનમાં એક વિચાર હતો, જેણે મને આકર્ષિત કરી અને વિચારપૂર્વક મેં એ ખૂબી અપનાવી. બડે ગુલામઅલીખાંની પ્રખ્યાત રચના ''કા કરું સજની'' પ્રભાતાઈને ખૂબ ગમતી. ખાંસાહેબની માંદગી વખતે તેમને સંભળાવવાનો મોકો પણ પ્રભાતાઈને મળ્યો હતો.

પ્રભાતાઈનાં ત્રણ પુસ્તકો થયાં છે. 'સ્વરાંગિની', 'સ્વરંજની'



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ને ત્રીજું પુસ્તક 'સ્વરંગી'. સ્વરંગી પુસ્તકની ભૂમિકા ખ્યાતનામ ભીમસેન જોશીએ લખી છે. તેમની સાથે સ્ત્રી-પુરુષ ગાયકોના સંદર્ભે એક માસિક પત્રિકા માટે મુલાકાત પણ કરેલી. દત્તાત્રેયની જેમ પ્રભાતાઈના પણ અનેક ગુરુઓ હતા. ઘણાબધા સંગીતકારોના ઉત્તમ અંશોને તેમણે સ્વીકાર્યા હતા.

પ્રભાતાઈનું માનવું હતું કે ડૉક્ટર, એન્જિનિયર તથા અન્ય વ્યાવસાયિક ભણતરમાં લોકો પોતાનું ધન, સમય અને શ્રમ લગાડવા માટે તૈયાર હોય છે, પરંતુ જ્યારે તે સંગીતને પોતાનો પૂર્ણકાલીન વ્યવસાય બનાવવા ઇચ્છે છે, ત્યારે તેમનો વિચાર એવો નથી હોતો. બીજા વ્યવસાયોમાં-પ્રવૃત્તિઓમાં ધન, સમય, શ્રમ ફાળવે છે તેમ સંગીત શિક્ષણમાં પણ ભરપૂર ત્યાગ અને સંયમની જરૂરિયાત હોય છે. અહીં તરત જ લાભ કે વળતર મળતું નથી.

આપણે આગળ જોયું કે પ્રભાતાઈ વકીલ થયાં હતાં. તેથી કાયદો અને સંગીત વિશે તેઓ લખે છે કે, ''પ્રકૃતિના કાયદા એટલે અવકાશ (Space) અને સમય (Time) આ બંને તત્ત્વોને સંગીત સાથે નજીકનો સંબંધ છે. સંગીતનો સ્વર એટલે કે અવકાશ અને લય (તાલ) એટલે કે કાળ (સમય) પ્રકૃતિમાં જોવા મળતી પ્રમાણબદ્ધતાનો નિયમ કે કાયદો સંગીતનો પણ આધાર છે. આ કાયદાના ઉલ્લંઘનથી પ્રકૃતિ અને સંગીત બંને બેસૂર અને બેતાલ થાય, એ વાસ્તવિકતા છે. કાયદાની સામાજિક જવાબદારી અને જીવનદાયી સંગીત વિશે પણ ખૂબ જ આત્મીયતાભરી રજૂઆત કરી છે. વિદેશ પ્રવાસનાં વર્ણનો, અનુભવો અદ્ભુત લખ્યાં છે. સંગીતના કાર્યક્રમોની મૂંઝવણ, રહેવાની મુશ્કેલીઓ ખૂબ ઝીણવટપૂર્વક વર્ણવી છે.

૨૨ પ્રકરણોમાં વહેંચાયેલા આ પુસ્તકમાં ગાયિકાની સ્વરસાધના અને સંઘર્ષમય જીવનની ખુલ્લા દિલે વાત કરી છે. ૯૧ વર્ષની ઉંમર સુધી એકાકી અવસ્થાની કેડી પર ચાલ્યાં. તેઓ લખે છે કે ''મારું આખું જીવન જ એક મહેફિલ છે. પોતાનો સ્વર કાયમ રાખીને બીજાનાં જીવનમાં સૂરીલા આનંદનું નિર્માણ કરવું એ મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે. સામાન્ય યશ-અપયશ આ બે શબ્દોમાં જીવનનું મૂલ્યમાપન શક્ય નથી. જીવનના સર્વાંગી દર્શનની અનુભૂતિ થવી એ જ મનુષ્યજીવનની સફળતા છે. મનુષ્ય આ દુનિયામાં એકલો આવે છે અને એકલો જાય છે પણ બંને વચ્ચેનો અંતરાલ મહેફિલના સમુદાયથી ભરેલો હોય છે. અહીં સુધીની યાત્રા એકલા જ પૂર્ણ કરવા પર આશ્ચર્યચકિત થઈ જાઉં છું અને પાછળ જોઉં છું તો હિતચિંતકોનો વિશાળ સમૂહ સજલ નેત્રે વિદાય આપતો દેખાય.''

સૂરોની સાધના અંતર્ગત સરસ કાવ્ય પંક્તિઓ લખી છે -

*સૂરોની સાધના પાણી પર ખેંચેલી રેખા જેવી,*
*ઊભરતાંની સાથે જ વિલીન થઈ જનારી.*

આવી કેટલીક પંક્તિઓ થકી આ સ્વરમયી વધુ સ્વરમયી બની છે, એનો આસ્વાદ માણીએ.

**- ભદ્રા-વિક્રમ સવાઈ**




**સ્વરમયી**

મૂળ મરાઠીમાં લેખિકા : પ્રભા અત્રે

અનુવાદ : જાનકી મીઠાઈવાળા

પૃષ્ઠ : ૧૬૦, કીમત : ૫૦૦ રૂપિયા

પ્રકાશક : ઝેન ઓપસ

# વિકલાંગો નિરાશા ત્યજીને સફળતા માટે પ્રયાસ કરે

કેટલાક વિકલાંગો તેઓની વિકલાંગતા માટે પોતાના ભાગ્યનો દોષ કાઢતા હોય છે. એટલું જ નહિ, તેઓના મનમાં એવી માન્યતા ઘર કરી ગયેલ હોય છે કે તેઓ વિકલાંગ છે જેથી કોઈ પણ પ્રકારનું કોઈ પણ કાર્ય કરી શકવા સક્ષમ નથી, અધૂરામાં પૂરું, સમાજના કેટલાક લોકો વિકલાંગો આગળ તેઓની વિકલાંગતાનાં રોદણાં રડી તેઓને વધુ હતપ્રભ કરતા હોય છે. આમ તો આ લોકો વિકલાંગોને મદદરૂપ થવા માટે તત્પરતા જરૂર દાખવતા હોય છે પરંતુ સાથોસાથ ક્યારેક ક્યારેક બોલી પણ ઊઠતા હોય છે, ''બિચારો વિકલાંગ છે, કરી પણ શું શકે ? બાપડાનો તો ભવ બગડ્યો !''

વિકલાંગ વ્યક્તિ કોઈ પણ પ્રકારનું કોઈ પણ કાર્ય કરી શકે નહિ એવી આ માન્યતા બિલકુલ અસત્ય તેમજ ભૂલ ભરેલી છે. આવી માન્યતા ધરાવતા લોકો જાણે-અજાણે વિકલાંગોનું, સમાજ અને દેશનું પણ અહિત કરે છે. જગત પર એવા અનેક વિકલાંગો થઈ ગયેલ છે કે જેઓએ પોતાની કાર્યશક્તિ દ્વારા આ માન્યતાને ખોટી પુરવાર કરી છે.

જીવનની મધ્યે શારીરિક વિકલાંગ થયા પછી પણ સતત ચાર વખત રાષ્ટ્રપ્રમુખ બનેલા અમેરિકાના ૩૨મા રાષ્ટ્રપ્રમુખ ફ્રેંકલીન રૂઝવેલ્ટ, ન્યુયોર્કના ૫૫મા અને પ્રથમ બ્લાઇન્ડ ગવર્નર ડેવિડ એલેકઝાન્ડર પેટરસન, બાળપણમાં શારીરિક વિકલાંગ થયા પછી પણ અનેક મંત્રીપદને શોભાવનાર એસ. જયપાલ રેડ્ડી, અંધ સંત સુરદાસ, અંધ-બધિર-મૂક વિદુષી હેલન કેલર, બધિર બિથોવન (સંગીત ક્ષેત્રે); શારીરિક વિકલાંગ ઋષિ અષ્ટાવક્ર (આધ્યાત્મિક - તત્ત્વજ્ઞાન ક્ષેત્રે); શારીરિક વિકલાંગ અરુણિમા સિંહા (પર્વતારોહણ ક્ષેત્રે); શારીરિક વિકલાંગ ગિરિશ શર્મા (ખેલકૂદ ક્ષેત્રે), શારીરિક વિકલાંગ સુધા ચંદ્રન (નૃત્ય-અભિનય ક્ષેત્રે), બધિર થોમસ એડિસન તથા શારીરિક વિકલાંગ સ્ટીફન હોકિંગ્સ (વિજ્ઞાન-સંશોધન ક્ષેત્રે) વગેરે જેવા અનેક વિકલાંગોએ પોતાના અડગ મનોબળ તેમજ અથાગ પુરુષાર્થ દ્વારા પોતપોતાના ક્ષેત્રમાં જ્વલંત સફળતા મેળવેલ છે. એટલું જ નહિ, વિકલાંગોની સાથોસાથ બિનવિકલાંગો માટે પણ તેઓએ પ્રેરણારૂપ દૃષ્ટાંત ખડું કરેલ છે.

વિકલાંગ વ્યક્તિ કોઈ પણ કાર્ય કરી શકે નહિ એવી માન્યતા ધરાવતા વિકલાંગોએ આવો નકારાત્મક અભિગમ હવે ત્યજવો જોઈએ. ભગવાન ખૂબ દયાળુ છે. થોડુંક લઈ લે છે તો અનેકગણું આપી પણ જાય છે; કાંઈક ખામી મૂકે છે તો સાથોસાથ ખૂબીઓ પણ અનેક મૂકી

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઊંઘ અને ઇમ્યુનિટી

ઊંઘ આપણે માત્ર દિવસભરનો થાક દૂર કરવા અને આરામ મેળવવા માટે જ લેતા નથી. ઊંઘનાં ઘણાં કાર્યો છે. એમાંનું એક કામ આપણી રોગપ્રતિકાર શક્તિને મજબૂત કરવાનું છે. ઊંઘ દરમિયાન આપણું રોગપ્રતિકાર તંત્ર સૂક્ષ્મ જીવાણુઓ સામે લડવાની પૂર્વતૈયારી પણ કરે છે. રાત્રે લેવામાં આવતી પૂરતી ઊંઘથી આપણા શરીરમાં સાઇટોકાઇન (cytokines) નામના રોગપ્રતિકાર રસાયણનો સ્રાવ થાય છે, શરીરમાં વિવિધ ઠેકાણે રોગપ્રતિકારના કામ સાથે સંકળાયેલા સૈનિક-કોષોના પેટ્રોલિંગની કામગીરી ગોઠવાય છે, તેમ જ એક વખત જે સૂક્ષ્મ જીવાણુઓનો સામનો કરવામાં આવ્યો હોય તે જ સૂક્ષ્મ જીવાણુઓ ભવિષ્યમાં ફરી વાર આપણા પર હુમલો કરે તો એને તરત જ ઓળખીને એમનો ખાતમો કરવા માટેની યાદદાસ્ત (Immunological Memory) પણ કેળવે છે. ઊંઘ અને ઈમ્યુનિટીનો દ્વિતરફી સંબંધ છે. પૂરતી અને સારી ગુણવત્તાની ઊંઘથી આપણી રોગપ્રતિકાર શક્તિ સારી બને છે, તેમ જ આપણી રોગપ્રતિકાર શક્તિ જેટલી મજબૂત હોય તેટલી આપણને ઊંઘ સારી આવે છે. આપણી ઊંઘ અને રોગપ્રતિકાર શક્તિ એકબીજા સાથે અંતરંગ રીતે સંકળાયેલાં છે.

આપણા લોહીમાં કુદરતે શરીર પર આક્રમણ કરતા સૂક્ષ્મ જીવાણુઓ અને વાઇરસનો નાશ કરવા માટે શ્વેતકણોની ફોજ ગોઠવેલી છે. સૂક્ષ્મ જીવાણુઓનું આક્રમણ થતાં જ લોહીમાંના શ્વેતકણો સક્રિય બને છે અને સાઇટોકાઇન રસાયણો છોડે છે. આ રસાયણ લોહીમાંના બીજા શ્વેતકણોને સજાગ કરીને શરીર પર થયેલા સૂક્ષ્મ જીવાણુઓના આક્રમણ સામે સક્રિય કરે છે. સાઇટોકાઇન રોગપ્રતિકાર તંત્ર દ્વારા પેદા થતાં રાસાયણિક સંદેશવાહકો છે.

અનેક તબીબી સંશોધનોથી એવું પુરવાર થયું છે કે નબળી ગુણવત્તાની અને ઓછી ઊંઘ લેવાથી શરીરમાં હાનિકારક રસાયણો પેદા થાય છે. સાઇટોકાઇન પ્રોટીન તત્ત્વનાં બનેલાં છે. શરીરમાં બેક્ટેરિયા, વાઇરસ અને ઍલર્જી પેદા કરનારા પદાર્થો દાખલ થતાં જ રોગપ્રતિકાર તંત્ર સાઇટોકાઇનનો સ્રાવ કરવા લાગે છે. આ રસાયણો રોગ પેદા કરનારા સૂક્ષ્મ જીવાણુઓ તેમ જ ઍલર્જી પેદા કરનારા પદાર્થોનો મુકાબલો કરવા માટે શોથપ્રક્રિયા (inflammation) ઊભી કરે છે. શોથપ્રક્રિયા એટલે સૂક્ષ્મ જીવાણુઓના આક્રમણના સ્થાને પેદા થતા લાલાશ અને સોજો, ઉપરાંત શરીરમાં પેદા થતા થાક, તાવ અને દુખાવો. સામાન્ય રીતે સૂક્ષ્મ જીવાણુઓનું આક્રમણ સમાપ્ત થતાં જ આ શોથપ્રક્રિયા પર અંત આવી જાય છે. પણ જો આ પ્રક્રિયા કોઈ કારણસર લંબાઈ જાય તો એને દીર્ઘકાલીન શોથપ્રક્રિયા (chronic inflammation) કહેવામાં આવે છે, જે શરીર માટે હાનિકારક છે. જો આપણે પૂરતી ઊંઘ ન લઈએ તો શરીરમાં ખતરાની ખોટી ઘંટડી (ઍલાર્મ બેલ) દ્વારા બિનજરૂરી કાયમી શોથપ્રક્રિયા પેદા થાય છે. લાંબા ગાળા સુધી અપૂરતી ઊંઘ લેવાથી આ પ્રક્રિયા વણથંભી ચાલુ રહે છે અને શરીરમાં હૃદયરોગ, ટાઇપ-૨ ડાયાબિટીઝ મેલાઇટસ અને કેન્સર જેવા રોગોનું જોખમ ઊભું કરે છે.

### ઊંઘ અને રોગપ્રતિકાર શક્તિ

ઊંઘ દરમિયાન બે પુનરાવર્તી તબક્કાઓમાંથી આપણે આખી રાત દરમિયાન પસાર થઈએ છીએ. આ બે તબક્કાઓ છે - ગાઢ નિદ્રા અને સ્વપ્નનિદ્રા. સ્વપ્નનિદ્રા ખાસ કરીને આપણા માનસિક સ્વાસ્થ્ય માટે આવશ્યક છે, જ્યારે ગાઢ નિદ્રા શરીરમાં દુરસ્તીનું અને રોગપ્રતિકાર શક્તિને મજબૂત બનાવવાનું કાર્ય કરે છે. સ્વપ્નનિદ્રાનો ગાળો ૨૦ મિનિટનો અને ગાઢ નિદ્રાનો ૯૦ મિનિટનો હોય છે. આ નેવું મિનિટના તબક્કા દરમિયાન આપણા લોહીમાં રોગપ્રતિકાર તંત્ર દ્વારા ઈન્ટરલ્યુકીન-૧ (Interleukine-1) અને ટ્યુમર નેક્રોસિસ ફેક્ટર (Tumour Necrosis Factor - TNF) નામનાં રસાયણો પેદા થાય છે. આ બન્ને રસાયણો શરીરના રોગપ્રતિકાર માટે શોથપ્રક્રિયા ઊભી કરવા ઉપરાંત ઊંઘની ગુણવત્તા સાથે પણ સંકળાયેલાં છે, તે શરીરના રોગપ્રતિકાર સૈનિકોની રોગપ્રતિકાર સ્મરણશક્તિ (Immunological Memory) પણ કેળવે છે.

જ્યારે શરીરનું રોગપ્રતિકાર તંત્ર કાર્યરત બને છે ત્યારે સ્વપ્ન-નિદ્રા પર કાપ આવે છે. જો શરીર પર રોગ પેદા કરનારા જીવાણુઓ આક્રમણ કરે તો રોગપ્રતિકાર તંત્ર નિદ્રાચક્રમાં ફેરફારો કરે છે. ગાઢ નિદ્રા દરમિયાન આપણા મગજમાં આવેલી પિનિયલ નામની ગ્રંથિમાં બનતો મેલાટોનિન નામનો સ્રાવ પણ રોગપ્રતિકાર શક્તિમાં વધારો કરે છે. ગાઢ નિદ્રા વખતે મેલાટોનિન શરીરની રોગપ્રતિકાર શક્તિનું નિયમન કરે છે, શરીરમાં પેદા થયેલાં હાનિકારક ઑક્સિડન્ટ તત્ત્વોને નિષ્ક્રિય કરે છે, તેમ જ શોથપ્રક્રિયાનું પણ નિયમન કરે છે.

નિદ્રાચક્ર ખોરવાય તો એના લીધે રોગપ્રતિકાર તંત્રની કાર્યશક્તિ નબળી પડે છે. પાળીકામ કરનારા લોકો અને લાંબા ગાળા સુધી અપૂરતી ઊંઘ મેળવનારા લોકોમાં ચેપી રોગોનું પ્રમાણ વધે છે, રસીઓની અસર નબળી થાય છે, તેમ જ કાયમી શોથપ્રક્રિયા (chronic inflammation)ને લીધે લાંબા ગાળાના રોગોનું જોખમ વધે છે. એટલે તંદુરસ્ત રહેવું હોય અને લાંબું જીવવું હોય તો રોજ પૂરતી અને સારી ગુણવત્તાની ઊંઘ મેળવવી જોઈએ.

### ઊંઘથી રોગપ્રતિકાર શક્તિમાં શી રીતે વધારો થાય છે?

- ઊંઘ દરમિયાન શરીરના સ્નાયુઓ આરામ કરે છે અને શ્વાસોચ્છ્વાસની ગતિ પણ ધીમી પડે છે. આના લીધે શરીરમાં થતો શક્તિવ્યય ઓછો થાય છે. આ રીતે જે વધારાની શક્તિ બચે છે તેનો ઉપયોગ આપણું રોગપ્રતિકાર તંત્ર પોતાની કામગીરીમાં વાપરે છે.
- ઊંઘ વખતે આપણી પિનિયલ ગ્રંથિમાંથી મેલાટોનિનનો સ્રાવ થાય છે, જે તણાવની માત્રામાં ઘટાડો કરે છે. આ રસાયણ ઊંઘ દરમિયાન શરીરમાં ચાલતી શોથપ્રક્રિયાને ધીમી પાડે છે.
- દિવસ દરમિયાન લાંબા ગાળાની અતિશય માનસિક તાણને



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

લીધે જો શરીરમાં શોથપ્રક્રિયા પેદા થાય તો તે આપણી શારીરિક અને માનસિક કાર્યશક્તિ માટે હાનિકારક બની શકે છે. આ શોથપ્રક્રિયા દિવસ દરમિયાન શરીરમાં આકાર લે છે અને રાત્રિના એનો પ્રભાવ બતાવે છે.

## ઓછી ઊંઘની આપણે કિંમત ચૂકવવી પડે છે!

અનેક તબીબી સંશોધનોથી એવું પુરવાર થયું છે કે ટૂંકા ગાળા માટે પણ જો ઓછી ઊંઘ લેવામાં આવે તો એની આપણી રોગપ્રતિકાર શક્તિ પર માઠી અસર થાય છે. આપણા લોહીમાં કુદરતી સંહારક કોષો (natural killer cells) ફરતા રહે છે, જે બહારથી શરીરમાં દાખલ થતા વાઇરસ તેમ જ શરીરમાં પેદા થતા કેન્સર કોષોનો નાશ કરવાની કામગીરી કરે છે. આપણી રોગપ્રતિકાર શક્તિના એ પ્રથમ હરોળના સૈનિકો છે. એક જ રાત ઓછી ઊંઘ લેવાથી આ સૈનિકકોષોની સંખ્યા લોહીમાં ઘટી જાય છે. એના લીધે આપણી રોગપ્રતિકાર શક્તિ નબળી પડે છે. પરિણામે લોહીમાં અને શરીરની પેશીઓમાં ઈન્ટરલ્યુકિન-૬ અને ટ્યુમર નેક્રોસિસ ફેક્ટર નામનાં રસાયણોની માત્રા વધી જાય છે. આનાથી શરીરમાં શોથપ્રક્રિયાની શરૂઆત થાય છે.

આ ઉપરાંત આપણા શરીરમાં પેટમાં નાભિના સ્તરે બન્ને બાજુએ મૂત્રપિંડોની ઉપર આવેલી ઍડ્રેનલ નામની ગ્રંથિઓમાંથી કોર્ટિઝોલ (cortisol) નામના રસાયણનો લાંબા ગાળાના તણાવને કારણે સ્રાવ થાય છે. લાંબા ગાળાથી ઓછી ઊંઘ લેનારા લોકોમાં તેની માત્રા ઘણી વધી જાય છે. આને લીધે લોહીમાં લસિકાકોષો (lymphocytes) નામના સૈનિકકોષોની સંખ્યા એકાએક ઘટી જાય છે. ઉપરાંત એમની કાર્યશક્તિમાં પણ ઘટાડો થાય છે. આ કોષો શરીર પર થતા વાઇરસના હુમલા સામે અને શરીરમાં પેદા થયેલા વિકૃત કોષો સામે આપણું રક્ષણ કરે છે. નબળી ઊંઘથી આ સૈનિકકોષોની સંખ્યા ઘટતાં આપણી રોગપ્રતિકાર શક્તિ પણ તૂટી જાય છે. આને લીધે ઘા રૂઝાવાની પ્રક્રિયા મંદ પડે છે. શ્વસનતંત્રના સંક્રામક રોગોનું જોખમ વધે છે. કોવિડ-૧૯નો શિકાર બનેલા દર્દીઓ ઓછી ઊંઘને લીધે ગંભીર અને જીવલેણ ગૂંચોનો ભોગ બન્યા હતા એવું નોંધવામાં આવ્યું છે. ઉપરાંત લોહીમાં લસિકાકોષોની સંખ્યા ઘટવાને કારણે રોગપ્રતિકાર રસીઓની પણ ધારેલી અસર પેદા થતી નથી. ખાસ કરીને ઈન્ફ્લુએન્ઝા અને હિપેટાઇટિસ-બી વિરોધી રસીઓની અસરકારકતા નબળી જોવામાં આવી છે.

સરવાળે અપૂરતી ઊંઘથી આપણી રોગપ્રતિકાર શક્તિ ઉત્તરોત્તર નબળી પડતી જાય છે. પરિણામે ચેપી અને બિનચેપી એ બન્ને રોગોનું આપણા પર જોખમ વધે છે. આની અસર વ્યક્તિગત સ્તરે તો આપણે ભોગવીએ જ છીએ, પણ આદતવશ અથવા મજબૂરીને લીધે સમગ્ર જનવસતિના ઓછી ઊંઘ લેવાથી સામુદાયિક સ્વાસ્થ્ય પર પણ એની માઠી અસર પેદા થાય છે. આને લીધે તિજોરી પર આરોગ્ય ખર્ચનો બોજ વધે છે.

## લાંબા ગાળાની અપૂરતી ઊંઘની વ્યક્તિગત સ્વાસ્થ્યમાં ભૂમિકા

જો વ્યક્તિ મહિનાઓના મહિના અને વર્ષોનાં વર્ષ સુધી પૂરતું ઊંઘે નહીં તો એના પર નિદ્રા ઋણ (sleep debt) ચઢે છે. આની એણે આકરી કિંમત ચૂકવવી પડે છે. જો ખૂબ લાંબા વખત સુધી પૂરી ઊંઘ લેવામાં ન આવે તો એને લીધે શરીરમાં છાનીમાની શોથપ્રક્રિયા (chronic inflammation) શરૂ થઈ જાય છે. આને કારણે હૃદયરોગ, ટાઇપ-૨ ડાયાબિટીઝ, મેલાઇટસ અને કેન્સર જેવા દીર્ઘકાલીન અને જીવલેણ રોગોનું જોખમ ઊભું થાય છે. પાળીકામ કરનારા, આદતવશ મોબાઇલ ફોન, સોશ્યલ મીડિયા અને ટેલિવિઝન પર લાગેલા રહેતા અને રાત્રિકામ (night job) કરનારા લોકોમાં ઈન્ટરલ્યુકિન-૬, સી-રિએક્ટિવ પ્રોટીન (C-Reactive Protein; CRP) તેમ જ ન્યુક્લિયર ફેક્ટર કપ્પા બી (Nuclear Factor Kappa B, NF-kB) નામનાં શોથપ્રક્રિયા સાથે સંકળાયેલાં રસાયણો રોગપ્રતિકાર તંત્ર પેદા કરવા લાગે છે. આની અસર આપણા શરીરમાં શોથપ્રક્રિયાનું નિયમન કરનારાં જનીન તત્ત્વો પર થાય છે. આની અસરથી લોહીમાં સાઇટોકાઇન નામના શોથપ્રક્રિયા સાથે સંકળાયેલા રસાયણની માત્રા વધવા લાગે છે. પરિણામે આવી વ્યક્તિઓમાં ઘડપણની પ્રક્રિયાને વેગ મળે છે. શરીર ઝડપથી ઘરડું થાય છે અને તૂટતું જાય છે. આને લીધે સ્મૃતિભ્રંશ (નબળી પડતી જતી યાદદાસ્ત), પાર્કિન્સન રોગ અને આલ્ઝાઇમર ડિઝીઝ જેવા ઘડપણના રોગોનું જોખમ વધે છે. યુવાની અને પ્રૌઢ અવસ્થામાં ઓછું ઊંઘવાથી વૃદ્ધાવસ્થામાં મગજની શક્તિ ઘટતી જાય છે. લોહીમાં કોલેસ્ટેરોલની છારી જામવાથી થતી ઍથેરોસ્ક્લેરોસિસ (atherosclerosis)ની રોગપ્રક્રિયા પણ આકાર લે છે. આ રોગપ્રક્રિયાથી હૃદયરોગ અને પક્ષાઘાતના હુમલાનું જોખમ વધે છે.

સારાંશ કે ઓછું ઊંઘવાથી શરીરની રોગપ્રતિકાર શક્તિ નબળી પડે છે, જેને લીધે અનેક રોગપ્રક્રિયાઓને વેગ મળે છે, તેમ શરીરમાં પહેલેથી જ ઘર કરી ચૂકેલા રોગો વણસે છે. એટલે સારું આયુષ્ય માણવા માટે અને લાંબું જીવવા માટે રોજ સાતથી આઠ કલાકની એકધારી, પૂરતી અને સારી ગુણવત્તાની ઊંઘ લેવાની કાળજી લેવી જોઈએ. બેથી ત્રણ ટુકડામાં આઠ કલાકની ઊંઘ લઈએ તે ન ચાલે.

જો રાત્રે પૂરતી ઊંઘ લેવામાં ન આવે તો આપણું નિદ્રા-જાગરણ તંત્ર ખોરવાય છે, જે વખત જતાં ઍલર્જીની તકલીફમાં પણ વધારો કરે છે. ઓછું ઊંઘનારા લોકોમાં ઍલર્જીના હુમલા ૪૫% જેટલા વધી જાય છે.

સાત કલાકથી ઓછું ઊંઘનારા લોકોમાં શરદી-ખાંસી અને ફ્લુની બીમારીનું પ્રમાણ પણ વધી જાય છે એવું સંશોધનોથી જોવા મળ્યું છે. ઉપરાંત જેમને ગંભીર માંદગીને લીધે દવાખાનામાં દાખલ થવાની નોબત આવી હોય તેમની અંદર તેમની બીમારીનો ગાળો લંબાય છે. હાર્ટ ઍટેકને લીધે જો એમને આઇ.સી.સી.યુ.માં દાખલ કરવામાં આવ્યા હોય તો તેમને એમની બીમારીમાંથી સાજા થવામાં લાંબો વખત લાગે છે. ઓછું ઊંઘનારા લોકોને ગંભીર ન્યુમોનિયાની તકલીફ પણ વધારે થાય છે. જે દર્દીઓ રાત્રે પૂરતી ઊંઘ મેળવે છે તેમની અંદર રાતની ઊંઘ દરમિયાન બીમારીમાંથી સાજા થવાની

(જુઓ પાન નં. ૧૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગામડું બોલે છે

**ગ્રામનિવાસના સાત દિવસ**

ગામડું શબ્દ સાંભળીએ એટલે જૂનાં માટીનાં મકાન, રસ્તા પરની ઊડતી ધૂળની ડમરીઓ અને દૂરદૂરથી આવતાં ભેંસો-ગાયોનાં ધણ નજર સામે આવે. ગાયો-ભેંસોના ગળે બાંધેલ ઘંટડીઓ સુંદર રણકતી હોય. દુહા-ગીતો ગાતો ભરવાડ પાછળ આવતો હોય અને ઘરે એની ભરવાડણ એની રાહ જોઈને ઘરના ઉંબરે ઊભી હોય. દૂર દૂર ઝાલરનો અવાજ સંભળાતો હોય, કૂવેથી પાણી ભરીને આવતી પનિહારીઓ દેખાતી હોય અને ગામને ચોરે-ગામને રસ્તે બાળકો રમતાં હોય.

ઘરમાં આવતાં જ લીંપણથી ભરેલી ઓસરી, લીંપણની દીવાલ પર ભાત પાડેલી હોય, લીંપણથી તૈયાર કરેલું ઘર આપણને ગમી જાય અને મનને શાંતિ આપે. હવે ગામડાઓમાં કદાચ સમૃદ્ધિના નામે કંઈ ન હોય પણ સંસ્કાર સ્વરૂપે ઘણું બધું જોવા મળે. ખુમારી અહીંના લોહીમાં વર્તાય. આવાં ત્રણેક ગામમાં સાત દિવસ રહેવાનું બન્યું. ગ્રામનિવાસનું આયોજન વિશ્વગ્રામ ટ્રસ્ટ દ્વારા થયું હતું. એક ગામ એટલે નિરોણા અને બીજું ગામ એટલે કે ખેંગારપર. નિરોણામાં લગભગ આશરે દસ હજારની વસ્તી હશે. નિરોણા નખત્રાણા તાલુકામાં આવે અને ખેંગારપર ભુજ તાલુકામાં.

આ બંને ગામોમાં નિરોણા ગામની તાસીર સાવ જ જુદી. અહીંયાં હિંદુ-મુસ્લિમનો ભાઈચારો આંખે ઊડીને વળગે એવો. લોકોમાં ખૂબ પ્રેમ, લાગણી, સદ્‌ભાવના દેખાય. અહીંના લોકોમાં પોતાની કળા પ્રત્યે પણ ખૂબ આદરભાવ છે. ૫૦૦-૬૦૦ વર્ષથી આ કલાને વફાદાર રહીને તેઓ તેને સાચવીને જીવી રહ્યા છે. ઘણી મુશ્કેલીઓ હોવા છતાં કલાને વળગીને એની ઉપાસના કરી રહ્યા છે. આ ગામમાં રોગનઆર્ટ, વુડનઆર્ટ, વણાટકામ, લેધરઆર્ટ, બેલ આર્ટ વગેરે મુખ્ય છે. અહીંયાં સાડી પણ સરસ મજાની વણવામાં આવે છે. એમાં ઝીણું ઝીણું નકશી કામ હોય, વણાટકામમાં બનેલી સાડી કે શાલમાં એક-એક નાના તારથી બનાવવામાં આવતી ડિઝાઈન આપણને નવાઈ પમાડે એવી હોય.

અમે પૂછ્યું કે આ સાડી બનાવતાં કેટલો સમય થાય ? તો જવાબ મળ્યો કે સાડી બનાવતાં મને એક વર્ષ લાગ્યું અને આ સાડી હું એકલો જ બનાવી શકું છું. બીજું કોઈ આ સાડી બનાવતું નથી કે તે કોઈને આવડતી પણ નથી. તેમની સાડી હોય કે શાલ હોય દરેક વણાટમાં બનેલી ડિઝાઈનમાં એમનો એક લોગો હોય છે જેનાથી ઓળખાય કે આ સાડી એમની જ છે ને ગ્રાહક છેતરાય નહીં. કોઈ ચિત્ર દોરવું સહેલું પણ વણાટકામમાં એક એક તાર મૂકીને એમાં ચિત્ર ઉપસાવવું ખૂબ જ અઘરું હોય છે. ગામમાં ઘણા લોકોને એવોર્ડ મળ્યા છે. પદ્મશ્રી પણ મળેલ છે. પણ આ ભાઈને હજુ સુધી કોઈ એવોર્ડ મળ્યો નથી. એમની આ વેદના પણ હતી, એક બહેને જ્યારે આ સાડી માંગી ત્યારે એ ભાઈએ ના પાડેલી. સાડીની ત્રણ લાખની કિંમત મળતી હોવા છતાં પણ ના વેચવાનું કારણ પૂછ્યું તો કહ્યું કે જો હું વેચી દઉં તો મારો એક વર્ષનો સમય બીજો જાય અને રાષ્ટ્રીય લેવલે સાડી મોકલી ના શકાય.

રોગનઆર્ટમાં એક ભાઈને પદ્મશ્રી પણ મળેલો છે. અને એક ભાઈનું બનાવેલ ઝાડની આકૃતિવાળું આર્ટ આપણા વડાપ્રધાને વિદેશના નેતાઓને ભેટ આપીને એક ઓળખ પણ ઊભી કરી છે. એવું કહેવાય છે કે એમાં દીવેલને ગરમ કરીને પેસ્ટ બનાવીને કુદરતી કલર અંદર નાખીને હાથ વડે ધીમે ધીમે એ બનતી હોય છે. આમાં કોઈ આધુનિક ઉપકરણ વપરાતું નથી. અહીં દરેક કારીગરને પોતાની કળાએ એક વિશિષ્ટ ઇજ્જત, માન-સન્માન અને ઓળખ અપાવી છે.

ખેંગારપરમાં મોટાભાગે એક જ કોમની વસ્તી છે. ૩૦૦ની આસપાસ ઘર હશે. ગામ સમૃદ્ધ લાગ્યું. મુખ્ય ધંધો ગાય ભેંસોનો વેપાર અને ખેતીનો છે. કેટલાક મિત્રો ડ્રાઇવિંગ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. અહીંના લોકોની સુખાકારી માટે સરપંચ જાગૃત હોય એવું લાગ્યું. અહીંના ગામમાં ગૌશાળા છે જેમાં ગામના લોકોની જ ગાયો હોય અને તેનો ખર્ચો ગામના લોકો સામૂહિક રીતે ઉપાડે છે. પંચાયતમાં વધારે ફંડ ન હોવા છતાં પણ કેટલાંક કામ માટે લોકોની મદદ મળી રહે છે. ગ્રામપંચાયતની આવકમાં ગામલોકોનો ફાળો મુખ્ય હોય છે, જેનો ઉપયોગ ગામની સુખાકારી માટે વપરાય છે. અહીંયાં કોઈ સારા પ્રસંગે ધર્માદું કરવાનો રિવાજ છે. ૫૦૦થી માંડીને ૫૦,૦૦૦ સુધીનું દાન લોકો ગામની વિકાસ સમિતિમાં આપતા હોય છે.






વડલા નીચે ઓટલો, એ વડીલોની પરિષદ માટેની જગ્યા છે. ત્યાં એમની સંસદ ભરાય છે ને વડીલો ત્યાં બેસીને વાતો કરે. ખેંગારપરમાં સફાઈ માટે સરપંચે અમુક અમુક અંતરે દીવાલ પર ખીલી મારીને કચરાપેટી લગાવેલી છે જેથી કચરો નાખી શકાય. ઓટલે બેઠેલા વડીલો સાથે વાત થઈ, એક વડીલે અમને સરસ મજાનાં ભજન અને દોહા સંભળાવ્યાં, પોતાના અનુભવો જણાવ્યા અને ગામ વિશે તથા ગામના રીતરિવાજો વિશે વાત કરી. ચૂંટણી સમરસ થાય છે. આપણી પાસે વ્યક્તિ કંઈ માંગે ત્યારે આપણે આપતા અચકાતા હોઈએ છીએ, પણ અમારામાંના મિત્રએ એક વડીલ પાસે થોડીક વાર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

માટે સવારી કરવા ઘોડી માંગી અને એ વડીલે એમના પોતાના નાના ભાઈને આપતા હોય એટલા વિશ્વાસથી તે આપી એ વાત અમને સ્પર્શી ગઈ. આટલો વિશ્વાસ તો કોઈ નજીકની વ્યક્તિ જ મૂકી શકે ! આ છે ગામડાની તસવીર.

નિરોણા ગામમાં જે ભાઈચારો છે તે ઘણાં વર્ષોથી છે. તેની પાછળ બે વ્યક્તિઓ છે. ગુરુ – નોધિન શાહ અને ચેલા એટલે કુલપીર દાદા. બંને અલગ અલગ ધર્મના હોવા છતાં પણ એ બંને ગુરુચેલામાં ખૂબ જ પ્રેમ અને આદર સન્માન હતાં. ગુરુ નોધિનશાહે જ્યારે શરીરનો ત્યાગ કર્યો ત્યારે એમના ચેલાએ પણ સમાધિ લઈ લીધી તેવી લોકવાયકા છે. આ બંને ઓલિયા પુરુષને લીધે તેમના ગામમાં હજુ પણ બે ધર્મના લોકોમાં પ્રેમભાવ જળવાઈ રહ્યો છે. જ્યારે કોઈ ધાર્મિક પ્રસંગ હોય ત્યારે બંને ધર્મના લોકો સાથે બેસીને પ્રસાદી લે છે, જમે છે, ત્યાં કોઈ ઊંચનીચ જોતું નથી. રસ્તા પર પહેલાં કુલપીર દાદાની સમાધિ આવે ને આગળ જઈએ ત્યાં નોધિનશાહની સમાધિ આવે. આ બંનેના પ્રેમભાવને ઉજાગર કરતી બે ધજા, એક લીલી અને એક ભગવી એક જ પીલર પર લહેરાઈ રહી છે. આ ભાઈચારો કે આ માનવતા અમને એક બીજા ગામમાં પણ જોવા મળી એ ગામનું નામ બરડો.

અમે એક બપોરે રણ જોવા માટે નીકળ્યા. ત્યાં મુખ્ય રણ જોવાનું, પછી રાત્રે ભોજન અને આકાશદર્શનની વ્યવસ્થા કરેલી. રણ તો ખાસ જોઈ ન શક્યા, ત્યાં જવાય એવું નહોતું એટલે જે સમય બચ્યો એમાં અમે લોકોએ બરડો ગામના લોકોને મળવાનું નક્કી કર્યું. જેને જ્યાં અનુકૂળ હોય, જે ઘર કે ઝૂંપડાં દેખાય ત્યાં જવાનું અને પોતાની રીતે લોકોનો સંપર્ક કરવાનો, એવું આયોજન હતું. અહીં આ ગામમાં આવતાં જ અમે ખરેખર ગામડામાં આવ્યાં હોઈએ એવું લાગ્યું. ચારે બાજુ લીંપણથી તૈયાર કરેલાં કાચાં મકાનો ઉપર ઘાસ નાખીને તૈયાર કરેલા કુબા અને શંકુ આકાર જેવી એની છત.

મુસ્લિમ પ્રજા એટલે અમને એમ કે ટોપી પહેરેલા ભાઈઓ હશે. બુર્ખાઓ પહેરેલી બહેનો હશે, પણ અમને એવું કશું જોવા ના મળ્યું. ૮૦૦ આસપાસની વસ્તી, દરેક પાસે ભેંસો હતી અને પીવા માટે બાજુના એક વિસ્તારમાં એક ખુલ્લા મેદાનમાં આવેલું તળાવથી નાનું એવું સ્થળ. લોકોએ ત્યાં ખાડા કરેલા હોય અને ખાડામાંથી પાણી ઉપર આવે એ પાણી પીવાનું હોય. એને જરા કહેવાય, અને વરસાદી પાણી ત્યાં ભરાય ને લોકો એ પાણીનો ઉપયોગ કરે.

ગાય-ભેંસ સંખ્યામાં વધારે હોય એટલે દરેક ગાય કે ભેંસના ગળામાં એક ઘંટડી બાંધેલી હોય. એ ઘંટડી નાની મોટી સાઈઝમાં હોય તેમજ દરેકનો અવાજ જુદો હોય, તેના કારણે ગાય કે ભેંસ ઓળખી શકાય. ભેંસોની ઓળખ માટે બીજું એક વેદનાભર્યું કામ એવું કરતા હોય છે કે લોખંડના સળિયાથી માલિકનું નામ બનાવે અને દરેક ભેંસો ને ડામ આપે. ભેંસના શરીરે માલિકનું નામ છપાઈ જાય. આમ વિચારીએ તો આપણને દુઃખ લાગે આવું આ કામ છે. આવો ગરમ ડામ શી રીતે સહન થાય ? પણ મૂંગાં પશુઓને તો સહન કર્યા વગર છૂટકો નહીં.

દીકરીના લગ્ન વખતે મા પોતાના હાથે તૈયાર કરેલી ભરત ભરેલી ગોદડીઓ દહેજમાં આપે. અહીંયાં રિવાજ ગણો કે સમજણ, દીકરીને ૨૬-૨૭ વર્ષ સુધી કુંવારી રાખે, છોકરો સારો મળે ત્યારે લગ્ન કરે, સગાં ભાઈ-બહેન સિવાય ગમે ત્યાં લગન કરે. એક માજીએ તૈયાર કરેલી ગોદડીઓ અમે જોઈ. સુંદર મજાનું ભરત ભરેલું. એમણે કહેલું કે અમે અમારી દીકરીને આઠ ગોદડી આપીશું.

ઘર એટલે ચાર માટીની લીંપેલી દીવાલો હોય અને ઉપર લાકડાના ખપાટ (વાંસની પટ્ટીઓ) ગોઠવી નળિયાં મૂકેલાં હોય અને ક્યાંક ઘાસ પાથરીને શંકુ આકારનો કુબો બનાવેલો હોય. તેમની મિલકત આટલી. તમે નજર ફેરવો તો તમને કંઈ ઝાઝું દેખાય નહીં. કોઈ એવી વસ્તુ નહીં કે જે એવી બીક ઉત્પન્ન કરે કે ચોરાઈ જશે. મોટાભાગે અહીંયાં બહેનો હાજર હતી. બહેનો બધી કચ્છી જાણે. પણ અમારી સાથે બે ચાર મિત્રો કચ્છી ભાષા જાણનારા હતા એટલે અમે સમજી શકતા હતા કે એ શું કહેવા માંગે છે. એક માજી સાથે ફોટો પડાવવાની વાત કરી તો એમણે ના પાડી કે મારા ઘરવાળાનો સ્વર્ગવાસ થઈ ગયેલ છે એટલે ફોટો નહિ પડાવું. લોકો વાતો કરશે. મુસ્લિમ હોવા છતાં એક બહેનનું નામ લક્ષ્મી મળ્યું. રાણી લક્ષ્મીબાઈના નામ પરથી છે, એવું જાણવા મળ્યું.

ત્યાં દરેક જણનાં વસ્ત્રો સરસ મજાના ભરતકામથી સુશોભિત હોય, એ પછી બેનની સાડી હોય, ચણિયો હોય, બ્લાઉઝ હોય કે પછી છોકરાએ પહેરેલી બંડી હોય; દરેક ઉપર નાનું મોટું ભરતકામ જોવા મળે. અહીં એવું સાંભળવા મળેલું કે છોકરાઓમાં વ્યસન બહુ છે. એટલે હવે ગામડાગામમાં આ દૂષણ ચિંતા કરાવે એવું છે. અમને ક્યાંય ટીવી કે ફ્રીજ જોવા ના મળ્યું પણ ફોન ઘેર ઘેર છે એટલે એમને જે જરૂર હોય એ ફોનમાંથી જોઈ સમય પસાર કરતા હોય છે. પુસ્તકો તો બિલકુલ કોઈ જગ્યાએ ન હતાં. પણ ખાનદાની હતી, ખુમારી હતી, ને આનંદથી જીવવાની સમજણ હતી.

મોટી ભૌતિક વસ્તુઓ છોડી આવો, ગામડું બોલે છે
તમને હસતાં સ્વીકારીશું, આવો, ગામડું બોલે છે.

નથી કોઈ અમને ચિંતા, નથી કોઈ શંકા,
છે આજની વસ્તુ પર અમને ભરોસો, અમે તો
આજનું આજે કરી જવાના, આવો, ગામડું બોલે છે.

હશે કોઈ મતભેદ તો ભેગાં મળી એને દૂર કરીશું
અમારે ભેગું કરીને ક્યાં જવાનું, અહીં જ વાપરી દેવાનું,
ગામડું બોલે છે.

આ ધૂળિયે માર્ગે ચાલ્યા જવાનું, અમને છે ક્યાં ઉતાવળ,
સવારે હોય ખેતર ભણી, સાંજે આવીએ ઘેર.
શાંતિથી બટકું રોટલો ખાઈએ, ગામડું બોલે છે.

આવાં ગામડાઓમાં જ સાચું ભારત વસે છે. અને એનો આનંદ છે કે અમે આવાં ગામડામાં થોડા દિવસ પસાર કરી શક્યા. બીજું કે ક્યારે આવો મોકો મળશે એની આતુરતાપૂર્વક રાહ જોઈને બેઠા છીએ. ભગવાન કરે આ મોકો ફરીથી જરૂર આવે.

**– પ્રવીણ સુથાર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## દેશમાં જાગતિક વ્યવસ્થાનો પડઘો

ટૂંકા ગાળામાં દેશમાં આંચકાજનક ત્રણ ઘટનાઓ બની. રાયબરેલીમાં હરિઓમ વાલ્મીકિની ટોળા દ્વારા જાહેરમાં હત્યા થઈ. ભારતના મુખ્ય ન્યાયાધીશ ગવઈ પર એક વકીલ દ્વારા ભરી અદાલતમાં જૂતું ફેંકવાનો બનાવ બન્યો. ત્રીજો બનાવ આઈપીએસ અધિકારી પૂરણકુમારની આત્મહત્યાનો છે. આ ત્રણ બનાવોને જોડતી કોઈ સાંકળ નથી. ત્રણેય ઘટનાઓ અલગ અલગ છે. ત્રણેય ઘટનાઓને જોડતી કોઈ સાંકળ હોય તો તે એ છે કે આ ત્રણેય પીડિતો દલિત છે. પરંતુ ત્રણેય દલિત હોવાથી તેને જાતિ આધારિત અત્યાચારની કક્ષામાં મૂકી શકાય નહીં. અખબારી સમાચાર પ્રમાણે હરિઓમ દલિત હોવાને કારણે તેની હત્યા થયેલ નથી. તે ચોર હોવાની શંકાના આધારે તેને પુછાયેલ પ્રશ્નોના સંતોષકારક જવાબ ન આપી શકવાને કારણે તેની હત્યા થઈ હતી. જસ્ટીસ ગવઈની બાબતમાં તેમણે સનાતન ધર્મનું અપમાન કરેલ હોવાનો આક્ષેપ કરી વકીલે તેમના તરફ જોડો ફેંકેલ હતો. પૂરણકુમારે તેમની આત્મહત્યાની નોંધમાં મૂકેલ લખાણ મુજબ તેમને અંદરોઅંદરની દુશ્મનાવટના કારણે કંટાળીને તેમણે જીવનનો અંત આણ્યો હતો. તેમાં માત્ર જાતિ આધારિત હેરાનગતિ એકમાત્ર કારણ ન હતું.

પરંતુ આ ઘટનાક્રમ અંગે અલગ દષ્ટિકોણથી વિચારીએ અને આપણી જાતને પ્રશ્ન પૂછીએ કે જો આ ત્રણે પીડિતો દલિત ન હોત તો શું તેમની સાથે જે બન્યું તે ખરેખર તેમની સાથે બન્યું હોત ખરું ? દા.ત. રાયબરેલીમાં હરિઓમ પર ટોળાને તે ચોર હોવાની શંકા હતી તેણે પોતે ટોળા સમક્ષ ઠાકુર હોવાનું જાહેર કર્યું હોત તો કદાચ તેને મારપીટ થઈ હોત પણ મૃત્યુના મુખમાંથી તો ચોક્કસ બચાવી લેવાયો હોત. જો તે દલિત ન હોત તો પોલીસ તપાસમાં વિલંબ થયો હોત ? હરિઓમને મોતને ઘાટ તે ચોર હોવાની શંકાને કારણે નહિ તે દિવ્યાંગ હોવાને કારણે નહીં, પરંતુ તે દલિત હોવાને કારણે ઉતારવામાં આવ્યો છે.

જસ્ટીસ ગવઈ સાથે બનેલ બનાવ વિશે વાત કરીએ, તો કોઈ પણ અદાલતમાં કોઈ પણ વ્યક્તિ દ્વારા જજ સામે આ રીતે જૂતું ફેંકવાની હિંમત ન થઈ શકે. આ બનાવમાં સામાજિક દષ્ટિએ ન્યાયાધીશ નીચી જાતિના હોવાની બાબત કેન્દ્રસ્થાને છે. આ ઘટના પાછળ આજકાલ સામાન્ય બની રહેલ નફરતી વાતાવરણ જવાબદાર છે. જો જસ્ટીસ ગવઈના બદલે અન્ય કોઈ ન્યાયાધીશ હોત અને હુમલાખોર મુસ્લિમ હોત, તો આજકાલ કેટલાક ટી.વી. ચેનલોમાં હુમલાખોરના દષ્ટિકોણને જે રીતે ઉજાગર કરવામાં આવી રહ્યો છે તેવું બન્યું હોત ખરું ? જસ્ટીસ ગવઈ દેશના ન્યાયતંત્રના સર્વોચ્ચ સ્થાને બેઠેલા હોવા છતાં, તેમનો સામાજિક દરજ્જો જાતિની દષ્ટિએ નીચો હોવાનું ગણીને હુમલો થયો હોવાનું માની શકાય.

પૂરણકુમારના કિસ્સામાં વિચારીએ કે જો તેઓ દલિતને બદલે 'ઊંચી જાતિ'ના હોત તો તેમને આટલી બધી પરેશાની ભોગવવી પડી હોત ? તેમણે પોતાની નોંધમાં તેઓ નીચી જાતિના હોવાને કારણે તેમને એકલા પાડી દેવાયેલા હોવાનું જણાવેલ છે. કેટલાક પત્રકારોએ જણાવ્યું છે કે જાતિવિહીન વહીવટીતંત્ર માત્ર એક કલ્પના છે. શું આવી ઘટનાઓથી ડૉ. આંબેડકરનું જાતિ-નિર્મૂલનનું સ્વપ્ન સાકાર થશે ખરું ? કોઈએ સાચું જ કહ્યું છે કે 'જાતિ તો વો ચીઝ હૈ જો જાતી હી નહીં.'

**– અશ્વિનકુમાર કારીઆ**

(માહિતી સૌજન્ય : યોગેન્દ્ર યાદવનો ૧૪ ઑક્ટોબર, ૨૦૨૫નો ઇંડિયન એક્સપ્રેસનો લેખ)

## નિરાશા ત્યજીને વિકલાંગો...

(પાન ૧૭નું ચાલુ)

જાય છે. પોતાની વિકલાંગતાની સાથોસાથ પોતાનામાં રહેલી ખૂબીઓ તરફ પણ દષ્ટિ કરવી જોઈએ. તેઓએ પોતપોતાના મનપસંદ ક્ષેત્રમાં પોતાની આ ખૂબીઓનો ઉપયોગ કરીને સફળતા મેળવવા પ્રયાસ કરવા જોઈએ, માર્ગદર્શન જરૂરી જણાય તો નિષ્ણાત લોકો પાસે જતાં પણ અચકાવું જોઈએ નહિ, મદદ માટે જરૂર જણાય તો વિકલાંગ સંસ્થાઓ, સ્વૈચ્છિક-સામાજિક સંસ્થાઓ તેમજ વહીવટી-તંત્ર પાસે જતાં અટકવું જોઈએ નહિ, નિષ્ફળતા મળે તો પણ નિરાશ થઈને પ્રયાસ છોડવા જોઈએ નહીં.

આમ, વિકલાંગોએ હકારાત્મક અભિગમ અપનાવી, સારું શિક્ષણ મેળવી, સરકારી યોજનાઓના લાભો મેળવવા પ્રયાસો કરવા જોઈએ. વિકલાંગોએ નોકરી કે રોજગાર જે પણ કંઈ મળે તેને યોગ્યપણે કરવા સંનિષ્ઠ પ્રયાસો કરી પોતાના વિકાસ માટે સદંતર પ્રયત્નો કરતા રહેવા જોઈએ.

મો.: ૯૭૧૨૪૫૭૫૫૯ **– મનોજ જે. પટેલ**


### યજ્ઞ પ્રકાશનનાં તાજેતરનાં પુનઃમુદ્રિત પુસ્તકો



**'હિંદ સ્વરાજ' : એક અધ્યયન**
**ગાંધીને પામવાનો પ્રયાસ**

– કાન્તિ શાહ

પૃ. ૨૯૪ કિં.રૂ. ૧૫૦ (રાહત દરે)

યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર કાર્યાલય, હિંગલાજ માતાની વાડીમાં, હુજરાતપાગા, વડોદરા-૩૯૦૦૦૧

અહિંસક સમાજરચનાની બ્લ્યુ પ્રિન્ટ સમા પુસ્તક પરનું બૃહદ ભાષ્ય...



**Gandhi's 'Hind Swaraj'**

A Fresh Look

- Kanti Shah

P. 278 Rs. 200




**મહાગુહામાં પ્રવેશ**

– વિનોબા

સંકલન/અનુવાદ : ઉષાબહેન વોરા

પૃષ્ઠ : ૨૩૨, કિં.રૂ. : ૧૫૦

(વિનોબાજીના ધ્યાન-અધ્યાત્મ વિશેના વિચારો)




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સાહિત્ય સંપર્ક

ગાંધીવિચારધારાના વિચારક-ચિંતક પ્રકાશ ન૰ શાહ એમની વિશિષ્ટ પોતીકી ભાષાભિવ્યક્તિથી, ક્યારેક નિબંધની સીમને સ્પર્શતા વિચારનિષ્ઠ લેખોથી સુખ્યાત-સુપરિચિત છે. એમની સાથે નાતો બંધાયાને અડધી સદી થવા આવી. ઇન્દિરા દીધા કટોકટીકાળમાં ભલે વિચારધારાથી પૃથક્ પણ લોકશાહીની ચિંતામાં એકમત થયેલા સહુમાં અમે પણ હતા. પછી તો એમનાં વાત-વિચાર અને ભાષાભિવ્યક્તિ એમના પ્રત્યેના ખેંચાણનું એક લોભામણું કારણ બની રહ્યું – આજ સુધી. સ્થૂળ અર્થમાં આજે તો અદ્વિતીય એવા એમના પ્રકાશન 'તવારીખની તેજછાયા'માં 'સરજાતા ઇતિહાસમાં રહી પાછળ નજર કરતાં જવું, કંઈક નોળવેલની આરત, કંઈક દોષદુરસ્તીની.... પાછળ નજર આગળ જવા માટે.' એવા ખ્યાલે 'દિવ્ય-ભાસ્કર'માં જે કૉલમ ચલાવી એ લેખોનું સંકલન છે. એનો યશ અને આભાર ઉર્વીશ કોઠારીનો. આમાં 'એક વિચારસંપ્રદાય' એમનો મહત્ત્વનો મુદ્દો રાહ્યો છે. કંઈક વિચારવું એ આ સઘળા લેખોની નાંદી છે. વળી આગળ વધીને એ સાંપ્રદાયિકતાને નાણીને એના વરવા રૂપને ઉઘાડે છે અને બિનસાંપ્રદાયિકતાને ભારતીય જીવનની આવશ્યક બાજુ ઠેરવે છે. સર્વ પ્રત્યેના સમભાવના લયને સાચવવામાં રાષ્ટ્રનું શ્રેય જુએ છે.

પ્રકાશભાઈનો વિચારઝોક બિનસાંપ્રદાયિકતાનો રહ્યો છે અને ગાંધી, નહેરુ ને સરદારની વિચારધારાથી પ્રભાવિત રહ્યો છે. એનાં તેજ અને છાયા આ લેખોમાં પથરાયેલાં છે. તે સાથે એમનો વિચાર ગૂંથાય છે. ને એ 'વિચાર'ને પામવા જે મથામણ કરે છે તેમાં એકાધિક સંદર્ભો આવે છે. એ છે એમનું વિદ્યાતેજ. ઇતિહાસની તવારીખ એમને હૃદયસ્થ છે. એ ઉભય પક્ષને પામીને નાણવાનો પ્રયત્ન કરે છે તેનાં પ્રમાણો પણ આ સંકલનમાં મળે છે. વાયકોમ આંદોલનની જિકર કરતા તેઓ કહે છે, 'કેરળ-તામિલનાડુ સરકારો સામાજિક ન્યાયલક્ષી નવજાગરણ અને સુધાર ચળવળને ધોરણે એકત્ર આવવાની કોશિશમાં હોય એ એક અવનવી ચેષ્ટા જરૂર છે.' (પૃ.૬)

અઢારસો સત્તાવનની વાત કરતી વેળા પ્રકાશભાઈ સહજ અને સાદર સાવરકરને યાદ કરે છે. એમણે નોંધ્યું છે કે '૧૮૫૭ને યાદ કરીએ એટલે એક રીતે પહેલું જ નામ સામે આવે તે વિનાયક દામોદર સાવરકરનું.' (પૃ. ૨૦) આ જ સાવરકરની હિંદુત્વની વિચારધારા એમને સંતોષે છે. અને તેમાં એમને સાવરકરનો મૂળ 'સ્પિરિટ ગાયબ' થયો લાગ્યો છે. એમને 'પૂર્વ અને ઉત્તર સાવરકર વચ્ચે વિસંવાદ' ઊપસતો જણાય છે.

પંચોતેર વર્ષ મ્યુઝિયમમાં રહેલા સેંગોલ વિષે વાત કરતાં પ્રકાશભાઈને 'નહેરુને આપણી સંસ્કૃતિ સામે આટલી 'નાઝ' શા સારુ' એવો નિર્દેશ કરીને રાષ્ટ્રનો કોઈ સીધો 'રાજગાદીએ આવતા વારસનો અહીં કોઈ સવાલ નહોતો.' (પૃ.૩૩) એવું નોંધે છે ત્યારે એમનું બંને પાસાં વિચારનારું વલણ પરખાય છે. એમાં ઢંકાયેલ છે શાસનની ટીકા. ૨૦૧૪થી આરંભાયેલ શાસનની કોઈ પણ મુદ્દે ટીકા એમનું વલણ છે. પરંતુ એ કોઈ પણ મુદ્દાને સ્પર્શે છે ત્યારે ઇતિહાસ કે સમાજનો સંદર્ભ અવશ્ય જોડે છે. એને જે બરાબર પામે તેને માત્ર શાસનવિરોધનો સૂર ન સંભળાય પણ તવારીખ-ન્યાયનો સૂર સમજાય. આજના શાસનનો 'નામપલટા'નો વ્યાયામ એ ઇતિહાસ સાથે ચેડાં કરવા સરખો પ્રકાશભાઈને લાગ્યો છે. આજના પ્રવાહ સામેના એમના આ સૂરમાં આપણે શું સાંભળીશું ? સહુને સહુની મતિ.

પ્રકાશભાઈની આ વિચારસેરમાં ઘણું બધું એકે થયું છે. અહીં રાજપુરુષો – ગાંધી, નહેરુ, સરદાર, સાવરકર, આંબેડકર, જયપ્રકાશ નારાયણ, લોહિયા, મધુ દંડવતેના સ્મરણ નિમિત્તે ચિંતા ને ચિંતન તો રાષ્ટ્ર-રાજ્ય ને સમાજનું જ થયું છે. વિમલાતાઈ ઠકારની વાત હોય કે ગુજરાતી સાહિત્યના સર્જકો – મેઘાણી, સુખલાલજી, ઉમાશંકર, શ્રીધરાણી, ધીરુબહેન, નારાયણ દેસાઈ, શિક્ષણવિદ્ કુંજવિહારી મહેતા ઇત્યાદિનું ભાવસભર અને વિચારમુદ્દે સ્મરણ છે. ગૂજરાત વિદ્યાપીઠ ને યુનિવર્સિટી વિષેની નોંધ મળે તે પણ વિચારમુદ્દે જ. 'હિંદ સ્વરાજ્ય'નું સ્મરણ એક મૂલ્ય રૂપે પ્રકાશભાઈ કરે છે. ઇલાબહેન ભટ્ટ, સુકુમાર પરીખ ને અચ્યુત યાજ્ઞિક સમાજ સંદર્ભે એમની સ્મૃતિમાં સચવાયેલાં છે. આર્યસમાજ નિમિત્તે દયાનંદ સરસ્વતી એમની સ્મૃતિમંજૂષાની બહાર નથી. છેલ્લાં દસ વર્ષના શાસનના મુદ્દાઓનું એમનું વિશ્લેષણ આજે નહીં પણ આવતીકાલનો ચેતકસંદેશ છે. આ સર્વ લેખો રાષ્ટ્ર, રાજ્ય, સમાજ, સંસ્કૃતિ ને શિક્ષણસાહિત્ય વિષેની પ્રકાશીય નુકતેચીની છે. આ પ્રકારના વિચારલેખોની અછત વચ્ચે પ્રકાશ ન૰ શાહના આ પ્રકાશનને આવકારતાં, એમણે કરવા ધારેલાં અન્ય પ્રકાશનો ગુજરાતને સુલભ થાય એવી અપેક્ષા.

(સાભાર – કુમાર) **– પ્રફુલ્લ રાવલ**

## યજ્ઞ પ્રકાશનનું તાજેતરનું પુનઃમુદ્રિત પુસ્તક




**ભારતીય સંસ્કૃતિ**

– વિનોબા

પૃ. ૬૪ કિં.રૂ. : ૫૦


ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં૰ મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.





YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# સડી ગયેલાં મૂળ

**લગ્ન**નો દિવસ જેમ જેમ નજીક આવતો હતો એમ દ્વિતીની મૂંઝવણ વધતી જતી હતી.

'શું કરું? મમ્મીને કહી દઉં? બે દિવસ પછી તો બહારગામથી મહેમાનો આવવા માંડશે. પછી એકાંત મળવું મુશ્કેલ. આજે તો કોઈ પણ હિસાબે વાત કરવી જ પડશે.' રમા કરિયાવર તૈયાર કરી રહી હતી એ રૂમમાં જઈને દ્વિતીએ બારણું બંધ કર્યું.

''અરે, બારણું શા માટે બંધ કરે છે? હમણાં મહારાજ રસોઈ માટે પૂછવા આવશે.''

''મમ્મી, બધું કામ બાજુએ મૂકીને શાંતિથી મારી વાત સાંભળ. કેટલાય દિવસથી તને કહેવું હતું પણ...'' રમા હસી પડી. ''સાસરે જતી દરેક દીકરીને આવું થાય જ. ચાલ, કહી દે, તારે શું કહેવું છે?''

''આમ હસવામાં કાઢવા જેવી વાત નથી મમ્મી, વાત ઘણી ગંભીર છે. તેં અને પપ્પાએ હંમેશા જિંદગીના નિર્ણયો લેવાની બાબતમાં મને સ્વતંત્રતા આપી છે. મારે જે ભણવું હોય, જેટલું ભણવું હોય એમાં તમે દખલગીરી નથી કરી પણ છેલ્લા થોડા વખતથી પપ્પા મને વારંવાર કહ્યા કરતા હતા કે, હવે તું પરણી જાય એટલે મારા માથેથી જવાબદારી ઓછી થાય.''

''કોણે, નંદને આવું કહ્યું? મને તો નવાઈ લાગે છે!''

''નવાઈ તો મને પણ ઘણી લાગતી હતી પણ જ્યારે એમની ઉતાવળનું કારણ જાણવા મળ્યું ત્યારે સખત આઘાત લાગ્યો. હવે હું જે કહેવાની છું એ સાંભળવા માટે તારે મન મજબૂત કરવું પડશે.''

નંદનની ઑફિસમાં કામ કરતી નિશા સાથે દ્વિતીએ એને ત્રણથી ચાર વાર જોયો હતો. એક વાર તો દ્વિતી બહેનપણીઓ સાથે હોટેલમાં ગઈ હતી ત્યારે એ બંને હોટેલના ફેમિલી રૂમમાંથી બહાર નીકળ્યાં હતાં. એ બંને એકમેકમાં એવાં મશગુલ હતાં કે, એમનું આજુબાજુમાં ધ્યાન જ નહોતું.

''શું વાત કરે છે દ્વિતી? તારે બદલે બીજા કોઈએ આવી વાત કરી હોત તો મારો હાથ ઊપડી જાત. પપ્પા માટે આવું વિચારે છે? અને એ પણ અમારાં લગ્નને બાવીસ વર્ષ થયાં પછી?''

''આ મારો વિચાર નથી મમ્મી, હકીકત છે. તને આ વાત કરતાં પહેલાં મારે કેટલી યાતનામાંથી પસાર થવું પડ્યું હશે એ તું નહીં સમજે તો બીજું કોણ સમજશે? મેં મારી રીતે બધી તપાસ કરીને જાણી લીધું છે કે, આ આજ-કાલનું નથી, બેએક વર્ષથી ચાલે છે.''

આ આઘાત જીરવવો ખૂબ કપરો હતો પણ સમય બહુ ઓછો હતો અને મા-દીકરીએ મળીને અગત્યના નિર્ણયો અત્યારે જ લેવા પડે એમ હતું. ''મને લાગે છે મમ્મી કે, મારી વિદાય પછી પપ્પા તને બધી વાત કરશે જ. એ વખતે તું રડી કકળીને એમને બાંધી ન રાખીશ. નિર્જીવ થઈ ગયેલા સંબંધને આંસુથી સજીવન કરવાનો વ્યર્થ પ્રયત્ન કરવાને બદલે તું ખુમારીથી સંજોગોનો સામનો કરે એ મને વધુ ગમે.''

રમાએ વચન આપ્યું. 'મારી ચિંતા કરીશ નહીં બેટા, તું તારા સંસારમાં સુખી રહે એટલું જ ઇચ્છું છું.'

લગ્ન પછીનાં કામકાજ આટોપ્યા પછી રમાએ કહ્યું, ''દ્વિતીના ગયા પછી ઘરમાં સૂનકાર છવાઈ ગયો છે. નંદન, હજી તો તારા રજાના દિવસો બાકી છે ને? ચાલને, ત્રણ-ચાર દિવસ ગામના ઘરે જઈ આવીએ!''

ગામના ઘરના હીંચકા પર બેસીને ચા પીતાં રમાએ કહ્યું, ''તાજા દૂધની ચાનો સ્વાદ જ કંઈક અલગ લાગે નહીં? આપણા લગ્નના બીજા દિવસે આપણને ઊઠતાં મોડું થયું હતું, પણ નીચે આવ્યાં ત્યારે આઈએ આવી જ તાજા દૂધની ચા પ્રેમથી પીવડાવી હતી. યાદ છે?''

''યાદ તો હોય જ ને? એ બધું ભુલાય કેવી રીતે?''

''ખરેખર? તને બધું યાદ છે? મને તો થયું કે, બધું જૂનું નકામું છે એમ કરીને તેં ડિલીટ કરી નાખ્યું હશે. એટલે...''

નંદન ચોંકી ઊઠ્યો. 'આજે રમા કેમ આ રીતે વાત કરી રહી છે?' પણ વળી તરત જ વિચાર્યું, 'એ તો દ્વિતીના જવાથી એકલી પડી ગઈ છે એટલે આવું ઊંધું-ચત્તું બોલ્યા કરે છે. બાકી મારે ગભરાવાની જરૂર નથી.'

ત્યાં તો રમાએ કહ્યું, ''આવ્યાં છીએ તો ચાલ, બેડરૂમનો કબાટ સાફ કરી લઈએ. મને યાદ પણ નથી કે, અહીં તારા ને મારા કયાં કયાં કપડાં મૂકી રાખ્યાં છે?''

નંદન પલંગ પર બેઠો અને એ કબાટ ખોલીને સાફ કરવા લાગી. અચાનક એના હાથમાં લીલા રંગની નવવારી સાડી આવી. સ્નેહપૂર્વક સાડી પર હાથ ફેરવતાં એ બોલી, ''આ સાડી આઈ ખાસ મારે માટે લાવ્યાં હતાં. એમની લાવેલી સાડી મેં પહેલી વાર પહેરી ત્યારે કેટલાં ખુશ થઈ ગયેલાં? સાચે જ નંદન, આઈ-અપ્પાએ મને હંમેશા પોતાની દીકરી જ માની. કદી મને વહુ નહોતી ગણી.''

''એ તો મને ખબર જ છે. એટલે તો પોતાની લાડકી વહુને નામે આ ઘર લખીને ગયાં ને?'' ''એમ તો પોતાનો દીકરો પણ મારે નામે લખ્યો જ હતો ને? પણ લખેલું ક્યાં સદાકાળ ટકે છે, નહીં?''

નંદનને રમાની વાતો સમજાતી નહોતી. બીજે દિવસે સવારમાં રમાએ કહ્યું, ચાલ, દેવઘરમાં બેસીને સાથે પ્રાર્થના કરીએ. સાડીના છેડાથી માથું ઢાંકીને દેવની મૂર્તિ સામે હાથ જોડીને એ બોલી, ''હે પ્રભુ, તમારા આશીર્વાદથી દ્વિતીનાં લગ્ન રંગેચંગે ઊકલી ગયાં. હવે આજથી અમે અલગ અલગ રસ્તે ચાલવાનાં છીએ. અમને પણ તમારા આશીર્વાદ આપો.''

નંદને ઊભા થઈને એનો હાથ પકડી લીધો. ''તું માને છે એવું કંઈ નથી. હવે મેં એ સંબંધ પર પૂર્ણવિરામ મૂકી દીધું છે.'' ''તને મન ફાવે ત્યારે તું સંબંધો પર પૂર્ણવિરામ, અલ્પવિરામ કે પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે એના કરતાં હું જ આપણા સંબંધ પર પૂર્ણવિરામ મૂકી દઉં એ મને વધારે યોગ્ય લાગે છે. હવેથી હું અહીં, આ ઘરમાં જ રહીશ. તારે જ્યાં જવું હોય ત્યાં જવા તું મુક્ત છે.''

નંદન ગાડીમાં બેઠો ત્યાં સુધી એ દરવાજે ઊભી રહી. પાછાં ફરતાં આંગણામાં એ બંનેએ લગ્ન પછી રોપેલા ચંપાના ઝાડ પર એની નજર ગઈ. ઝાડ સાવ કરમાઈ ગયું હતું. એ મનોમન બોલી, 'આનાં તો મૂળ જ સડી ગયાં છે. હવે એ કદી કોળી નહીં શકે.'

(અસ્મિતા હવાલદારની મરાઠી વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦

Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org